SWACHH SURVEKSHAN League 2020

રાજકોટ મહાનગરપાલિકા, ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ.
મુખપત્ર : અંક-૧૮, મે-૨૦૧૯

# વાઈબ્રન્ટ રાજકોટ



‘ જે સમાજ ઈતિહાસ ભૂલી જાય છે. તેનામાં ઈતિહાસ રચવાનું સામર્થ્ય રહેતું નથી. ’

- શ્રી નરેન્દ્રભાઈ મોદી
માન. વડાપ્રધાનશ્રી



## રાજકોટમાં માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે મહાત્મા ગાંધી મ્યુઝિયમ, આઈ-વે પ્રોજેકટ ફેઝ-૨ તથા પ્રધાનમંત્રી આવાસ યોજનાનું લોકાર્પણ



## ‘સ્માર્ટ સિટી’ તરફની વિકાસ યાત્રાને વેગ આપતું રાજકોટ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૧૯-’૨૦નું રૂા.૨૧૨૬.૧૦ કરોડનું બજેટ







## રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે રૈયા ચોક ઓવરબ્રિજ સહિત રૂા.૫૦૪ કરોડના પ્રોજેકટના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત

# સેઈફ સિટી રાજકોટના આઈ-વે પ્રોજેક્ટને એવોર્ડ




રાજકોટ મહાનગરપાલિકાએ રાજકોટ ને સેઈફ અને સિક્યોર સિટી બનાવવા કાર્યરત કરેલા 'રાજકોટ આઇ-વે પ્રોજેક્ટ'ને રાષ્ટ્રીય કક્ષાએ ગૌરવ પ્રાપ્ત થયું છે. સ્માર્ટ સિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા ગ્રુપ દ્વારા સેઇફ સિટી એવોર્ડ ઓફ સ્માર્ટ સિટીઝ ઇન્ડિયા એવોર્ડ્ઝ-૨૦૧૮ માટે રાજકોટના આઇ-વે પ્રોજેક્ટની પસંદગી કરી છે, અને તા.૨૫-૫-૨૦૧૮ના રોજ નવી દિલ્હી ખાતે યોજાયેલ એવોર્ડ અર્પણ સમારોહમાં રાજકોટના માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય અને નાયબ મ્યુનિ. કમિશનરશ્રી ચેતન નંદાણીને સેઇફ સિટી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

## રાજકોટ મહાનગરપાલિકા અને સ્વીસ એજન્સી ફોર ડેવલપમેન્ટ એન્ડ કો-ઓપરેશન દ્વારા

# 'કલાઈમેટ રેઝીલીયન્ટ સિટી એકશન પ્લાન' અંગે વર્કશોપ



રાજકોટ મહાનગરપાલિકાએ સ્વીસ એજન્સી ફોર ડેવલપમેન્ટ એન્ડ કો-ઓપરેશન દ્વારા ફંડેડ 'કેપેસિટી બિલ્ડીંગ ફોર લો કાર્બન એન્ડ કલાઈમેટ રેઝીલીયન્સ સિટી ડેવલપમેન્ટ ઇન ઇન્ડિયા (કેપેસિટીઝ)' પ્રોજેક્ટ અંતર્ગત વર્ષ ૨૦૨૨ માટે 'કલાઈમેટ રેઝીલીયન્સ સિટી એકશન પ્લાન' બનાવેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લેવાતા વિવિધ કલાઈમેટ રિલેટેડ એકશનનો પ્લાનમાં સમાવેશ કરવામાં આવેલ છે તથા આ પ્રયોગ થકી કેટલું ગ્રીન હાઉસ ગેસ ઓછો કારી શકાય તેમ છે, તેનો પણ સમાવેશ કરેલ છે. આ પ્લાનમાં રીવ્યુ તથા સુચનો માટે તા.૬-૬-૨૦૧૮ ના રોજ સ્ટેક હોલ્ડર કમિટી વર્કશોપનું આયોજન કરેલું હતું. જેમાં મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય, ડે. કમિશનરશ્રી ઓ, મી. શિરીષ સિન્હા, ડેપ્યુટી ડાઇરેકટર, સ્વીસ એજન્સી ફોર ડેવલોપમેન્ટ એન્ડ કો-ઓપરેશન; મી. ઇમાની કુમાર, એક્ઝેક્યુટીવ ડાઇરેકટર, ઇકલી સાઉથ એશિયા; મિસ. સૌમ્યા ચર્તુવેદુલા, ડેપ્યુટી ડાઇરેકટર ઇકલી સાઉથ એશિયા; મી. માર્ટીન સ્ટાર્ડમાન, પ્રેક્ટિસ લીડર કલાઇમેટ ફાઇનાન્સ, સૌથ પોલગ્રુપ, તથા મી. રામામોહન, ડાઇરેકટર વોટર એન્ડ લાઇવલી હુડ મિશન વગેરે મહાનુભાવોએ ભાગ લીધો હતો.

## :: રૂપરેખા ::


- રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં શ્રી અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ, પેડક રોડ ખાતે રાષ્ટ્રીય કક્ષાની સ્માર્ટ સિટીઝ સમિટ ....................૮
- માન. મેયરશ્રીની ઉપસ્થિતિમાં રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત શ્રી સરોજિની નાયડુ ગર્લ્સ હાઇસ્કૂલ ખાતે સ્માર્ટ ગર્લ્સ વર્કશોપનો કાર્યક્રમ યોજાયો ....................૧૧
- રાજકોટ મહાનગરપાલિકા, રૂડા, માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ પોલીસ વિભાગના જુદા જુદા કામોનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે.......૧૨
- ૧૮૧ અભયમ્ મોબાઇલ એપ્લીકેશન લોંચ કરી સમગ્ર રાજ્યની બહેનોને રક્ષાબંધનની ભેટ આપતા રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ....................૧૮
- અમરજીતનગરના રહેવાસીઓને સનદ અર્પણ વિધિ રાજ્યના માન. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે ....................૨૦
- ગ્રાઉન્ડ વોટર રિચાર્જ સ્ટ્રકચર લોકાર્પણ ....................૨૨
- મહાત્મા ગાંધી મ્યુઝિયમ, આઇ–વે પ્રોજેક્ટ ફેઝ–૨ તથા પ્રધાનમંત્રી આવાસ યોજનાનું લોકાર્પણ માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ્ હસ્તે ....................૨૪
- 'સ્માર્ટ સિટી' તરફની વિકાસ યાત્રાને વેગ આપતું રાજકોટ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૧૯–'૨૦નું રૂા.૨૧૨૬.૧૦ કરોડનું બજેટ ....................૨૮
- રાષ્ટ્રની અખંડિતતાના શિલ્પી સરદાર પટેલના સ્ટેચ્યુ ઓફ યુનિટીના અનુસંધાને ગુજરાત પ્રદેશ ભાજપના માન.પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીની ઉપસ્થિતિમાં વોર્ડ નં.૯–૧૦માં એકતા રથયાત્રા........૪૦
- 'સ્વચ્છ સર્વેક્ષણ', અંતર્ગત પરીક્ષા 'કલીનેથોન' યોજી ઇતિહાસ રચતી રાજકોટ મહાનગરપાલિકા....................૪૪
- રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં ગુજરાતમાં સૌપ્રથમવાર આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના(આયુષ્યમાન ભારત PM-JAY) અને મુખ્યમંત્રી અમૃતમ્/વાત્સલ્ય યોજનાનો મેગા કેમ્પ ....................૪૬
- માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે શહેરને પીવાનું પાણી પૂરું પાડતા ન્યારી–૦૧ ડેમમાં સૌની યોજના હેઠળ નર્મદા મૈયાના અવતરણના ઓનલાઈન વધામણા ....................૪૮
- રાજકોટ મહાનગરપાલિકા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ગુજરાત સરકારના વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત સૌરાષ્ટ્ર બૂકફેર અને લિટરેચર ફેસ્ટીવલ ખુલ્લો મુકતા રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે ....................૫૦
- રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ, રાજકોટ શહેર પોલીસ અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય હોસ્પિટલ(સિવિલ) વિગેરે વિભાગના રૂા.૫૦૪ કરોડના જુદા–જુદા વિકાસ કામોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે....................૫૨
- 'સ્વચ્છ ભારત મિશન' હેઠળ સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૯મા રાજકોટ શહેરે દેશમાં ૯મું સ્થાન પ્રાપ્ત કર્યું....................૫૬


## આ અંકના અવસરે...



મેટ્રો સિટી રાજકોટને વિકાસ પથ પર સડસડાટ આગળ લઇ જવા રાજકોટ મહાનગરપાલિકા પણ કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રીના સહયોગ સાથે પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી રહી છે. એમાં પણ કેન્દ્ર સરકારશ્રીના "સ્માર્ટ સિટી મિશન"માં પસંદગી પામેલા રાજકોટ શહેરને ભૌતિક, સામાજિક અને આર્થિક વિકાસમાં વેગ મળે તે માટે મહાનગરપાલિકાએ વિવિધ ક્ષેત્રે આવશ્યક પગલાઓ લીધા છે. સ્માર્ટ સિટી રાજકોટમાં નાગરિકોની પાયાની જરૂરિયાતો જેવી કે, પીવાનું પાણી, રસ્તા, ભૂગર્ભ ગટર, સફાઇ, સ્ટ્રીટ લાઇટ, જાહેર સ્વાસ્થ્ય, વગેરેની સાથોસાથ સતત પરિવર્તનશીલ બની રહેલા અને ખુબ જ ઝડપથી ટેકનોલોજી અને સાયન્સ આધારિત અવનવા બદલાવ પામી રહેલા સમયસંજોગો વચ્ચે રાજકોટ મહાનગરપાલિકા પણ આ અભૂતપૂર્વ પરિવર્તન સાથે તાલ મિલાવી નાગરિકોને અત્યાનુધિક સેવાઓ અને સુવિધાઓ પ્રદાન કરવા સતત પ્રયત્નશીલ રહી છે તેનો આનંદ છે.

ગત એક વર્ષમાં પણ રાજ્ય સરકારશ્રીના અતૂલ્ય સહયોગ સાથે રાજકોટ શહેરને પીવાના પાણીની બાબતમાં નિશ્ચિંત રાખી શક્યા છીએ. "સૌની યોજના" હેઠળ આજી–૧ જળાશયમાં નર્મદાના નીર પહોંચતા કરવાની વ્યવસ્થા નિયમિત રીતે કાર્યાન્વિત કરી દીધા બાદ ન્યારી–૧ જળાશયમાં પણ નર્મદાના નીરની પધરામણી થઇ શકી છે ત્યારે હવે ભવિષ્યમાં પણ રાજકોટને પાણીનો પ્રશ્ન નહી સતાવે. આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાએ ગત એક વર્ષમાં મહાત્મા ગાંધી મ્યુઝિયમ પ્રોજેક્ટ, ૧૫૦ રિંગ રોડ પર બે ઓવરબ્રિજ, આવાસ યોજના, સોલાર એનર્જી, રૈયા એરિયામાં સ્માર્ટ સિટી અને ત્રણ તળાવનું આયોજન વગેરે સહિતના અનેક પ્રોજેક્ટ હાથ ધરી રાજકોટની પ્રગતિને ઝડપી ગતિ પ્રદાન કરી છે. સ્વચ્છતાની બાબતમાં રાજકોટનો દેશમાં ૯મો ક્રમ રહ્યો એ બાબત સૌ રાજકોટવાસીઓ માટે આનંદ અને ગૌરવની વાત છે ત્યારે આગામી વર્ષે સ્વચ્છતા સર્વેક્ષણ લીગ–૨૦૨૦માં રાજકોટને હજુ વધુ ને વધુ સ્વચ્છ અને સુંદર બનાવી ટોચના સ્થાને લઇ જવા આપણે સૌ સાથે મળીને પ્રયાસો કરીએ. મને આશા છે કે, રાજકોટવાસીઓ કોઇપણ પડકારનો સામનો કરવાનો જુસ્સો ધરાવે છે. રાજકોટનું ગૌરવ વધે તેવા કાર્યો સફળતાપૂર્વક હાથ ધરવા માટે રાજકોટ મહાનગરપાલિકાને આપ સૌનો સાથ સહકાર મળતો રહેશે તેવી અપેક્ષા સાથે મારી વાત પૂર્ણ કરું છું.

ધન્યવાદ...

**– બંછાનિધિ પાની** I.A.S.
કમિશનર


- **સંપાદક અને પ્રકાશક**:– **બંછાનિધિ પાની,** I.A.S., કમિશનર, રાજકોટ મહાનગરપાલિકા
- **સંપાદન** :– **એચ. પી. રૂપારેલીઆ, ભૂપેશ ટી. રાઠોડ**
- **સંકલન**:– **કે. એચ. હિંડોચા, સી. એન. રાણપરા, આર. એન. ચુડાસમા, જે. પી. રાઠોડ, શૈલેષ મહેતા**
- **કાર્યાલય**:– સામાન્ય વહીવટ વિભાગ, રાજકોટ મહાનગરપાલિકા, ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧.
- **સંપર્ક**:– **ફોન** : ૦૨૮૧-૨૨૨૩૮૪૨/૪૩, **ફેક્સ** : ૦૨૮૧-૨૨૨૪૨૫૮, **E-mail :** mc_rmc@yahoo.co.in, **Website:** www.rmc.gov.in
- **મુદ્રક** :– મારૂતિ પ્રિન્ટર્સ-રાજકોટ. મોબાઇલ : ૯૮૯૮૦ ૨૪૮૩૫


**RMCની સેવાઓ કે કામગીરી બાબતે ફરિયાદ કરવા 24 X 7 કોલ સેન્ટર નં. 2450077 નો સંપર્ક કરવા વિનંતી.**




# ઓરી અને રૂબેલા રસીકરણ અભિયાનનો પ્રારંભ

ભારત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા દેશમાં હાથ ધરવામાં આવનાર 'ઓરી અને રૂબેલા' રસીકરણ અભિયાનનો પ્રારંભ થઇ રહયો છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ તા.૧૬-૭-૨૦૧૮ના રોજથી રાજકોટ શહેરમાં ૯ થી ૧૫ વર્ષના તમામ બાળકોને ઓરી અને રૂબેલાની રસી આપવાની ઝુંબેશ શરૂ કરવામાં આવનાર છે તેમ માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય અને મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું.

'ઓરી અને રૂબેલા' રસીકરણ અભિયાન વિશે માહિતી આપવા તા.૧૦-૭-૨૦૧૮ના રોજ રાજકોટ મહાનગરપાલિકા ખાતે માન. મેયરશ્રી બિનાબેન આચાર્યના અધ્યક્ષસ્થાને યોજાયેલ પત્રકાર પરિષદમાં ડે. મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઇ કાનગડ, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઇ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઇ પરમાર, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર, ઉપરાંત ઇન્ડિયન મેડિકલ એસો.ના પ્રેસિડેન્ટશ્રી ડૉ. હિરેન કોઠારી અને ઇન્ડિયન એસો. ઓફ પિડીયાટ્રીકના પ્રેસિડેન્ટશ્રી ડૉ. દિનેશ શ્રીમાંકર તથા સેક્રેટરીશ્રી ડૉ. કૃણાલ આહ્યા ઉપરાંત ડે. મ્યુનિ. કમિશનરશ્રી ચેતન ગણાત્રા, આરોગ્ય અધિકારીશ્રી ડૉ. પંકજ રાઠોડ, નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ ડૉ. ચુનારા અને ડૉ. હિરેન વિસાણી તથા એસ.એમ.ઓ. ડૉ. અમૂલભાઇ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

'ઓરી અને રૂબેલા' રસીકરણ અભિયાન વિશે વાત કરતા માન. મેયર શ્રી બિનાબેન આચાર્યએ એમ જણાવ્યું હતું કે, દેશના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી જાહેર સ્વાસ્થ્યની બાબતમાં ખૂબ જ ચિંતીત છે. દરેક બાળક દેશના ભાવિ ખડતલ અને તંદુરસ્ત નાગરિક બને તેવા ઉમદા આશય સાથે 'ઓરી અને રૂબેલા' રસીકરણ માટે રાષ્ટ્રવ્યાપી અભિયાન હાથ ધર્યું છે જેમાં રાજકોટ મહાનગરપાલિકા પણ શહેરના ૯ થી ૧૫ વર્ષના તમામ બાળકોને રસીકરણમાં આવરી લેશે. આ અભિયાનમાં શહેરના તમામ વાલીઓને મારી નમ્ર વિનંતી છે કે, તેઓ પોતાના ૯ થી ૧૫ વર્ષના સંતાનોને ઓરી અને રૂબેલાની રસી અચૂક અપાવડાવે. આ અભિયાન થકી આપણે 'ઓરી-રૂબેલા મુકત રાજકોટ'નો સંકલ્પ સિદ્ધ કરવા ગંભીરતાપૂર્વક પ્રયાસ કરીએ. થોડા સમય પૂર્વે જ ભારત દેશ પોલિયોથી મુકત થઇ ચુકયો છે ત્યારે ઓરી અને રૂબેલાથી પણ દેશને મુકત કરાવવા સૌ સાથે મળીને પ્રયાસ કરીએ. મહાનગરપાલિકા દ્વારા સ્કૂલો, આંગણવાડીઓ વિગેરે સ્થળોએ આ રસી મુકી આપવામાં આવનાર છે.

મ્યુનિ. કમિશનરશ્રીએ એમ કહ્યું હતું કે, કેન્દ્ર સરકારશ્રી, રાજય સરકારશ્રી અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવનાર 'ઓરી અને રૂબેલા' રસીકરણ અભિયાનમાં શહેરના ૯ થી ૧૫ આશરે ૪ લાખ બાળકોને આવરી લેવામાં આવનાર છે. રસીકરણથી કોઇ બાળક વંચિતના રહી જાય તે જોવાની જવાબદારી વહીવટી તંત્રની સાથોસાથ તમામ વાલીઓની પણ છે. બાળકોને માટે વન ટાઇમ જ યુઝ થઇ શકે ઓટો ડીસ્પોઝેબલ સિરીંજનો ઉપયોગ કરવામાં આવનાર છે તેથી બાળકોના સ્વાસ્થ્ય બાબતે કોઇપણ પ્રકારનો ભય કે ચિંતા રાખવાની આવશ્યકતા રહેતી નથી. આ ઝુંબેશ તા.૧૬-૭-૧૮થી એક માસ સુધી ચલાવવામાં આવશે અને જરૂર પડયે બાકી રહી ગયેલા બાળકોને એક માસ બાદ પણ આવરી લેવામાં આવશે. પત્રકાર પરિષદની શરૂઆતમાં સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઇ કાનગડે ઉપસ્થિત સૌ મહેમાનો, પ્રિન્ટ અને ઇલેકટ્રોનિક મીડિયાના તમામ પ્રતિનિધિઓ વિગેરેને આવકાર્યા હતા અને આજના પ્રસંગના વિષય અંગે પ્રાથમિક વાત કરી હતી.

## મોન્સુન-૨૦૧૮ અંતર્ગત સમિક્ષા બેઠક યોજાઇ



માન. મેયરશ્રી બિનાબેન આચાર્યના અધ્યક્ષસ્થાને મોન્સુન-૨૦૧૮ અંતર્ગત સમિક્ષા બેઠક તા.૨૫-૬-૨૦૧૮ના રોજ યોજાઇ. આ બેઠકમાં ડેપ્યુટી મેયર શ્રી અશ્વિનભાઇ મોલીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી ઉદયભાઇ કાનગડ, શાસક પક્ષ નેતા શ્રી દલસુખભાઇ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઇ પરમાર, મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, ડેપ્યુટી કમિશનરશ્રી ગણાત્રા, શ્રી સી. કે. નંદાણી, સિટી એન્જીનિયર શ્રી ભાવેશભાઇ જોષી, શ્રી કામલીયા, શ્રી દોઢિયા, શ્રી અલ્પનાબેન મિત્રા, પર્યાવરણ અધિકારી શ્રી નિલેશભાઇ પરમાર, રોશની વિભાગના શ્રી ઝાલા વિગેરે ઉપસ્થિત રહેલ હતા.

# આજી ડેમ ફિલ્ટર પ્લાન્ટ ખાતે ૧૪૫ કિલોવોટની સોલાર સિસ્ટમ સ્થપાઈ



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજી ડેમ સાઇટ ખાતે આજી ફિલ્ટર પ્લાન્ટની વિશાળ જગ્યામાં ૧૪૫ કિલોવોટ ક્ષમતાની સોલાર સિસ્ટમ સ્થાપવામાં આવી રહી છે. આ પ્રોજેકટના ફળ સ્વરૂપે રાજકોટ મહાનગરપાલિકા વિજળી ખર્ચમાં દર વર્ષે રૂ.૧૦ લાખ જેવી માતબર રકમની બચત કરી શકશે. આજે માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, ડે. મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા અને મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ આ સ્થળની મુલાકાત લઇ પ્રોજેકટની પ્રગતિની વિગતો મેળવી હતી.

માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, ડે. મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા અને મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ આ પ્રોજેકટ વિશે વિસ્તૃત માહિતી આપતા એમ જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'સ્વિસ એજન્સી ફોર ડેવલપમેન્ટ એન્ડ કોઓપરેશન' દ્વારા ફંડેડ 'કેપેસીટીઝ' પ્રોજેકટ અંતર્ગત 'ઇકલી' (સાઉથ એશિયા)ના સહકાર સાથે ૧૪૫ કિલોવોટ ક્ષમતાની સોલાર સિસ્ટમ સ્થાપવામાં આવી રહી છે. રાજકોટ શહેર માટે ગ્રીન હાઉસ ગેસ ઇન્વેન્ટરી તથા એનર્જી બેઝલાઇન પ્રોફાઇલ બનાવાયેલ છે તેના આધારે ક્રિટીકલ સેકટરની ઓળખ સુનિશ્ચિત કરી શહેર માટે કલાઇમેટ રેઝીલીયંટ સિટી એકશન પ્લાન પણ બનાવવામાં આવેલ છે. મહાનગરપાલિકા દ્વારા શહેરમાં થતા કુલ વિજળીના વપરાશમાં વોટર સપ્લાય સેકટરમાં ૬૧ ટકા જેટલો વિજળીનો વપરાશ થાય અને છે અને આ ખર્ચમાં શકય તેટલી બચત કરવામાં આ પ્રોજેકટ ખૂબ જ આશીર્વાદરૂપ પૂરવાર થશે.

મેયરશ્રી, ડે. મેયરશ્રી અને મ્યુનિ. કમિશનરશ્રીએ વધુમાં એમ જણાવ્યું હતું કે, આજી ફિલ્ટર પ્લાન્ટની વિશાળ જગ્યામાં ૧૪૫ કિલોવોટ ક્ષમતાની સોલાર સિસ્ટમ સ્થાપવામાં આવી રહી છે જેનો કુલ ખર્ચ રૂ.૮૩,૫૬,૨૦૫ છે જેમાં ૭૦ કિલોવોટ ક્ષમતાની સોલાર સિસ્ટમ માટે કુલ રૂ.૪૦,૩૪,૦૩૦નું ભંડોળ 'કેપેસિટીઝ' પ્રોજેકટ અંતર્ગત મળી રહેલ છે તથા બાકિની ૭૫ કિલોવોટ ક્ષમતાવાળા સોલાર પ્લાન્ટ માટે કુલ રૂ.૪૩,૨૨,૧૭૫નો ખર્ચ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે. આ સોલાર પ્લાન્ટ સ્થપાતા વાર્ષિક ૨,૧૧,૦૦૦ યુનિટ વિજળી ઉત્પન્ન થશે અને વિજળી ખર્ચમાં વાર્ષિક રૂ.૧૦ લાખની બચત થઇ શકશે. ઉપરાંત કુલ ૧૬૫ ટન કાર્બન જેટલું ઉત્સર્જન ઘટશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જે વિજળી વપરાશ થાય છે તેમાં વોટર સપ્લાય સેકટરમાં સૌથી વધુ વપરાશ રહે છે જયારે સ્ટ્રીટ લાઇટમાં ૨૪ ટકા, વેસ્ટ વોટરમાં ૧૦ ટકા તથા બિલ્ડીંગ સેકટરમાં ૫ ટકા વિજળી વપરાશ છે. ગત સાલ રાજકોટ મહાનગરપાલિકાએ શહેરની તમામ સરિત લાઇટ એલ.ઇ.ડી. માં કન્વર્ટ કરતા ૫૦ ટકા જેટલી એનર્જી બચત કરી શકાય છે. આજે આજી ફિલ્ટર પ્લાન્ટની સાઇટ વિઝિટ દરમ્યાન મેયરશ્રી બિનાબેન આચાર્ય, ડે. મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા અને મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની ઉપરાંત રોશની વિભાગના ઇન્ચાર્જ સિટી એન્જીનિયરશ્રી જે. એ. ઝાલા, ડે. એન્જીનિયરશ્રી પી. સી. દેથરીયા, વોટર વર્કસ શાખાના ડે. એન્જીનિયર શ્રી કે. પી. દેથરીયા તેમજ એડીશનલ આસી. એન્જીનિયર શ્રી રાણપરીયા, શ્રી એચ. પી. પરમાર, શ્રી બી. પી. મહેતા, 'ઇકલી'ના શ્રી અંકિત મકવાણા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

**દર વર્ષે રૂ.૧૦ લાખની વીજ બિલ ખર્ચની બચત થશે : મેયરશ્રી, ડે. મેયરશ્રી તથા મ્યુનિ. કમિશનરશ્રીએ સાઇટ વિઝિટ કરી**









### 'વન ડે વન વોર્ડ' સ્વચ્છતા તથા આરોગ્ય ઝુંબેશ અંતર્ગત



# વોર્ડ નં.૧માં સ્વચ્છતા અને આરોગ્યલક્ષી ઝુંબેશનો પ્રારંભ કરતા મેયરશ્રી બિનાબેન આચાર્ય

ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨ ઓક્ટોબર ૨૦૧૯ સુધીમાં સમગ્ર દેશ સ્વચ્છ બને તે માટે 'સ્વચ્છ ભારત મિશન' અભિયાન શરૂ કરેલ. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ શહેર સ્વચ્છ બને તે માટે કાર્યવાહી કરવામાં આવેલ છે અને સ્વચ્છતા હરીફાઈમાં પણ ભાગ લેવામાં આવી રહ્યો છે. સ્વચ્છતા માટે શહેરમાં તમામ વોર્ડમાં નિયમિત સફાઈની સાથેસાથે ડોર ટુ ડોર કલેકશન, મુખ્ય માર્ગોની રાત્રિ સફાઇ પણ કરવામાં આવે છે.

ચોમાસાની ઋતુ શરૂ થયેલ હોઇ શહેરમાં ગંદકીના કારણે રોગચાળો પ્રસરવાની શકયતા વધારે રહે છે. જેથી સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, સેનિટેશન કમિટી ચેરમેનશ્રી અશ્વિનભાઈ ભોરણીયા, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકરના માર્ગદર્શન હેઠળ તમામ વોર્ડમાં 'વન ડે વન વોર્ડ' મારફત સફાઇ ઝુંબેશ થાય તેવું આયોજન કરવામાં આવેલ. જેના અનુસંધાને તા.૬-૭-૨૦૧૮ના રોજ વોર્ડ નં.૧માં 'વન ડે વન વોર્ડ' અંતર્ગત સ્વચ્છતા અને આરોગ્યલક્ષી ઝુંબેશનો મેયરશ્રી બિનાબેન આચાર્યએ પ્રારંભ કરાવ્યો હતો. આ અવસરે રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટે.

## આ સફાઈ ઝુંબેશમાં થયેલ કામગીરીની ઝલક

- સફાઇ કરાયેલ કુલ લતા/વિસ્તારની સંખ્યા-૧૩૪
- સફાઇ કરાયેલ કુલ મુખ્ય માર્ગોની સંખ્યા-૬
  ૧. ૧૫૦ ફૂટ રિંગ રોડ,
  ૨. લાખના બંગલા રોડ,
  ૩. શાસ્ત્રી નગર મેઈન રોડ,
  ૪. જીવંતિકા નગર મેઈન રોડ,
  ૫. ગાંધીગ્રામ મેઈન રોડ,
  ૬. ગાંધીનગર મેઈન રોડ,
- સફાઇ કરાયેલ કુલ ન્યુસન્સ પોઇન્ટની સંખ્યા-૧૨
- સફાઇ કરાવેલ કુલ ખુલ્લા પ્લોટની સંખ્યા-૨૨
- ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન દ્વારા આવરી લીધેલ ઘરની સંખ્યા - ૧૨૧૭૫
- મીની ટીપર વાહન મારફત કલેકશન કરવામાં આવેલ કુલ કચરો - ૨૧ ટન
- JCB મારફત અંદાજીત નિકાલ કરાયેલ કુલ કચરો-૨૬ ટન
- કુલ વહખ-૦૪, કુલ ડમ્પરના ફેરા-૦૮, ટ્રેકટરના ફેરા-૦૪, QRT કાર્ગો ટીમ ફેરા-૦૨.
- ચુનો/મેલેથીઓન પાવડરનો કરેલ છંટકાવ-૪૩ બેગ
- સફાઇ કરાયેલ માર્કેટ/હોકર્સ ઝોન-૩
- એસિડ ફીનાઈલ દ્વારા સફાઇ કરેલ કુલ યુરિનલ-૦૨
- સફાઇ કરાયેલ કુલ ટવીન બિન-૧૧

કમિટી ચેરમેનશ્રી ઉદયભાઇ કાનગડ, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઇ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઇ પરમાર, સેનિટેશન કમિટી ચેરમેનશ્રી અશ્વિનભાઇ ભોરણીયા, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર, વોર્ડ નં.૧ના કોર્પોરેટરશ્રી અંજનાબેન મોરજરીયા, શ્રી આશિષભાઇ વાગડિયા, ડે. કમિશનરશ્રી નંદાણી, સિટી એન્જીનિયરશ્રી દોઢીયા, આરોગ્ય અધિકારી ડૉ. ચુનારા, ડૉ. પી. પી. રાઠોડ, પર્યાવરણ અધિકારીશ્રી નિલેશ પરમાર, શ્રી દિગ્વિજયસિંહ તુવર વિગેરે ઉપસ્થિત રહેલ હતા.

'વન ડે વન વોર્ડ' સ્વચ્છતા તથા આરોગ્યલક્ષી ઝુંબેશ અંતર્ગત વોર્ડ નં.૧ થી શુભારંભ કરવામાં આવેલ. જેમાં બ્લોક વાઇઝ વોર્ડ નં.૧ના ચાર ભાગ કરવામાં આવેલ છે.

આ સફાઇ ઝુંબેશમાં નાણાવટી ચોકથી, રાજગોકુલ પાન ચોકથી, ગાયત્રી ડેરીવાળો રોડ, એસ.કે. ચોકથી ખોડિયાર પાન ચોક, જીવંતિકાનગર મેઇન રોડ, લાલબહાદુર રોડથી રામાપીર ચોકડી, ધરમનગર મેઇન રોડ, સતાધાર પાર્ક, વિગેરે તમામ રૂટોને આવરી લેવામાં આવેલ. આ ઉપરાંત વોર્ડ નં.૧ના જુદા જુદા પ્લોટો ગાયત્રી ડેરી સામેનો પ્લોટ, ગાંધીગ્રામ, જીવંતિકા--નગર આંગણવાડી પાસેનો પ્લોટ, ગૌતમનગર શેરી નં. ૧નો પ્લોટ, ન્યુસન્સ પોઇન્ટ વેલનાથ ચોક, એરોડ્રામ દિવાલ ગોવિંદનગર પ્લોટ તથા સફાઇનો તમામ સોસાયટીઓમાં ગાંધીગ્રામ શેરી નં.૧ થી ૧૨, ગૌતમનગર શેરી નં.૧ થી ૭, કષ્ટભંજનનગર સોસાયટી શેરી નં.૧ થી ૭, જીવંતિકાનગર શેરી નં.૧ થી ૯, શાહનગર, શક્તિનગર, ગોવિંદનગર, સત્યનારાયણનગર, સત્યનારાયણ પાર્ક સોસાયટી, એવી જ રીતે બ્લોક નં.૩ મા સ્ટર્લિંગ હોસ્પિટલ પાસેનો પ્લોટ, રૈયા ગામ વિસ્તાર, નાણાવટી ચોક આવાસ પાસેનો પ્લોટ, તેમજ બ્લોક નં. ૪મા શાસ્ત્રીનગર શાક માર્કેટ રોડ, હિંમતનગર રોડથી ધાર સુધી, રૈયાધાર ચોક પાણીના ટાંકા પાસે સફાઇ કરવામાં આવેલ. આ ઉપરાંત બી.એસ.યુ.પી. આવાસ, નવા ગાર્બેજ સ્પોટ પાછળ,



**"ચોમાસાની ઋતુમાં રોગચાળો પ્રસરે નહિં તે માટે તમામ વોર્ડમાં સ્વચ્છતા અને આરોગ્યલક્ષી ઝુંબેશ મારફત ન્યુસન્સ પોઇન્ટ ખુલ્લા પ્લોટો, જાહેર યુરિનલ્સ તેમજ દવા છંટકાવ, ફોગિંગ વિગેરે માટે 'વન ડે વન વોર્ડ' ઝુંબેશ શરુ કરાઇ."**

**- શ્રી ઉદયભાઇ કાનગડ**
**માન. સ્ટે. ચેરમેનશ્રી, રા.મ્યુ.કો.**



ટોયલેટ સફાઇ આ ઉપરાંત ગાડી દ્વારા વોર્ડ નં.૧માં આવેલ યુરીનલ રામાપીર ચોકડી, ગંગેશ્વર મંદિર લાગુ હોકર્સ ઝોન, રૈયા ગામ, રૈયાધાર, મારવાડી વાસ પાસે, હિંમતનગર ગૌશાળા વિગેરે જગ્યાએ સફાઇ કરવામાં આવેલ.

સાથો સાથ આરોગ્ય વિભાગની જુદી જુદી ટીમો બનાવી ઉપરના તમામ વિસ્તારોમાં પોરાનાશક કામગીરી, ઘરે ઘરે જઇ પાણીના ટાંકામાં દવાઓ નાખવાની કામગીરી, મોટા અને ખુલ્લા પાણીના ટાંકામાં પોરાભક્ષક ગપ્પી માછલી મુકવાની કામગીરી, આરોગ્ય વિભાગની મેલેરિયાની ૧૫ ટીમ દ્વારા દરેક ઘરમાં ફોગિંગ કરવાની કામગીરી, વાહન દ્વારા જાહેર રોડ તથા શેરીઓમાં ફોગિંગ કરવાની કામગીરી, આરોગ્ય શિક્ષણ તથા આરોગ્ય માટે જનજાગૃતિ માટે પત્રિકા વિતરણની કામગીરી હાથ ધરેલ હતી.

## મેયર, ડે. મેયર અને ચેરમેનની જાહેર અપીલ

મેયરશ્રી બિનાબેન આચાર્ય, ડે. મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા અને સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઇ કાનગડે એક જાહેર સંયુક્ત અપીલમાં નગરજનોને એમ જણાવ્યું હતું કે, સરકાર અને સ્થાનિક મહાનગરપાલિકા તંત્ર દ્વારા હાથ ધરાયેલ સ્વચ્છતા મિશન આખરે તો આપણા સહુના માટે છે. આ એક એવું સામાજિક અભિયાન છે જે માત્ર એકપક્ષીય રીતે ચાલે તો તેના અપેક્ષિત પરિણામ મળી શકે નહિ. આ અભિયાનમાં જ્યાં સુધી આમજનતા, વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, વ્યવસાયિક સંકુલો વિગેરેનો સમજદારીપૂર્વકનો સહયોગ પ્રાપ્ત ન થાય તો આ અભિયાન અધૂરું ગણાય. જેથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલા સ્વચ્છ રાજકોટ અભિયાનમાં સૌનો સાથ મળી રહે તે જરૂરી હોઇ સૌ તેમાં સામેલ થાય તેવો હૃદયપૂર્વકનો અનુરોધ છે. શહેરી વિસ્તારોમાં ખાસ કરીને બહેનોએ પોત પોતાની શેરીઓમાં કે આજુ બાજુના ખુલ્લા પ્લોટમાં કચરો નાખવાના બદલે ટીપર વાનમાં જ કચરો નાખવા મેયરે ખાસ અપીલ કરેલ. તેમજ શાકભાજીના, ખાણી પીણીના તેમજ અન્ય વેપારીઓએ પણ પોતાના વ્યવસાય સ્થળે આજુબાજુમાં જાહેર સ્થળોએ નહિ ફેંકવા પદાધિકારીઓએ અપીલ કરેલ.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૫-૭-૨૦૧૮ના રોજ સવારે ૯.૩૦ કલાકે શ્રી અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ, પેડક રોડ ખાતે રાષ્ટ્રીય કક્ષાની સ્માર્ટ સિટીઝ સમિટનું આયોજન કરવામાં આવેલ હતું. ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી એ આ સમિટ ખુલ્લી મુકતા કહ્યું હતું કે, સ્માર્ટ સિટીનો અર્થ એટલે માત્ર હાઇફાઇ અને સ્માર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર જ નહિં પરંતુ નાગરિકોના જીવન ખુશહાલ આશય સાથે આજે મેયરશ્રી બિનાબેન આચાર્યના અધ્યક્ષસ્થાને તથા સાંસદશ્રી મોહનભાઇ કુંડારિયા, ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ શ્રી અંજલિબેન રૂપાણી, ધારાસભ્ય શ્રી અરવિંદભાઇ રૈયાણી, શ્રી ગોવિંદભાઇ પટેલ અને શ્રી લાખાભાઇ સાગઠીયા તથા શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી હતાં.

આ સમિટનું ઉદ્ઘાટન કરતા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું હતું કે, આ સ્માર્ટ સિટીઝ સમિટનો હેતુ દેશના તમામ સ્માર્ટ સિટી વચ્ચે વિવિધ પ્રોજેક્ટ વિશે વિચારોનું આદાનપ્રદાન થાય, જુદા જુદા પ્રોજેક્ટના અમલીકરણ થકી નાગરિકોની સુખકારી વૃદ્ધિ થાય અને શહેરનો સર્વાંગી વિકાસ થાય તે છે. આવા ઉમદા આયોજન બદલ હું રાજકોટ મહાનગરપાલિકાને અભિનંદન પાઠવું છું.

## રાજકોટમાં માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની ઉપસ્થિતિમાં




## શ્રી અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ, પેડક રોડ ખાતે

# સ્માર્ટ સિટીઝ સમિટ

અને આનંદમય બને તેમજ શહેરની દરેક સમસ્યાનું સ્માર્ટ સોલ્યુશન થતું રહે, તથા સમગ્ર રીતે જોઇએ તો નાગરિકોના હેપીનેસ ઇન્ડેક્સ ઉંચા રહે તે છે.

ભારત સરકારશ્રીના 'સ્માર્ટ સિટી મિશન'માં પસંદગી પામેલા શહેરના પ્રતિનિધિશ્રીઓ અને તજજ્ઞો દ્વારા સ્માર્ટ સિટી સંબંધિત અલગ અલગ વિષયો પર પરામર્શ થાય અને તમામ શહેરોને બેસ્ટ પ્રેક્ટિસનો લાભ મળી રહે તેવા ઉમદા



નીતિનભાઇ ભારદ્વાજની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં યોજાયેલ આ સ્માર્ટ સિટી સમિટમાં મુખ્ય મહેમાન તરીકે શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી ભીખાભાઇ વસોયા, અનૂસુચિત જાતિ મોરચા રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરિયા, ડે. મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રીઓ શ્રી દેવાંગભાઇ માંકડ, શ્રી જીતુભાઇ કોઠારી, શ્રી કિશોરભાઇ રાઠોડ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઇ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઇ પરમાર ઉપરાંત સમગ્ર કાર્યક્રમના કર્ણધાર મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની અને સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઇ કાનગડ ઉપરાંત રાજકોટ જિલ્લા કલેક્ટર ડૉ. રાજીવ ગુપ્તા વિગેરે ઉપસ્થિત રહ્યા

આપણે સૌ લોકોને સ્માર્ટ સિટીની સ્માર્ટ સેવાઓ ઉપલબ્ધ બનાવવા આગળ ધપી રહ્યા છીએ ત્યારે બે સૂત્ર ખાસ ધ્યાનમાં રાખવા જોઇએ. એક 'જ્યાં માનવી ત્યાં સુવિધા' અને બીજું છે 'વ્યથા નહિં પણ વ્યવસ્થા'. દેશ આઝાદ થયો તેને ૭૦ વર્ષ કરતા પણ વધુ સમય વિતી ગયો છે. પરંતુ ભૂલો, ભ્રષ્ટાચાર અને ઝુકી જવાના નરમ વલણને કારણે દેશ અને દેશવાસીઓની અપેક્ષિત પ્રગતિ થઇ શકી નથી. હવે આપણે વિકાસની નવી દિશામાં નવી નવી ઉંચાઇ સર કરવા ભણી આગળ ધપવાનું છે. વેદમાં કહ્યું છે તેમ ચારેય બાજુએથી પ્રાપ્ત થતી સારી બાબતો ગ્રહણ કરીએ અને લોકોના જીવનધોરણમાં ખૂબ સારો બદલાવ

**'સ્માર્ટ સિટીનો અર્થ માત્ર હાઇફાઇ-સ્માર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર જ નહિં પણ નાગરિકોના જીવન ખુશહાલ-સુખમય બને તથા શહેરની સમસ્યાઓનું સ્માર્ટ સોલ્યુશન થાય તથા લોકોના હેપીનેસ ઇન્ડેક્સ ઉંચા રહે તે છે. 'જ્યાં માનવી, ત્યાં સુવિધા' રાજ્ય સરકારની નેમ છે.'**

**- માન.શ્રી વિજયભાઇ રૂપાણી**
**માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત**




લાવીએ. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં એમ કહ્યું હતું કે, ગ્રામ્ય જનતા હવે શહેરોમાં આવી રહી છે. શહેરીકરણની પ્રક્રિયા વધુ તેજ બની છે. અત્યારે શહેરી વસતીનું પ્રમાણ ૪૫ ટકા જેટલું થઇ ચૂક્યુ છે. આમ તમામ લોકોને જરૂરી તમામ સુખસુવિધાઓ પૂરી પાડવી એ સરકાર અને સ્થાનિક વહિવટી તંત્રની ફરજ છે. આ પડકાર આપણે સૌએ ઉપાડી લીધો છે અને હવે તેમાં દરેક શહેરી પ્રશ્નોના સ્માર્ટ સોલ્યુશન આપણે શોધવાના છે. જો ઉકેલ ન મળે તો પરિસ્થિતિ કાબૂ બહાર જાય. પરંતુ આપણે દૂરંદેશીપૂર્વક ભવિષ્યની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને અત્યારથી જ પ્લાનિંગ કરી રહયા છીએ. રાજય સરકારે પણ સ્માર્ટ વ્યવસ્થા અપનાવવાનું શરૂ કરી દીધું છે. વર્ક કલ્ચર બદલાઇ રહ્યું છે. લોકોને ઝડપથી સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. જેમ કે ઓનલાઇન બિલ્ડીંગ પ્લાન મંજુરી સિસ્ટમ આપણે અમલમાં મુકી ચુકયા છીએ. હવે રાજય સરકાર એન.એ. તેમજ ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસ માટે વધુ સરળ પ્રક્રિયા માટે કાર્યરત છે. અત્યાર સુધી પાસપોર્ટ મેળવવા માટે પોલીસ વેરીફિકેશનમાં ઘણો સમય પસાર થતો હતો પરંતુ હવે પોલિસ અરજદારના ઘેર આવશે, પોલિસ પોતાના સ્માર્ટ ફોનમાં રહેલ ક્રિમીનલના ડેટાબેઇઝ સાથે અરજદારની ચકાસણી કરી ઓન ધ સ્પોટ પોતાનો રિપોર્ટ આપી શકે તેવી વ્યવસ્થા આવી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ તાજેતરના વિદેશ પ્રવાસ વિશે જણાવ્યું હતું કે, ઇઝરાયલ માં ડ્રેનેજ વોટર રીસાઇકલિંગ થાય છે અને તેનો મહત્તમ ઉપયોગ પણ થાય છે ત્યારે મહાનગરપાલિકાએ ડ્રેનેજ વોટરને જરૂરી ટ્રીટમેન્ટ સાથે રિસાઇકલ કરી તેનો જથ્થો ઇન્ડસ્ટ્રીઝ, બાગ બગીચા, ખેતી વગેરેમાં આપી તેમાંથી રેવન્યુ મેળવવી જોઇએ. ઉપરાંત વેસ્ટમાંથી એનર્જી ઉત્પાદન માટે કાર્યવાહી શરૂ કરવી જોઇએ. લોકોને અપાતી દરેક સેવા અને સુવિધાઓનું ઓડિટિંગ પણ એટલું જ જરૂરી છે. રાજય સરકારે રાજયની મ્યુનિસિપાલિટીઓ માટે અલગ અલગ ઝોન બનાવી કમિશનરશ્રી નિયુક્તિ કરી છે જેથી કરીને નાના શહેરોનો વિકાસ ઝડપથી આગળ ધપાવી શકાય. અત્યારે શહેરોમાં ટ્રાફિક અને પર્યાવરણ મોટા પડકાર છે અને વહીવટી તંત્રએ સ્માર્ટ વર્કથી તેનો ઉકેલ લાવવો પડશે. સને : ૧૯૯૬માં હું રાજકોટનો મેયર હતો ત્યારે લેસ્ટર સાથે ટ્વીન સિટી એગ્રીમેન્ટ માટે ત્યાં ગયેલો અને તે વખતે પણ ત્યાં જાહેર માર્ગો પર સીસીટીવી કેમેરા નેટવર્કની મદદથી ટ્રાફિક કંટ્રોલ થતો હતો. લોકો તેનો આદર કરી નિયમોનું પાલન પણ કરતા હતા. આપણે પણ આ સ્થિતિનું નિર્માણ કરવું છે. રાજકોટમાં આઇ-વે પ્રોજેકટમાં સીસીટીવી કેમેરા નેટવર્ક કાર્યરત થઇ ચૂક્યું છે. તેનો બીજો તબકકો પણ હવે પૂર્ણતા ભણી છે. લોકો જાહેર જીવનમાં શિસ્તબદ્ધ રહે તે માટે આ પ્રોજેકટ ખૂબ આશીર્વાદરૂપ બને છે. હું એમ માનું છું કે, આપણા શહેરોમાં પણ ટ્રાફિક સિગ્નલ ચોવીસ કલાક ચાલુ રહેવા જોઇએ અને લોકો તેને અનુરૂપ વાહન ચલાવે તેવી વ્યવસ્થા કરવી જોઇએ. રાજકોટ મહાનગરપાલિકાએ રૈયા સ્માર્ટ સિટી માટે ઘડેલી ટીપી સ્કીમથી તંત્રને રૂા.૨૦૦૦ કરોડની આવક પણ થશે. આ તકે હું એમ પણ કહેવા માંગુ છું કે, આપણે ભલે આપણા શહેરોને સ્માર્ટ અને આધુનિક બનાવીએ, પરંતુ શહેરનો જુનો વારસો વ્યવસ્થિત જળવાઇ રહેવો જોઇએ. રૈયા સ્માર્ટ સિટીમાં નવું અટલ સરોવર બને તો પણ આપણું જુનવાણી લાલપરી તળાવ વ્યવસ્થિત જળવાઇ રહેવું જોઇએ. રાજકોટને નવું એરપોર્ટ, નવુ બસ સ્ટેન્ડ, નવી જી.આઇ.ડી.સી. વિગેરે જેવી સુવિધા આપવામાં આવી રહી છે અને સૂચિત રેગ્યુલરાઇઝ કરી લોકોને શાંતિમય જીવન પ્રદાન કરવા આવી રહ્યું છે. રાજકોટની અદાલતો માટે રાજય સરકારે ૧૫ એકર જમીન ફાળવી છે અને મોચી બજારમાંથી તમામ કોર્ટ દુર જતી રહેશે એટલી મોચી બજારની ટ્રાફિક સમસ્યાનો પણ અંત આવશે. આપણે સૌ એવા પ્રયાસ કરીએ કે, રાજકોટ રહેવાલાયક બને, માણવા- -લાયક બને તથા નાગરિકોના જીવનમાં હેપીનેસ ઇન્ડેકસ ઉંચો આવે.

આ પ્રસંગે માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં એમ જણાવ્યું હતું કે, ભારતના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સ્માર્ટ સિટી મિશન, સ્ટાર્ટઅપ ઇન્ડિયા,



**“સ્માર્ટ સિટી સમિટના આયોજનથી દેશના સ્માર્ટ સિટીઝના મહાનુભાવોને વિચારોનું આદાનપ્રદાન કરવાની જે તક આપી છે તેનાથી સૌને નવું શીખવા મળશે અને લોકોને તેનો લાભ મળશે.”**

**- શ્રી બિનાબેન આચાર્ય**
**માન. મેયરશ્રી, રા.મ્યુ.કો.**



**'સ્માર્ટ સિટી મિશનનો હેતુ વિવિધ પ્રોજેક્ટ નવી ટેકનોલોજી અને શોધોનો ઉપયોગ થાય અને વિકાસ પ્રક્રિયામાં સહયોગ મળે અને લોકોના જીવન ધોરણ સુધરે.'**

**- શ્રી બંછાનિધિ પાની**
**માન. મ્યુનિસિપલ કમિશનરશ્રી, રા.મ્યુ.કો.**

ડિજિટલ ઇન્ડિયા જેવા જબરદસ્ત મિશન લોન્ચ કરી, દેશને વિકાસની એક નવી દિશામાં ગતિ પ્રદાન કરી છે. તેમનું સ્વપ્ન છે કે, દરેક સિટી સ્માર્ટ બને. આજે આપણે અહિં સ્માર્ટ સિટી સમિટનું આયોજન કરીને દેશના સ્માર્ટ સિટીઝના મહાનુભાવો માટે વિચારોનું આદાન પ્રદાન કરવાની જે તક આપી છે તેનાથી સૌને ઘણું નવું શીખવા મળશે અને નાગરિકોને તેનો સીધો જ લાભ પ્રાપ્ત થશે. રાજકોટ મહાનગરપાલિકાએ પણ સ્માર્ટ સિટી હેઠળ અનેક પ્રોજેક્ટ હાથ પર લીધા છે. જેમાં લોકોના જીવનધોરણ ઉંચા લાવવા માટે ટેકનોલોજી, નવી શોધોની મદદથી વિવિધ પ્રોજેક્ટ આગળ ધપાવવામાં આવી રહ્યા છે.

માન. મેયરશ્રીએ વધુમાં એમ પણ જણાવ્યું હતું કે, રાજકોટ આઇ-વે પ્રોજેક્ટ તેનું ઉત્તમ દ્રષ્ટાંત છે. તાજેતરમાં રાજકોટ મહાનગરપાલિકાને સોલાર ઉર્જા પ્રાપ્ત થશે અને મહાનગર-પાલિકાને આજી ફિલ્ટર પ્લાન્ટ ચલાવવા માટે થતો વિજળીનો ખર્ચ અડધોઅડધ બચી જશે. કલાઇમેટ ચેન્જની દિશામાં મહાનગરપાલિકા ખૂબ સારુ કાર્ય કરી રહી છે. સને : ૨૦૨૦ સુધીમાં આપણે શહેરમાં કાર્બન ઉત્સર્જનના પ્રમાણમાં ૫૦ ટકા જેવો ઘટાડો કરવાનો લક્ષ્યાંક રાખીએ છીએ.

માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ નવી ટેકનોલોજી અને નવી શોધો તેમજ વિવિધ શહેરની બેસ્ટ પ્રેક્ટિસનો લાભ તમામ શહેરોને મળે તેવા આશય સાથે યોજાયેલી આ સ્માર્ટ સિટી સમિટમાં રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેક્ટ વિશે વાત કરી હતી.

કાર્યક્રમ પ્રારંભે મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ સૌ મહાનુભાવોનું સ્વાગત કરી પોતાના સંબોધનમાં એમ જણાવ્યું હતું કે, અત્યારે રાજ્ય સરકારશ્રી દ્વારા ખૂબ જ ઝડપથી વિકાસ પ્રક્રિયા આગળ ધપાવવામાં આવી રહી છે. ઓનલાઇન બિલ્ડીંગ પ્લાન પરમિશન, મ્યુનિસીપાલિટીઓ માટે રીજીયોનલ કમિશનરશ્રી નિયુક્તિ, છેલ્લા સમયથી પેન્ડિંગ પડી હતી તે ટીપી સ્કીમોને મંજુરી, વગેરે જેવા ઉત્તમ ઉદાહરણો તેની સાક્ષી પૂરે છે. તેમજ વહીવટી તંત્રને જરૂરી અન્ય તમામ સહયોગ પણ સતત મળી રહયો છે. કમિશનરશ્રીએ વધુમાં કહ્યું હતું કે, સ્માર્ટ સિટી પ્રોજેક્ટ શા માટે ? લોકોને ખૂબ જ ઝડથી સ્માર્ટ સોલ્યુશન મળે તેવો આશય સ્માર્ટ સિટીનો છે. જેમાં નવી નવી ટેકનોલોજી અને નવી નવી શોધોના લોકોને લાભ મળી રહે. વિકાસ પ્રક્રિયામાં તેનો સહયોગ મળે અને લોકોને સુખમય જીવન પ્રાપ્ત થાય. તમને જાણીને આનંદ થશે કે આઇ-વે પ્રોજેક્ટથી રાજકોટમાં ક્રાઇમ રેઇટ ૩૫ ટકા નીચો આવી ગયો છે. લોકો શિસ્તબદ્ધ વાહન વ્યહવાર ભણી વિચરતા અને આગળ ધપતા થયા છે.

કમિશનરશ્રીએ વિશેષમાં એમ કહ્યું હતું કે, મહાનગરપાલિકાએ અન્ય કેટલાય સ્માર્ટ પ્રોજેક્ટ થકી ઓછા ખર્ચે સુવિધાઓ મેળવવાનો અભિગમ અપનાવ્યો છે. શહેરની ૬૦,૦૦૦ સોડિયમ લાઇટને એલ.ઇ.ડી.માં કન્વર્ટ કરી વિજળી ખર્ચમાં ૫૦ ટકા જેવી ઘરખમ બચત કરી છે. હવે સોલાર એનર્જી થકી આજી ડેમ વોટર પમ્પિંગ સ્ટેશનમાં પણ ૫૦ ટકા વિજળી બચાવ-વામાં આવી રહી છે. રાજય સરકારશ્રીની મદદથી 'સૌની યોજના'ના સથવારે રાજકોટ શહેરની પીવાના પાણીની સમસ્યાનો કાયમી અંત આવ્યો છે.



મુખ્યમંત્રીશ્રી અવાર-નવાર કહે છે તેમ, સ્માર્ટ સિટી થકી 'જયાં માનવી, ત્યાં સુવિધા' હોવી જ જોઇએ. લોકોને કવોલિટી લાઇફ મળવી જોઇએ. લોકોને વધુ સારું ઇન્ફ્રાસ્ટ્રકચર મળવું જોઇએ. મહાનગરપાલિકાએ ૧૦૦૦ એકરની વિશાળ જગ્યામાં રૈયા સ્માર્ટ સિટી ડેવ-લપમેન્ટ બનાવ્યો છે. ૩૬ લાખ ચો.મી. જમીનમાં ગ્રીનફિલ્ડ ડેવલપમેન્ટ કરનાર રાજકોટ દેશનું પ્રથમ શહેર બનશે. આ ટીપી સ્કીમમાં રાજકોટ મહાનગરપાલિકાને ૧૦ લાખ ચો.મી. જમીન મળનાર છે અને તેમાંથી આશરે રૂા.૨૦૦૦ કરોડની આવક પણ પ્રાપ્ત થશે.

આ સ્માર્ટ સિટી સમિટને સફળ બનાવવા ડેપ્યુટી કમિશનરશ્રી ચેતન ગણાત્રા, શ્રી ચેતન નંદાણી, ઉપરાંત અનેક અધિકારીઓની ટીમોએ જહેમત ઉઠાવી હતી.

સમિટના પ્રારંભે મેયરશ્રી બિનાબેન આચાર્ય, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની તથા પદાધિકારીઓએ માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કર્યું હતું. આ ઉપરાંત આ સમિટમાં પાર્ટનર 'ઇલેટસ' કંપનીના સી.ઇ.ઓ. શ્રી રવિ ગુપ્તા તથા સ્માર્ટ સિટી ટેકનોલોજી પાર્ટનર 'હનીવેલ'ના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા મુખ્યમંત્રીશ્રી ને સ્મૃતિચિહ્ન અર્પણ કરાયું હતું. જયારે માન. મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે પાર્ટનર સંસ્થાઓનું મોમેન્ટો દ્વારા બહુમાન પણ કરાયુ હતું.

માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે (૧) સ્માર્ટ સિટી વેબસાઇટ, (૨) સ્માર્ટ સિટી રાજકોટનો એરિયા બેઇઝ્ડ પ્લાન, (૩) આજી ડેમ વોટર વર્કસ પમ્પિંગ સ્ટેશન ખાતે સ્થાપિત કરાયેલ ૧૭૫ કે.વી. ક્ષમતાનો સોલાર પ્લાન્ટ અને (૪) 'ઇલેટસ' કંપની દ્વારા પ્રસિદ્ધ થનાર ઇ-ગવર્નન્સ મેગેઝિનનું લોન્ચિંગ કરવામાં આવેલ હતાં. આ જયારે કાર્યક્રમને અંતે 'ઇલેટસ' કંપનીના સી.ઇ.ઓ. શ્રી રવિ ગુપ્તાએ આભાર વિધિ કરી હતી.

## રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત શ્રી સરોજિની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલમાં

# સ્માર્ટ ગર્લ્સ વર્કશોપ



રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત શ્રી સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલમાં સ્માર્ટ ગર્લ્સ વર્કશોપ યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયરશ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહેલ હતા. આ અવસરે ડેપ્યુટી મેયરશ્રી અશ્વીન--ભાઇ મોલીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઇ કાનગડ, પૂર્વ ડેપ્યુટી મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, શાસક પક્ષ નેતા શ્રી દલસુખભાઇ જાગાણી, શાસક પક્ષ દંડક શ્રી અજયભાઇ પરમાર, માધ્યમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી અંજનાબેન મોરજરીયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી શ્રી દેવાંગભાઇ માંકડ, શ્રી જીતુભાઇ કોઠારી, કોર્પોરેટરશ્રીઓ શ્રી અનિતાબેન ગોસ્વામી, શ્રી શિલ્પાબેન જાવિયા, શ્રી જયાબેન ડાંગર, શ્રી મીનાબેન પારેખ, જૈન અગ્રણીશ્રી મયુરભાઇ શાહ, પુનાના ભારતીય જૈન સંગઠન રાજકોટ પ્રતિનિધિશ્રી દર્શનાબેન કોઠારી, સરોજિની નાયડુ સ્કૂલ આચાર્યશ્રી સોનલબેન ફળદુ તેમજ વર્કશોપમાં ભાગ લેનાર ધોરણ ૧૨ની ૫૫ વિદ્યાર્થીનીઓ વિગેરે ઉપસ્થિત રહેલ હતા.

રાજ્ય સરકાર 'સ્ત્રી સશક્તિકરણ' હેઠળ અનેક કાર્યો કરી રહી છે. સ્ત્રીઓ અનેક ક્ષેત્રોમાં પોતાનું યોગદાન આપી રહેલ છે. આર્મી અને પોલિસ વિભાગમાં પણ મહિલાઓની ભરતી થઇ રહેલ છે, પરંતુ અભ્યાસ કરતી અને તરુણા--વસ્થામાં પહોંચતી વિદ્યાર્થિનીઓ ઘણી વખત છેતરામણી અને લાલચનો ભોગ બને છે. અને ખૂબ જ મુશ્કેલીમાં મુકાઇ જાય છે. આજની આ વિદ્યાર્થિનીઓ પોતાની સામે આવનાર પડકારોનો હિંમતપૂર્વક સામનો કરી શકે, સક્ષમ બને, આત્મબળ વધે અને સશક્ત બને તેવા શુભ આશયથી આજરોજ 'સ્માર્ટ ગર્લ્સ વર્કશોપ' શરૂ કરેલ છે આ વર્કશોપમાં ભારતીય જૈન સંગઠનના રાજકોટ સ્થિત પ્રતિનિધિશ્રી દર્શનાબેન કોઠારી દ્વારા જુદા જુદા વિષયો પર તાલીમ આપશે. આ કોર્ષ ૬ મોડ્યુલમાં વહેંચાયેલો છે.

પ્રથમ મોડ્યુલ છે Self-Awareness. આ વર્કશોપમાં ઉપસ્થિત યુવતીઓ પોતાના વિષે માહિતી આપે છે. પોતાની જાતને ઓળખી શકાય અને તેના દ્વારા પોતાનામાં પોઝીટીવ ચેન્જીસ લાવી શકાય, તેની ચર્ચા આ સેશનમાં કરવામાં આવે છે. સેશન પુરું થયે એક મંત્ર આપવામાં આવે છે,

- Knowing Oneself-Empowering Oneself.

બીજો મોડ્યુલ છે Communication and Relationship. નિખાલસ તથા તંદુરસ્ત સંવાદ. વાતચીત દ્વારા સંબંધોમાં કઇ રીતે સુમેળતા સાધી શકાય તેની સમાજ આપવામાં આવે છે. ખુશ રહેવા અને સક્ષમ બનવામાં કઇ રીતે મદદરૂપ થઇ શકે તેની ચર્ચા કરવામાં આવે છે.

ત્રીજો મોડ્યુલ છે Menstruation and Hygiene. જેમાં દિકરીઓને માસિક ધર્મ (Menstruation) વિષે વિગતવાર વૈજ્ઞાનિક રીતે વિઝ્યુઅલી માહિતી આપવામાં આવે છે. તથા તે દરમ્યાન કઇ રીતે સ્વચ્છતા રાખવી જોઇએ શું કાળજી રાખવી જોઇએ વિગેરેનું માર્ગદર્શન આપવામાં આવે છે.

ચોથો મોડ્યુલ છે. આત્મસન્માન તથા આત્મવિશ્વાસનું સંયોજન એટલે Self-Esteem એ અંગેની ચર્ચા છેડી Self-Esteem High તથા Low કઇ રીતે બને અને Low Self-Esteem થી શું નુકશાન થઇ શકે તથા તેમાંથી બહાર કઇ રીતે નીકળવું તે અંગેની છણાવટ કરવામાં આવે છે. તેની સાથે Self-Esteem (સ્વ-રક્ષણ) કઇ રીતે કરવું તેનું પણ માર્ગદર્શન આપવામાં આવે છે.

પાંચમો મોડ્યુલ છે Choices of Decisions. અલગ અલગ વિકલ્પો વચ્ચે યોગ્ય નિર્ણય કઇ રીતે લેવો તે અંગેની રસપ્રદ છણાવટ સાથે યુવતીઓને સંદેશો આપવામાં આવે છે કે, જો તેમણે વધારે સ્વતંત્રતા જોઇતી હશે તો તેમણે વધારે જવાબદાર હોવાનું પુરવાર કરવું પડશે.

છઠ્ઠો મોડ્યુલ છે. Friendship and Temptations જેવા મિત્રો અને તેમનું મહત્વ, મિત્રોની તમારા વ્યક્તિત્વ પર પ્રભાવની માત્રા, વિજાતીય મૈત્રી હોવી જોઇએ કે નહિં, મૈત્રીમાં કેટલું અંતર રાખવું વિગેરે બાબતો સમાવિષ્ટ છે.

યુવતીના માતા-પિતાને પણ આ વર્કશોપનો હિસ્સો બનાવી, બે પેઢી વચ્ચેનું વૈચારિક અંતર દુર કરવાનો પ્રયાસ કરવામાં આવે છે.




# રાજકોટ મહાનગરપાલિકા, રૂડા, માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ પોલિસ વિભાગના જુદા જુદા કામોનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ

## રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે

રાજકોટ મહાનગરપાલિકા, રૂડા, માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ પોલિસ વિભાગના જુદા જુદા પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ તા.૧૫-૭-૨૦૧૮ને રવિવારના રોજ રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયરશ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહેલ. તેમજ સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, અનુસુચિત જાતી મોરચાના રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, ડે.મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, રાજકોટ જીલ્લા કલેક્ટર ડૉ. રાહુલ ગુપ્તા, પોલીસ કમિશનરશ્રી અનુપમસિંઘ ગેહલોત, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઈ રાઠોડ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, દંડક શાસક પક્ષ શ્રી અજયભાઈ પરમાર, હાઉસીંગ કમિટી ચેરમેનશ્રી જયાબેન ડાંગર, બાંધકામ કમિટી ચેરમેનશ્રી મનિષભાઈ રાડીયા, વોટર વર્કસ કમિટી ચેરમેનશ્રી બાબુભાઈ આહીર, સમાજ કલ્યાણ કમિટી ચેરમેનશ્રી આશિષભાઈ વાગડિયા, ડ્રેનેજ કમિટી ચેરમેનશ્રી જ્યોત્સનાબેન ટીલાળા તેમજ કોર્પોરેટર શ્રીઓ, ભાજપના અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવેલ કે, મહાનગરપાલિકા તેમજ રાજ્યની અન્ય કચેરીઓ દ્વારા રૂ.૧૭૬ કરોડના ખર્ચે જુદા જુદા પ્રોજેક્ટના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યા. જે પ્રતીતિ કરાવે છે કે, સતત કામ કરતી સરકાર છે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ અનેક વિકાસ કર્યો કરી રહેલ છે. શહેરનો ચારેય તરફ વિકાસ થઇ રહેલ છે ત્યારે રાજકોટ ધબકતું, વિકસતું અને ગતિશીલ રાજકોટ તરીકે આગળ વધી રહ્યું છે. માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૨ સુધીમાં પોતાના ઘરનું ઘર મળે ઝુપડપટ્ટી અને કાચા મકાનોમાં રહેતા લોકોને પાક્કા મકાન મળે તેવો સંકલ્પ કરેલ છે. જયારે રાજ્ય સરકાર પણ પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ તમામ શહેરોમાં આવાસની કામગીરી ચાલુ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે ૧૧૨૦ કુટુંબોને આવાસ ફાળવેલ છે. આ આવાસના લાભાર્થીઓ ઉતરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામના પાઠવેલ. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૭૦

### મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે થયેલ લોકાર્પણ અને ખાતમુહૂર્તની વિગત

**રાજકોટ મહાનગરપાલિકા દ્વારા.....**

- રૂ.૭૬ કરોડના ખર્ચે EWS ૧૧૨૦ આવાસોનું લોકાર્પણ.
- રૂ.૨.૦૮ કરોડના ખર્ચે મહિલા સ્વીમીંગપુલનું લોકાર્પણ.
- રૂ.૨.૬૬ કરોડના ખર્ચે પી.એન્ડ ટી.વી.શેઠ હાઈસ્કુલના નવા બિલ્ડીંગનું લોકાર્પણ.
- રૂ.૪૩.૨૪ કરોડના ખર્ચે ગવરીદડ ખાતે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ.
- રૂ.૧૨.૧૮ કરોડના ખર્ચે વોર્ડ નં.૧૮માં જુદી જુદી ૩ જગ્યાએ ESR-GSRનું ખાતમુહૂર્ત.
- રૂ.૨.૭૧ જુદા જુદા વિસ્તારોમાં બગીચાઓનું ખાતમુહૂર્ત.

**રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા....**

- રૂ.૧.૭૮૧૧ કરોડના ખર્ચે કાલાવડ રોડથી ગોંડલ રોડને જોડતા રીંગ રોડ-૨ (ફેઝ-૨) ઉપર પારડી ગામ મુકામે હાઈલેવલ બ્રિજનું ખાતમુહૂર્ત.
- રૂ.૨.૬૦૧૧ કરોડના ખર્ચે ટી.પી. સ્કીમ નં.૨૦ + ૨૧ (મુંજકા)માં રીંગ રોડ-૨ થી અવધ રોડને જોડતા ૧૮ મી., ૨૪મી. ના મેટલીંગ રોડનું ખાતમુહૂર્ત.
- રૂ.૫.૨૯૦૮ કરોડના ખર્ચે રાજકોટ કાલાવડ (SH-23) રોડમાં સત્તામંડળ હસ્તકના ૩.૧૨૦ કિ.મી. લંબાઈનું ૬(છ) લેનમાં વિસ્તૃતિકરણ કામનું ખાતમુહૂર્ત.
- રૂ.૨.૧૮૭૮ કરોડના ખર્ચે ખરેડીથી મઘરવાડા અને ગુંદા વિલેજને જોડતા મેટલીંગના રસ્તા પર ડામર કામ કરવાના કામનું ખાતમુહૂર્ત.

**માર્ગ અને મકાન વિભાગ દ્વારા...**

- રૂ.૮.૯૮૮૨ કરોડના ખર્ચે ગવર્મેન્ટ એન્જી.કોલેજ ખાતે સિવિલ બ્લોકનું ખાતમુહૂર્ત.
- રૂ.૫.૭૮૬૧ કરોડના ખર્ચે સરકારી ઈજનેરી કોલેજ, રાજકોટ ખાતે એનેક્ષી બિલ્ડીંગના કામનું ખાતમુહૂર્ત.
- રૂ.૬.૦૨૩૬ કરોડના ખર્ચે યુનિવર્સિટી રોડ પરની રાજકોટ ડિસેબલ આઈ.ટી.આઈ. (પી.એચ.)ના કામનું ખાતમુહૂર્ત.

**રાજકોટ શહેર પોલીસ વિભાગ દ્વારા...**

- રૂ.૨.૩૩૭૯ રાજકોટ શહેરના કુવાડવા ખાતે (અર્બન) પોલીસ સ્ટેશનનું લોકાર્પણ.
- રૂ.૨.૧૩૬૩ કરોડના ખર્ચે રાજકોટ શહેર ખાતે બી ડીવીઝન પોલીસ સ્ટેશનનું લોકાર્પણ.



એમ.એલ.ડી.નો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવેલ છે. ત્યારે રાજ્ય સરકાર ડ્રેનેજના પાણીનો રિ–યુઝ અને રિ–સાયકલ થાય જેમ કે ખેતી, બાંધકામ, બાગ બગીચા, ઈન્ડસ્ટ્રીઝ વિગેરેમાં વાપરી શકાય તે માટે કટીબદ્ધ છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા પણ ડ્રેનેજનું પાણી રિ–યુઝ થાય તેવી કાર્યવાહી કરવા જણાવેલ. રાજ્યમાં પાણીની સમસ્યા ન રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ગત ધોમધખતા ઉનાળામાં જનતાના યોગદાન દ્વારા રાજ્યોના અનેક તળાવો 'સુજલામ સુફલામ જળ સંચય અભિયાન' હેઠળ ઊંડા ઉતારવાની કામગીરી કરવામાં આવી. જેના કારણે ૧૧ હજાર લાખ લિટર જળસંગ્રહ શક્તિમાં વધારો થયો. ગુજરાતને પાણીદાર બનાવવા સરકાર આગળ વધી રહી છે. દરિયાના પાણીને મીઠા કરવાની યોજના પણ હાથ ધરવામાં આવેલ છે. ગુજરાતની સરકાર દરેકને પઢાઈ, કમાઈ અને દવાઈ એ ધ્યેય સાથે કામ કરી રહી છે. સિનિયર સિટીઝનોને જેની રૂા.૬ લાખ વાર્ષિક આવક હોય તેવા લોકોને અમૃત અને વાત્સલ્ય કાર્ડ કાઢી આપી, આરોગ્યની સારવાર માટે સરકાર રૂા.૩ લાખનો ખર્ચ કરે છે. આ ઉપરાંત રાજ્ય સરકાર 'હર હાથ કો કામ, હર ખેત કો પાની' એ સુત્રને પણ સાકાર કરવા આગળ ધપી રહી છે. એપ્રેન્ટીસ યોજના દ્વારા વધુ ને વધુ યુવાનોને રોજગારી મળે તે માટે કામ કરી ૧લી મે થી અત્યાર સુધીમાં ૨૨૦૦૦ યુવાનોને એપ્રેન્ટીસ યોજનામાં જોડવામાં આવેલ છે. ગુજરાત સરકાર લોકોની વેદનાને ધ્યાનમાં રાખી કામ કરી રહેલ છે, તેમ અંતમાં મુખ્યમંત્રીશ્રી એ જણાવેલ.

આ અવસરે માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, રાજકોટ માટે આજ નો દિવસ યાદગાર રહેશે. આજરોજ શહેરને સ્માર્ટ સિટી તરફ લઈ જવા સ્માર્ટ સિટી સમિટનું આયોજન કરવામાં આવેલ, તે ઉપરાંત રૂ.૧૭૬ કરોડના ખર્ચે લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવ્યા. મહિલા મેયર તરીકે મને એ વાતનો ગર્વ છે કે, ૧૩૦૦ જેટલી બહેનોને 'ઉજ્જવલા યોજના' હેઠળ ગેસના કનેક્શન આપવાની કાર્યવાહી તેમજ મહિલા સ્વીમીંગ પુલનું લોકાર્પણ અને ૧૧૨૦ જરૂરિયાતમંદ પરિવારોને આવાસની ફાળવણી કરવામાં આવેલ છે. ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સંકલ્પબદ્ધ છે કે, દેશની બહેનો ચૂલામાં લાકડા અને કોલસો ઉપયોગમાં લે છે જે વાપરી આરોગ્યને નુકશાન કરે છે. તેના સ્થાને 'ઉજ્જવલા યોજના' હેઠળ ગેસના ચુલા મળે તે માટે સરકાર કાર્યવાહી કરી રહેલ છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૨ સુધીમાં તમામને પોતાના ઘરનું ઘર મળે તે પણ તેમનું સપનું છે. રાજકોટ મહાનગરપાલિકાએ પ્રધાનમંત્રીના આ સપના ને સાકાર કરવા અત્યારસુધીમાં ૧૩૦૦૦થી વધુ આવાસો બનાવી ફાળવવામાં આવેલ છે અને હજુ ૬૦૦૦થી વધુ આવાસોની કામગીરી ચાલુ છે. ખાસ તો રાજકોટને પીવાનું પાણી પૂરૂ પાડતા જળાશયોમાં પાણી નહોતું ત્યારે માન. મુખ્યમંત્રીએ 'સૌની યોજના' મારફત આજી ડેમ–૧ નર્મદાના પાણીથી ભર ઉનાળે ભરી, પાણી કાપને કાયમી ધોરણે તિલાંજલિ આપેલ છે. આ ઉપરાંત રાજ્ય સરકારે ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માધાપર ચોકડી તથા સિવિલ હોસ્પિટલ ચોક ખાતે ઓવરબ્રિજ બને તે માટે ચાલુ સાલમાં બજેટમાં જોગવાઈ કરેલ છે. રાજ્ય સરકાર રાજકોટમાં મલ્ટીપર્પઝ સ્પોર્ટસ સંકુલ અને હોસ્ટેલ પણ બનાવી રહી છે. રાજ્ય સરકારના સહયોગથી રાજકોટ 'સ્માર્ટ સિટી' બનવા આગળ ધપી રહ્યુ છે.

રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ શહેર વિકાસ સત્તા મંડળ, માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ શહેર પોલીસ વિભાગના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઉજ્જવલા યોજના–૨ હેઠળ રાજકોટની બહેનોને ગેસ કનેક્શન અર્પણ વિધિ કાર્યક્રમ કરવામાં આવેલ તેમજ આવાસ યોજનાના લાભાર્થીઓને ટોકન સ્વરૂપે ચાવી તથા એપ્રેન્ટિસને નિમણુંકપત્ર અર્પણ કરવામાં આવેલ. આજના કાર્યક્રમના પ્રારંભે મુખ્ય–મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સહિતના મંચસ્થ મહાનુભાવોએ દીપ પ્રગટ્ય કરેલ જ્યારે મ્યુ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરેલ અને કોર્પોરેશનના વિવિધ પ્રોજેક્ટની માહિતી આપેલ. મહાનગરપાલિકાના પદા–ધિકારીશ્રીઓ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું ફૂલહાર થી સ્વાગત કરવામાં આવેલ ત્યારબાદ શહેર ભાજપના હોદ્દેદારો દ્વારા મુખ્યમંત્રીશ્રીનું ફૂલહારથી સ્વાગત કરવામાં આવેલ. તેમજ હાઉસીંગ કમિટી ચેરમેનશ્રી જયાબેન ડાંગર, બાંધકામ કમિટી ચેરમેન મનીષભાઈ રાડીયા, વોટર વર્કસ કમિટી ચેરમેનશ્રી બાબુભાઇ આહિર, સમાજ કલ્યાણ કમિટી ચેરમેનશ્રી આશિષ વાગડિયા, ડ્રેનેજ કમિટી ચેરમેનશ્રી જ્યોત્સનાબેન ટીલાળા દ્વારા મંચસ્થ મહાનુ–ભાવોનું પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે આભાર દર્શન સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડએ કરેલ.



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'સ્વચ્છ નારી, સ્વચ્છ સમાજ' અંતર્ગત તા.૨૬-૭-૨૦૧૮ના રોજ અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ ખાતે જાગૃતિ સેમિનાર તથા બહેનોને સેનિટરી નેપકીન વિતરણ કાર્યક્રમ યોજાયો હતો, જેનો શુભારંભ રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ માન. મંત્રીશ્રી વિભાવરીબેન દવેના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને મેયરશ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહેલ હતાં.

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરિયા, શુભ પ્રિયંવદા ફાઉન્ડેશન સંચાલકશ્રી સ્મિતાબેન મુર્મુ, જાણીતા તબીબશ્રી ડૉ. બબીતાબેન હાપાણી, ડૉ. નીતાબેન રંગાણી, મહિલા અગ્રણીશ્રી કાશ્મીરાબેન નથવાણી, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખશ્રી નયનાબેન પેઢડીયા, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજય--ભાઈ પરમાર, શ્રીમતી સીમા બંછાનિધિ પાની, પૂર્વ ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, શ્રીમતી વંદનાબેન ભારદ્વાજ, કોર્પોરેટરશ્રી સજુબેન કળોતરા, શ્રી જ્યોત્સનાબેન ટીલાળા, શ્રી પ્રીતિબેન પનારા, શ્રી દેવુબેન જાદવ, શ્રી શિલ્પાબેન જાવિયા, શ્રી વર્ષાબેન રાણપરા, શ્રી જયાબેન ડાંગર તથા માધ્યમિક સ્કુલની વિદ્યાર્થિનીઓ, આંગણવાડીની આશા વર્કર બહેનો, તેમજ ૧૦૦ સખી મંડળના બહેનો વિગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા.

માન. મંત્રીશ્રી વિભાવરીબેન દવેએ તેમના પ્રાસંગિક ઉદબોધનમાં એમ કહ્યું હતું કે, આપણે જોઈએ છીએ કે, બહેનો પોતાના સ્વાસ્થ્યના ભોગે પણ સૌપ્રથમ પોતાના પરિવાર અને પોતે જ્યાં કામ કરે છે તે વ્યવસાયની પણ એટલી જ ચિંતા કરે છે, જેના કારણે તેના આરોગ્ય પર વિપરીત અસર પડતી જ હોય છે. એમાંય, સેનેટરી નેપકીનની બાબતમાં હજુ પણ અનેક બહેનો ક્ષોભ સંકોચને કારણે પોતાની તકલીફ કોઈને જણાવી શકતા નથી. ખરાબ કપડાને કારણે બહેનો પોતાના સ્વાસ્થ્યને જોખમમાં મુકે છે, પરંતુ હવે તેઓએ જાગૃત થવાની જરૂર છે. મને એમ લાગે છે કે, હવે એ સમય આવી ગયો છે કે, બહેનો સૌપ્રથમ તો પોતાના સ્વાસ્થ્યની ચિંતા કરે અને એમાં કોઈ સ્વાર્થ નથી. જો તે પોતે સ્વસ્થ હશે તો જ તે પરિવાર અને વ્યવસાય સબંધી પોતાની જવાબદારીઓ સરળતાથી નિભાવી શકશે. બહેનો એટલા ઉદાર હોય છે કે, પોતાની તકલીફો અન્ય કોઈને જણાવ્યા વગર જ પરિવારની કાળજી રાખે છે. મહિલામાં ખૂબ શક્તિ છે. પુરૂષ વગરના ઘરમાં મહિલા તમામ જવાબદારીઓ નિભાવતી હોય છે એવું આપણે જોયું છે, પરંતુ મહિલા વગરના ઘરમાં પુરૂષ દ્વારા પરિવારની તમામ જવાબદારીઓ નિભાવવામાં આવતી હોય તેવું ભાગ્યે જ જોવા મળશે. આવા કિસ્સા જોવા મળે તો એ પુરૂષોનું સન્માન થવું જોઈએ. દેશના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના શાસનમાં સરકારશ્રી દ્વારા મહિલા અને બાળ કલ્યાણ તથા વિકાસ માટે વિવિધ યોજનાઓ, પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના આયોજનો કરવામાં આવી રહ્યા છે.

માન. મંત્રીશ્રીએ વિશેષમાં કહ્યું કે, અત્યારે ગુજરાત વિધાનસભામાં ઘણા મહિલા ધારાસભ્યો ચૂંટાયા છે અને તેઓ ચૂંટણીમાં પુરૂષ ઉમેદવાર સામે વિજેતા બનીને આ પદ સુધી પહોંચ્યા છે, માત્ર અનામતના આધાર પર નહિં. અલબત્ત, ગુજરાતમાં નોકરીમાં ૫૦ ટકા મહિલા અનામત તથા પોલીસમાં પણ ૩૩ ટકા મહિલા અનામત આપવામાં આવે છે. ગુજરાતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ૩૦



# 'સ્વસ્થ નારી, સ્વસ્થ સમાજ', અંતર્ગત
# જાગૃતિ સેમિનાર યોજાયો



**'પોતાના સ્વાસ્થ્યના ભોગે કુટુંબની ચિંતા કરતા બહેનો સ્વસ્થ હશે ત્યારે જવાબદારી નિભાવી શકશે, માટે પોતાના હેલ્થની પહેલા ચિંતા કરે.'**

**- શ્રી વિભાવરીબેન દવે**
**માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, ગુજરાત**



**‘આપણી ભાવી પેઢીને તંદુરસ્ત સ્વાસ્થ્ય પ્રદાન કરવામાં આ પ્રકારના મહિલા જાગૃતિ સેમિનાર આશીર્વાદરૂપ બનશે.’**

**- શ્રી બંછાનિધિ પાની**
**માન. કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકા**

લાખ સગર્ભા બહેનોની કાળજી લેવામાં આવી ચુકી છે. ગુજરાત મહિલા અને બાળ વિકાસ ક્ષેત્રે ખુબ અગ્રેસર છે તેમાં કોઇ શંકા રહી નથી. ઉલટાનું ગુજરાતનું ગૌરવ વધ્યું છે.

માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે, આપણા સમાજની એ ખરેખર કમનસિબી છે કે, હજુ માત્ર ૧૨ ટકા બહેનો જ સેનેટરી નેપકીનનો ઉપયોગ કરે છે, કેમ કે, તેઓ હજુ પુરા જાગૃત નથી. ૨૮ મી મેં એ આ માટે વૈશ્વિક જાગૃતિ કાર્યક્રમો પણ થયા છે. ભાજપ મહિલા મોરચા દ્વારા પણ ગુજરાતમાં આ મુદ્દે બહેનોના સ્વાસ્થ્ય બાબતે અનેક કાર્યક્રમો થઇ રહયા છે.

મેયરશ્રીએ વિશેષમાં કહ્યું હતું કે, હજુ ઘણા પરિવારો એવા છે જે, આર્થિક રીતે થોડી નબળી સ્થિતિને કારણે, તેમજ અભ્યાસ અને જાગૃતિના અભાવે પણ સેનેટરી નેપકીનનો ઉપયોગ કરતા નથી. આવા સંજોગોમાં બહોનોને જાગૃત કરવા શુભ પ્રિયંવદા ફાઉન્ડેશનના સંચાલક શ્રી સ્મિતાબેન મુર્મુ જેવા કર્મનિષ્ઠ બહેનો જબરદસ્ત જહેમત ઉઠાવી રહયા છે અને આ માટે તેઓ અભિનંદનને પાત્ર છે.

આ અવસરે શુભ પ્રિયંવદા ફાઉન્ડેશનના સંચાલકશ્રી સ્મિતાબેન મુર્મુએ કહ્યું હતું કે, મહિલા તેના પરિવારમાં અને આપણા સમાજમાં અનેક પ્રકારની ભૂમિકા નિભાવી રહયા છે. કયાંક બહેન તરીકે, કયાંક પત્ની તરીકે તો વળી કયાંક માતા કે વ્યવસાયી તરીકે તે પોતાની ફરજ બજાવે છે. એક સાથે વિવિધ ભૂમિકા તેના સ્વાસ્થ્યને વિપરિત અસર પહોંચાડે છે. એકાકી પરિવાર અને સંયુકત પરિવારમાં તેની ભૂમિકા અલગ અલગ પ્રકારની હોય છે. સૌએ એ સમજવું જોઇએ કે, નારી સ્વસ્થ હશે તો જ પરિવાર સ્વસ્થ રહી શકશે. મહિલાઓ કપડાને બદલે સેનેટરી નેપકીનનો ઉપયોગ શરૂ કરી બીમારી--ઓથી બચે તે જરૂરી છે.

**‘ગરીબ પરિવારોને નજર સમક્ષ રાખી સરકારે મહિલા સ્વાસ્થ્યની ચિંતા કરતા સેનેટરી નેપકીન ટેકસ ફ્રી કર્યા.’**

**- શ્રી બિનાબેન આચાર્ય**
**માન. મેયરશ્રી, રાજકોટ મહાનગરપાલિકા**



કાર્યક્રમની શરૂઆતમાં સ્વાગત પ્રવચન કરતા મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ એમ કહ્યું હતું કે, આપણી ભાવિ પેઢીને તંદુરસ્ત સ્વાસ્થ્ય પ્રદાન કરવામાં આ પ્રકારના મહિલા જાગૃત્તિ સેમિનાર ખૂબ જ આશીર્વાદરૂપ બને છે. એમાં કેન્દ્ર અને રાજય સરકાર--શ્રી દ્વારા પણ મહિલા અને બાળ સ્વાસ્થ્ય તથા વિકાસ ક્ષેત્રે મહત્વપૂર્ણ કાર્યો થઇ રહયા છે. સેનેટરી નેપકીન બાબતમાં મહિલાઓ જાગૃત થાય તે જરૂરી છે. જે બહેનો હજુ આ બાબતમાં ક્ષોભ-સંકોચ ધરાવે છે તેઓને સમજાવ--વાની જવાબદારી શિક્ષિત બહેનોએ પણ સંભાળવી જોઇએ. આ એક એવી બાબત છે જેમાં સૌ બહેનોએ ‘એલર્ટ’ થવાની આવશ્યકતા છે.

આ પ્રસંગે માન. મંત્રી શ્રી વિભાવરીબેન દવેના વરદ્ હસ્તે શુભ પ્રિયંમવદા ફાઉન્ડેશનના સંચાલક શ્રી સ્મિતાબેન મુર્મુને સમાજમાં મહિલા જાગૃતિ માટે હાથ ધરેલા અભિયાન અને તેમના અમૂલ્ય યોગદાન બદલ મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. મંચસ્થ મહાનુભાવોનું બુકથી સ્વાગતશ્રી દક્ષાબેન ભેસાણીયાએ કરેલ. આભાર વિધિ ડૉ. પી. પી. રાઠોડએ કરેલ. ત્યારબાદ સેમિનારના બીજા તબક્કામાં જાણીતા તબીબ ડૉ. બબીતાબેન હપાણીએ મોટી સંખ્યામાં ઉપસ્થિત બહેનોને સ્વાસ્થ્ય સંબંધિત વિવિધ બાબતો અંગે માર્ગદર્શન આપ્યું હતું અને સ્વાસ્થ્ય અંગે પ્રશ્નોતરી પણ યોજવામાં આવેલ.

આ પ્રશ્નોતરીમાં જાણીતા તબીબ ડૉ. નીલાબેન રંગાણી પણ જોડાયેલ અને સ્વાસ્થ્ય બાબતે ઉપસ્થિત બહેનો સાથે ચર્ચા સાથે જરૂરી માર્ગદર્શન પુરું પાડેલ હતું.








# મુખ્યમંત્રી ગૃહ યોજના (રેલનગર, પોપટપરા), ગોકુલનગર આવાસ યોજના તથા સફાઈ કામદાર આવાસ યોજનાના લાભાર્થીઓનો ડ્રો

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જુદી જુદી આવાસો બનાવી રહેલ છે. શહેરના ઘર વિહોણા લોકોને ઘરના ઘરનું સપનું સાકાર થાય તે માટે મહાનગરપાલિકા સતત કાર્યરત છે. અત્યાર સુધીમાં ૨૦૦૦૦ જેટલા આવાસો અલગ અલગ સ્થળોએ બનાવવામાં આવ્યા.

'મુખ્યમંત્રી ગૃહ યોજના' (રેલનગર, પોપટપરા) આવાસની ફાળવણી બાદ જે અરજદારોએ આવાસ નહી સ્વીકારતા તેવા ખાલી પડેલ ૭૩ જેટલા આવાસો જેઓ વેઈટિંગ લીસ્ટેડ છે તેઓને ફાળવવા માટે તેમજ ગોકુલનગર વિસ્તારમાં સરકારશ્રીની ઈન્સીટુ યોજના અંતર્ગત ૫૦ લાભાર્થી ઉપરાંત મહાનગરપાલિકા દ્વારા સફાઈ કામદારો માટે બનાવવામાં આવેલ યોજના અંતર્ગત વેઈટિંગ મુજબના ૯ લાભાર્થીઓને આવાસ ફાળવવા માટેનો ડ્રો તા.૧–૯–૧૮ શનિવારના રોજ સવારના ૧૧:૩૦ કલાકે સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે કોન્ફરન્સ હોલ ખાતે મેયરશ્રી બિનાબેન આચાર્યના અધ્યક્ષ સ્થાને યોજાયો.

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રૈયાણી, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, હાઉસીંગ કમિટી ચેરમેનશ્રી જયાબેન હરિભાઈ ડાંગર, બાંધકામ કમિટી ચેરમેનશ્રી મનીષભાઈ રાડીયા, લાઈટીંગ કમિટી ચેરમેનશ્રી મુકેશભાઈ રાદડીયા, સેનિટેશન કમિટી ચેરમેનશ્રી અશ્વિનભાઈ ભોરણીયા, માધ્યમિક શિક્ષણ અને આનુષાંગિક શિક્ષણ કમિટી ચેરમેનશ્રી અંજનાબેન મોરજરીયા, એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી ચેરમેનશ્રી પ્રીતિબેન પનારા, ડ્રેનેજ કમિટી ચેરમેનશ્રી જ્યોત્સના–બેન ટીલાળા, કાયદો અને નિયમો કમિટી ચેરમેનશ્રી શિલ્પાબેન જાવિયા, કોર્પોરેટરશ્રી વર્ષાબેન રાણપરા, શ્રી મીનાબેન પારેખ, શ્રી દેવુબેન મનસુખભાઈ જાદવ, શ્રી સજુબેન કળોતરા, ડે. કમિશનરશ્રી જાડેજા તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ડ્રો કાર્યક્રમમાં મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, જોગાનુજોગ પવિત્ર શ્રાવણ માસના મહિનામાં સાતમ આઠમ પર્વની શરૂઆતમાં જે લાભાર્થીઓ આવાસ મેળવે છે તે કુદરતની ભેટ છે જેથી તમામ આવાસના લાભાર્થીઓ આ આવાસમાં સુખ શાંતિ અને પ્રગતિમય જીવન વિતાવે તેવી તમામને શુભેચ્છા પાઠવેલ. વિશેષમાં મેયરશ્રીએ જણાવેલ કે, માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનું પણ સ્વપ્ન છે કે, શહેરના ઘર વિહોણા લોકોને પોતાનું ઘરનું ઘર મળે તે માટે ચિંતિત છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા પણ જુદા જુદા વિસ્તારોમાં આવસની કામગીરી કરી રહેલ છે.

મુખ્યમંત્રી આવાસ યોજનાનો કોમ્પ્યુ–ટરાઈઝડ ડ્રો મેયરશ્રી દ્વારા કરવામાં આવેલ જયારે સફાઈ કામદાર 'આવાસ યોજના' તથા ગોકુલનગર 'આવાસ યોજના' ના લાભાર્થી–ઓને આવાસ ફાળવણીનો ડ્રો ઉપસ્થિત સૌ પદાધિકારીઓ, જુદી જુદી કમિટીના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ અને અધિ–કારીશ્રીઓ દ્વારા ચિઠ્ઠી દ્વારા ફાળવણી કરવામાં આવેલ.

'મુખ્યમંત્રી આવાસ યોજના' (રેલનગર, પોપટપરા) હેઠળ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૬૦૦૦થી વધુ આવાસો બનાવવામાં આવેલ છે. આ આવાસોમાં ઘણા લાભાર્થીઓ કોઈ પણ કારણોસર આવાસ સ્વીકારેલ ન હોય તેવા ખાલી પડેલ ૭૩ આવાસો તેમજ તેજ રીતે ગોકુલનગરમાં ૫૦ આવાસો અને સફાઈ કામદારોની આવાસ યોજનામાં ખાલી પડેલ ૯ આવાસો વેઈટિંગ લીસ્ટ મુજબના લાભાર્થીઓને ફાળવણી કરવામાં આવેલ. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જન્માષ્ટમી ના તહેવાર પ્રસંગે આવાસ ફાળવી લોકોના ઘરના ઘરનું સપનું સાકાર કરતા લાભાર્થીઓ એ આનંદની લાગણી વ્યક્ત કરેલ.

આ પ્રસંગે કાર્યક્રમની શરૂઆતમાં બાંધકામ કમિટી ચેરમેનશ્રી મનીષભાઈ રાડીયાએ ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરેલ તેમજ કાર્યક્રમના અંતે ડે. કમિશનર જાડેજાએ આભારવિધિ કરેલ. કાર્યક્રમનું સંચાલન પ્રોજેક્ટ શાખાના કર્મચારીશ્રી દિપ્તીબેન આગરિયાએ કરેલ.



જન્માષ્ટમીના અનુસંધાને લાભાર્થીઓને ઘરના ઘરનું સપનું સાકાર.



# કોટેચા ચોક ખાતે બનાવવામાં આવેલ ફ્લેમિંગો (સુરખાબ) સર્કલ

## રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખ શ્રી નીતિનભાઈ ભારદ્વાજના વરદ્ હસ્તે ખુલ્લું મુકાયું

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૬–૧૦–૨૦૧૮ના રોજ કાલાવડ રોડ પર કોટેચા ચોક ખાતે બનાવવામાં આવેલ ફ્લેમિંગો સર્કલ રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઈ ભારદ્વાજના વરદ્ હસ્તે ખુલ્લું મુકાયું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રૈયાણી, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, પૂર્વ ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, પૂર્વ સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, રાજકોટ શહેર ભાજપ મંત્રીશ્રી મહેશભાઈ રાઠોડ, શ્રી રઘુભાઈ ધોળકિયા, કોર્પો.શ્રી વિજયાબેન વાછાણી, શ્રી રાજુભાઈ અઘેરા, પ્રભારીશ્રી નીતિનભાઈ ભૂત, પૂર્વ કોર્પો.શ્રી અશ્વિનભાઇ પાંભર, શિક્ષણ સમિતિ સભ્યશ્રી અલ્કાબેન કામદાર, શ્રી કિરણબેન માંકડિયા, અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખશ્રી ડી. બી. ખીમસુરીયા, વિગેરે ઉપસ્થિત રહેલ હતા.

આ સર્કલ બનાવવાનો મુખ્ય હેતુ રાજકોટ પ્રાણી ઉદ્યાનને પ્રમોટ કરવાનો તથા લોકોને વન્યપ્રાણી – પક્ષી જગતથી અવગત કરાવવાનો છે. આ સર્કલમાં બે પ્રકારના સુરખાબ(ગ્રેટર ફલેમિંગો તથા લેસર ફલેમિંગો)ના કુલ ૧૦ વિશાળ મોડલ્સને આર્ટીફીસીયલ લેન્ડસ્કેપ અને લાઈટીંગ દ્વારા કુદરતી રહેઠાણમાં માળા સાથે બતાવવામાં આવેલ છે. જેનો ખર્ચ હંજ (સુરખાબ)ની વિગત રૂા.૪,૯૭,૫૦૦ આપણુ રાજ્ય પંખી છે. તેની ગરદન 'S' આકારની તથા પંખી જગતમાં સૌથી લાંબી અને માંસલ જીભ ધરાવે છે. સમૂહમાં કાદવથી માળાઓ બનાવે છે. મોટો હંજ (સુરખાબ) કદ : ઉંચાઈ ૧૩૫ સેમી. હંજ (સુરખાબ) ને ઓળખવો સહેલો છે. ઉંચાઈના પ્રમાણમાં તેનું નાનુ શરીર કોઈનું પણ ધ્યાન ખેંચે. આખુ શરીર રંગે સફેદ અને તેમાં આછી ગુલાબી ઝાંય, ઉંડે ત્યારે પાંખોમાંનાં ઘેરા ગુલાબી અને કાળા



રંગની ભભક તરત નજરે પડે છે. પગ લાંબા અને ગુલાબી હોય છે. ચાંચ ગુલાબી, વાંકી અને છેડેથી કાળી હોય છે. નર–માદા સરખા જોવા મળે છે. રહેઠાણઃ મોટા તળાવો, દરીયા કિનારાના કાદવીયા કે પાણીવાળા વિસ્તારોમાં જોવા મળે છે. નાનો હંજ (સુરખાબ) કદઃ ઉંચાઈ ૯૦ થી ૧૦૫ સેમી. તેના સફેદ શરીરનો ગુલાબી રંગ વધારે સ્પષ્ટ દેખાય તેવો છે. મોટા હંજના પ્રમાણમાં નાના હંજની ડોક ટુંકી અને થોડી જાડી હોય છે. પગ પણ મોટા હંજ કરતા ટુંકા હોય છે. ચાંચ ઘેરીગુલાબી, વાંકી અને છેડેથી કાળી હોય છે. નર–માદા સરખા જોવા મળે છે.






## રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ

# ૧૮૧ અભયમ્ મોબાઈલ એપ્લીકેશન લોંચ કરી

**બહેનોને જબરજસ્ત રક્ષા કવચ પુરું પાડેલ છે :**

---

**મહિલાઓના સંવેદના ધ્યાને રાખી, અભયમ્ મોબાઈલ એપ્લીકેશન દ્વારા કવચ પુરું પાડી 'સંવેદનશીલ મુખ્યમંત્રી' તરીકે વધુ એક વખત પુરવાર થયેલ છે :**

**સમગ્ર રાજ્યની બહેનોને માન. મુખ્યમંત્રીશ્રીએ રક્ષાબંધનની ભેટ આપેલ છે.**

માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, પૂર્વ ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, ગુજરાત પ્રદેશ ભાજપ કારોબારી સભ્યશ્રી રક્ષાબેન બોળીયા, પૂર્વ ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, ભાજપ મહિલા અગ્રણીશ્રી કાશ્મીરાબેન નથવાણી, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખશ્રી નયનાબેન પેઢડીયા, મહામંત્રી શ્રી પુનિતાબેન પારેખે એક સંયુકત યાદીમાં જણાવેલ કે, મહિલાઓના રક્ષણ માટે '૧૮૧ મહિલા હેલ્પલાઇન' ની સેવાને અદ્યતન અને મજબુત બનાવવાના ભાગરૂપે તા.૬-૭-૨૦૧૮ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ '૧૮૧ અભયમ્ મોબાઇલ એપ્લીકેશન' લોંચ કરી, બહેનોને જબરજસ્ત રક્ષાકવચ પુરું પાડેલ છે. મહિલાઓની સંવેદનાને ધ્યાને રાખી, મહિલાઓ માટે આ ભગીરથ નિર્ણય કરી, અદ્યતન સુવિધા સભર 'અભયમ્ મોબાઇલ એપ્લીકેશન' લોંચ કરવા સાથે ભગીરથ નિર્ણય કરી, 'સંવેદનશીલ મુખ્યમંત્રી' તરીકે વધુ એક વખત પૂરવાર કરેલ છે અને માન. મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર ગુજરાતની બહેનોને રક્ષાબંધનની ભેટ આપેલ છે.

ગુજરાત રાજયના મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યાની સાથે જ માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સંવેદનશીલ, પારદર્શક, નિર્ણાયક અને પ્રગતિશીલ સરકાર માટેના ચાર સ્તંભના સંકલ્પ સાથે સતત કાર્યરત રહેલ છે. જેના હૃદયમાં કામ માટે સેવાની જ્યોત જલી રહી છે એવા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી રાજકોટ શહેરના મેયર કે સ્ટે. કમિટી ચેરમેન તરીકે આરૂઢ હતા ત્યારે પણ શહેરના છેવાડાના અને ગરીબ વર્ગના લોકોને સુવિધા મળે તે માટે સતત ચિંતિત હતા. એવા સેવાના ભેખધારી 'સંવેદનશીલ મુખ્યમંત્રી' એ રાજયમાં સૌ પ્રથમ વખત મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળી, મુખ્યમંત્રી તરીકેના ૩૬૫ દિવસના કાર્યકાળમાં ટી-૨૦ મેચની જેમ, ત્વરિત ધોરણે ૩૬૫ થી વધુ સમાજલક્ષી નિર્ણયો કરી, પ્રગતિશીલ સરકાર તરીકે ઉભરી આવેલ છે. યુવાધનને બચાવવા વ્યસનથી દુર રહે તે માટે દારૂબંધીનો કડક કાયદો બનાવ્યો. જેને સમગ્ર ભારતદેશ ગૌમાતા તરીકે પૂજે છે એવી ગાયોને કતલખાતે જતી બચાવવા માટે ગૌહત્યા રોકવા માટે કડક કાયદો બનાવ્યો. ગરીબોને આરોગ્યલક્ષી સેવાઓ, ખેડૂતોના ઉત્થાન માટેની સેવાઓ, શૈક્ષણિક સેવાઓ તેમજ રાજયના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોને જોડતી માર્ગ પરિવહન સેવાઓ આ પ્રકારના અનેક નિર્ણયો કરવામાં આવેલ. સાથે સાથે રાજયના વિકાસને જેટ ગતિથી આગળ વધારી, ભારત દેશમાં ગુજરાતને આગવું સ્થાન અપાવેલ છે. રાજકોટના સપૂત અને રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ રાજકોટના મતદારોના મતનું ઋણ ચૂકવવા, શહેરીજનોને વગર માંગણીએ અનેક પ્રોજેકટો આપેલ છે. એમાં પણ ખાસ કરીને, શહેરનો વિસ્તાર તથા વસ્તીમાં ખૂબ જ વિકાસ થયેલ છે. તેની સામે સ્થાનિક જળાશયોમાં કોઇ નવું જળાશય નહિં બનતા, શહેરને પાણી સમસ્યા કાયમી સતાવતી રહેલ. ત્યારે આ સમસ્યાને કાયમને માટે ભૂતકાળ બનાવવા માન. મુખ્યમંત્રીશ્રીએ 'સૌની યોજના'ની લિંક હેઠળ મચ્છુ-૧ થી આજી-૧ ડેમને નર્મદા સાથે જોડીને ભરઉનાળે આજી ડેમમાં નર્મદા મૈયાના

નીરનું અવતરણ કરાવી, ડેમને ભરવામાં આવેલ. આ ઉપરાંત આંતરરાષ્ટ્રિય કક્ષાનું અદ્યતન એરપોર્ટ, આધુનિક બસપોર્ટ, હોસ્પિટલ, રેસકોર્ષ-ર, અટલ સરોવર, શહેરની સલામતી માટે આઇ-વે પ્રોજેક્ટ, નવો કન્ટેનર ડેપો, નવી G.I.D.C., ઓવરબ્રિજ સાથેની અનેક સુવિધાસભર યોજનાઓ આપેલ છે.

૧૮૧ મોબાઇલ એપ્લીકેશન અંગે માહિતી આપતા જણાવેલ છે કે, મહિલાઓને ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસાના કિસ્સામાં તાત્કાલિક ધોરણે બચાવ અને સલાહ-માર્ગદર્શન ઉપરાંત મહિલાલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે તે માટે '૧૮૧ હેલ્પલાઇન'ની સુવિધાની ઉપલબ્ધિની આવશ્યકતા જણાતા, ગુજરાત સરકારના મહિલા અને બાલ વિકાસ વિભાગ, રાજ્ય મહિલા આયોગ, ગૃહ વિભાગ અને જીવીકે ઇ.એમ.--આર.આઇ. દ્વારા સંકલિત રીતે '૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઇન' સેવા તાલીમબદ્ધ મહિલા કાઉન્સેલર સાથે ૪૫ રેસ્ક્યુ વાન સહિત ૨૪×૭ સમગ્ર રાજ્યમાં કાર્યરત છે. આ સેવાનો મહિલાઓએ ખૂબ જ લાભ લીધેલ હોઇ, તે ધ્યાનમાં રાખી તેમજ મહિલાઓની સંવેદનાને હજુ પણ વિશેષ કવચ પૂરૂં પાડવા, અદ્યતન ટેકનોલોજી નો ઉપયોગ કરી, '૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઇન મોબાઇલ એપ્લીકેશન' લોન્ચિંગ કરેલ છે. જેના કારણે બહેનો નિર્ભય બનેલ છે.

આ મોબાઇલ એપ્લીકેશનથી ૧૮૧ એપ વેબસાઇટ તેમજ ગુગલ પ્લેસ્ટોર તેમજ એપસ્ટોર આઇ.ઓ.એસ. પર ઉપલબ્ધ રહેશે. સ્માર્ટ ફોનમાં પેનિક બટન દબાવતા હેલ્પલાઇનની મદદ મેળવી શકાશે. મોબાઇલ શેકિંગ કરતા (જોરથી હલાવતા) પણ કોલ થઇ શકશે જેથી કટોકટીના સમયમાં ફોન કર્યા વગર મદદ મળી શકે. મોબાઇલ એપ્લીકેશન મારફતે ઘટના સ્થળેથી મહિલા કોલ કરે તો કોલ કરનારનું ચોક્કસ સ્થળ હેલ્પલાઇનના રીસ્પોન્સ સેન્ટર ખાતે તુરંત જ ગુગલના નકશામાં લેટ લોંગ સાથે મળી જશે, જેથી ટેલિફોન કાઉન્સેલર દ્વારા ઘટના સ્થળ વગેરેની માહિતી મેળવવાના સમયનો બચાવ થશે અને જરૂરિયાત મુજબ રેસ્ક્યુ કાર્ય થશે. આ માહિતીને આધારે નજીકની યોગ્ય હેલ્પલાઇન રેસ્ક્યુવાન કે પોલીસ સ્ટેશનને જાણ કરવાનો નિર્ણય કરવામાં મદદરૂપ બનશે તેમજ એપ્લીકેશન થકી મહિલાના મળેલ લોકેશન સાથેની માહિતી તેમના સગા વ્હાલાને ત્વરિત મોકલી શકાશે જેથી મહિલાને શોધવાના સમયનો બચાવ થશે. મહિલા ઘટના સ્થળના ફોટો અને વિડીયો એપ્લીકેશન દ્વારા અપલોડ કરીને પુરાવા તરીકે હેલ્પલાઇનના સેન્ટરમાં મોકલી શકશે. મહિલા ઘટના સ્થળ વિશે માહિતી આપી શકે તેમ ન હોય તો પેનિક બટન દબાવતા ઘટના સ્થળની એપ્લીકેશનના માધ્યમથી માહિતી હેલ્પલાઇનને પહોંચી જશે. એપમાં ૧૮૧ બટન દબાવતાની સાથે જ મુશ્કેલ માહિતી હેલ્પલાઇનને પહોચી જશે. એપમાં ૧૮૧ બટન દબાવતાની સાથે મુશ્કેલ સ્થિતિમાં રહેલ મહિલાના પાંચ જેટલા સગાસબંધી કે મિત્રોને ઓટોમેટિક એસ.એમ.એસ. થી સંદેશ મળી જશે. એપ્લીકેશન થકી કોલ કરનાર મહિલાના નીચે જણાવ્યા મુજબના ત્રણ એડ્રેસ એક સાથે હેલ્પલાઇન સેન્ટરમાં મળી જશે જેમાં તેનું (૧)કોલનું સ્થળ (૨) S.D.R. ટેલીકોમ સર્વિસ provider પાસે નોંધાયેલ એડ્રેસ (૩) એપ્લીકેશન રજીસ્ટ્રેશન વખતે જણાવેલ એડ્રેસ. આ બધી જ માહિતી મુશ્કેલ પરિસ્થિતિમાં મહિલાને ત્વરિત રેસ્ક્યૂ કરવામાં હેલ્પલાઇન સેન્ટર માટે ઉપયોગી પુરવાર થશે.

## ગુજરાતની ૧૮૧ મહિલા હેલ્પલાઇનની ટેકનોલોજીના ઉપયોગ સાથેની વિશેષતાઓ :

**ગુજરાત રાજ્યમાં કાર્યરત '૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઇન' અન્ય રાજ્યો કરતા આગવી ખાસિયતો ધરાવતી સમગ્ર દેશની પ્રથમ હેલ્પલાઇન તરીકે ઉભરી આવેલ છે. તેના અભ્યાસ માટે વિવિધ રાજ્યોના અધિકારીઓ દ્વારા રૂબરૂ મુલાકાત કરી, સમગ્ર હેલ્પલાઇનની આગવી વિશેષતાઓ અને અમલીકરણને સમજી સરાહના કરવામાં આવી છે. આ ૧૮૧ હેલ્પલાઇન સતત ૨૪ કલાક નિઃશુલ્ક સેવા કાર્યરત રહે છે. CCT ટેકનોલોજી દ્વારા કોમ્પ્યુટરાઇઝ અસરકારક સંદેશા વ્યવહાર પ્રસ્થાપિત થાય છે. Voice Logger દ્વારા ભાવિ ઉપયોગ માટે તમામ વાતાર્લાપની માહિતીનો સંગ્રહ થાય છે. ગુગલના નકશાના ઉપયોગથી બનાવના સ્થળ અને નિકટની સવલતોનો ઝડપી સંચાર મળી રહે છે LAN / WAN (લોકલ એરિયા નેટવર્ક/વાઇડ એરિયા નેટવર્ક) થકી કોમ્પ્યુટર વ્યવસ્થાનો સક્ષમ ઉપયોગ શક્ય બને છે. GPS ટેકનોલોજીથી સજ્જ રેસ્ક્યુવાન સ્થળનું ચોક્કસ નિદર્શન અને વાનનું અવરજવરનું સમયબદ્ધ નિયંત્રણ અને મહત્તમ ઉપયોગ થઇ શકે છે. એન્ડ્રોઇડ બેઇઝ '૧૮૧ અભયમ્ એપ્લિકેશન'ના માધ્યમથી પીડિત મહિલાના ઘટના સ્થળની ત્વરિત મદદ માટે માહિતી મળી જાય છે.આ હેલ્પલાઇન ઉપર સંપર્ક કરનાર મહિલાની ઓળખ તથા માહિતી ગુપ્ત રાખવામાં આવે છે. રાજ્યમાં હાલમાં કાર્યરત ચાઇલ્ડ હેલ્પલાઇન, મહિલા આયોગની હેલ્પલાઇન, ૧૦૦, ૧૦૮ જેવી અન્ય હેલ્પલાઇન સાથે સુગ્રથિત સંકલનની વ્યવસ્થા પણ વિકસાવવામાં આવી છે. રાજ્ય સરકારની મહિલાલક્ષી તમામ યોજનાની માહિતી ફોન કોલ દ્વારા આપવાની આગવી વ્યવસ્થા છે. ફોન ઉપર જરૂરી માહિતી, માર્ગદર્શન અને કાઉન્સેલિંગની વ્યવસ્થા પણ ગોઠવાઇ છે. મહિલા ઉપર કોઇ હિંસા થઇ રહી હોય તો તેને તાત્કાલિક તેમાંથી બચાવવા માટે રેસ્ક્યુવાન સાથે કાઉન્સિલર તેમજ મહિલા કોન્સ્ટેબલની સેવા ઉપલબ્ધ છે. પ્રત્યેક કોલનું માળખાગત બેક ઓફિસ દ્વારા ફોલોઅપ અને સંતોષકારક સમસ્યાનું નિવારણ થાય છે. બહુહેતુક યોજના જેમાં મહિલાને કેન્દ્રમાં રાખી, તમામ પ્રકારની સંકલિત મદદ મળી રહેશે.**

**'૧૮૧ અભયમ્ મોબાઇલ એપ'નું લોન્ચિંગ કરવા બદલ માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, રાજ્યના ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, મહિલા બાલ કલ્યાણ મંત્રીશ્રી વિભાવરીબહેન દવે વિગેરેનો ભાજપના હોદ્દેદારોએ હૃદયપૂર્વક આભાર માની, બહેનોની સંવેદનાને વાચા આપવા જે નિર્ણય કરેલ છે તેને આવકારેલ છે.**

## ગુજરાત રાજયના માન. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે



# અમરજીતનગરના રહેવાસીઓને સનદ અર્પણ વિધિ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૩૦–૮–૨૦૧૮ના રોજ એરપોર્ટ રોડના બગીચાની બાજુના ગ્રાઉન્ડ ખાતે વોર્ડ નં.૨માં આવેલ અમરજીતનગરના રહેવાસીઓને સનદ અર્પણ વિધિ, કિટીપરાના રહેવાસી––ઓને રીફંડના ચેક અર્પણ, સેવા સેતુના જુદા જુદા લાભાર્થીઓને સહાય વિતરણ તેમજ રાજકોટ મહાનગરપાલિકામાં પ્રથમ નિમણુંક પામનાર જુ. ક્લાર્કને નિમણુંક પત્ર એનાયતવિધિ રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયરશ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, શ્રી ભીખાભાઈ વસોયા, અનુસૂચિત જાતિ મોરચા રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરિયા, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઈ રાઠોડ, શ્રી જીતુભાઈ કોઠારી, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, રાજકોટ જીલ્લા કલેકટર ડૉ. રાહુલ ગુપ્તા, પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, પ્લાનિંગ કમિટી ચેરમેનશ્રી અનિતાબેન ગોસ્વામી, વોર્ડ નં.૨ના કોર્પોરેટરશ્રી જયમીનભાઈ ઠાકર, શ્રી મનીષભાઈ રાડીયા તેમજ વોર્ડ નં.૨ના પ્રભારીશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, પ્રમુખ શ્રી રાજેન્દ્રસિંહ ગોહિલ, મહામંત્રીશ્રી ધૈર્યભાઈ પારેખ, શ્રી જયસુખભાઈ પરમાર તેમજ કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ, ઉપરાંત અમરજીતનગર, છોટુનગર તેમજ કિટીપરા વિસ્તારના રહેવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવેલ કે, જે લોકો પાસે પૈસા છે, લાગવગ છે તેવા લોકોના કામ ભુતકાળમાં થતા, પરંતુ હાલમાં અમારી સરકાર ગરીબો, શોષિતો, પીડિતો માટેની સરકાર છે. માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ કહ્યું હતું કે, દેશમાં અમારી સરકાર ગરીબો માટેની સરકાર છે. અને તેથી જ નરેન્દ્રભાઈની સરકાર દ્વારા 'જન ધન યોજના' હેઠળ ઝીરો બેલેન્સથી એકાદ કરોડ જેટલા બેન્કના ખાતાઓ ખોલવામાં આવ્યા અને સરકારની સહાય સીધી જ તેમના ખાતામાં જમા થાય તેવી વ્યવસ્થા કરેલ છે. ભૂતકાળમાં વચેટિયાઓને કારણે સરકારની કોઈપણ યોજનાનો પુરતો લાભ મળતો નહિ. પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીએ કહેલ કે સરકારની ૧ રૂપિયાની સહાય વચેટીયાઓને કારણે લાભાર્થીઓ સુધી પહોચતા પહોચતા ૧૫ પૈસા જેટલી થઇ જતી. જયારે માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી કહે છે કે, રૂપિયો મોકલું તેનું સવા રૂપિયા જેટલું કામ થવું જોઈએ. રાજ્ય સરકાર પણ તમામ બાબતોમાં પારદર્શક વહીવટ થાય તે મુજબ ની કામગીરી કરી રહી છે. ભૂતકાળની કોંગ્રેસ સરકાર વખતે નોકરી માટે કોઈનો ઝભ્ભો પકડવો પડતો કે દર દાગીના વેંચી રૂપિયા આપવા પડતા, જયારે આજે કોઈની પણ લાગવગ કે ઓળખાણ વિના, માત્ર મેરીટના આધારે નિમણુંક આપવામાં આવે છે.

વિશેષમાં મુખ્યમંત્રીએ જણાવેલ કે, કિટીપરામાં રહેતા દેવીપૂજક લોકોને ઝુપડપટ્ટીની જગ્યાએ પાક્કા મકાનો મળે તે માટે નવા આવાસો બનાવેલ. એમાં પણ લાભાર્થીઓએ રૂા.૫૦ હજાર લાભાર્થી ફાળો આપવાનો થતો હતો પરંતુ આ બધા ગરીબ વર્ગના લોકો હોઈ, રાજ્ય સરકાર દ્વારા લાભાર્થી દીઠ રૂા.૪૫ હજારની સહાય રાજકોટ મહાનગરપાલિકામાં જમા કરાવેલ છે. અને લાભાર્થીને ફક્ત રૂા.૫ હજારમાં જ સુવિધાપૂર્ણ આવાસ મળેલ છે. આ ઉપરાંત સરકારની જુદી જુદી યોજનાઓ માટે લોકોને સરકારી કચેરીઓના ખુબ જ ધક્કા ખાવા પડતા અને અંતે વચેટીયાઓનો પણ ભોગ બનતા તેઓની આ વેદના જોઈ, રાજ્ય સરકારે લોકોને પોતાના ઘર આંગણે જ સરકારની જુદી જુદી સેવાઓ મળી રહે તે માટે ત્રણ તબક્કામાં સેવસેતુ યોજી, રાજ્યના ૧ કરોડ જેટલા લાભાર્થીઓને તેનો લાભ અપાવેલ છે. ૭૦ વર્ષની કોંગ્રેસની સરકાર વખતે ક્યારેય શૌચાલયો બનાવવામાં આવેલ ન હતા જેના કારણે ગરીબ વર્ગના ભાઈઓ–બહેનોએ ખુલ્લામાં શૌચક્રિયા કરવા જવું પડતું હતું. જયારે આજની ભાજપની સરકાર દ્વારા ઘરે ઘરે શૌચાલયની સુવિધા આપવામાં આવેલ છે અને સરકાર નોધારાનો આધાર બનેલ છે. તાજેતરમાં જ રાજ્ય સરકાર દ્વારા ગરીબ વર્ગના લોકો પોતાના દીકરાની જાન લઈને ખુલ્લા ટ્રકમાં જતા જેના કારણે ઘણી વખત અકસ્માતોના બનાવો પણ બનેલ આ વેદનાઓને ધ્યાનમાં રાખી સરકારની બસ ફક્ત રૂા.૧૨૦૦ કે રૂા.૨૦૦૦ના ભાડાથી આપવાનો નિર્ણય કરેલ છે. આ ઉપરાંત રસ્તા પર થતા અકસ્માતો વખતે તરફડીયા મારતા માણસને સેવાભાવી માણસો હોસ્પિટલે લઇ જતા ત્યારે હોસ્પિટલમાં સારવાર પહેલા સારવાર ખર્ચની રકમ ભરપાઈ કરાવતા જેના કારણે સારવારમાં વિલંબ થતો અને ઘણી વખત ઈજાગ્રસ્થ માણસ મૃત્યુને ભેટતો તે વેદનાને ધ્યાને રાખી, અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિને કોઈપણ હોસ્પિટ––લમાં સારવાર ખર્ચની રકમ ભરપાઈ કરાવ્યા વગર તાત્કાલિક સારવાર મળે તેવી વ્યવસ્થા ગોઠવી, આ માટે રાજ્ય સરકાર રૂા.૫૦ હજાર સુધીના ખર્ચની સહાય આપવાનો નિર્ણય




કરેલ. અમરજીતનગરના રહેવાસીઓ આજે મકાનના માલિક બનેલ છે. જયારે છોટુનગર માં રહેતા લોકોની જગ્યા પ્રાઈવેટ માલિકીની છે. જો આ જગ્યા સરકારની હોત તો સરકાર છોટુનગરના રહેવાસીઓને પણ સનદ આપી દેત. વિશેષમાં, મુખ્યમંત્રીશ્રીએ છોટુનગરના રહેવાસીઓને પીવાનું પાણી મળે તેવા પ્રયત્નો રાજકોટ મહાનગરપાલિકા કરે તેમજ નવી નિમણુંક પામનાર જુ. કલાર્કો પણ લોકોનું કામ પુરા ખંત અને દિલથી કરે તેવી તેઓશ્રીએ ટકોર કરેલ હતી.

આ પ્રસંગે મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, આજે અમરજીતનગરના લોકોને માલિકી હક્ક આપવામાં આવેલ છે. રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ગરીબોની સતત ચિંતા કરી રહ્યા છે. કિટીપરાના લોકોને પણ લાભાર્થીને ભરવાની થતી રૂા.૫૦ હજાર રકમ પૈકી લાભાર્થી દીઠ રૂા.૪૫ હજાર સરકારે ભરપાઈ કરી આપેલ છે. ભૂતકાળમાં પૂરતું પાણી ન મળતું તેમજ ટેન્કર દ્વારા પાણી આપવામાં આવતું ત્યારે માન. વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારે રાજકોટના નગરજનોને દરરોજ નળ દ્વારા પૂરતા પ્રમાણમાં પાણી પૂરૂ પડેલ છે. સાથોસાથ રાજકોટ શહેરને અનેકવિધ સુવિધા તેમજ લોકોપયોગી પ્રોજેક્ટની ભેટ ધરેલ છે.

આ પ્રસંગે સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડે ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરતા જણાવેલ કે, આજના દિવસને ખરેખરો યોગ કહેવાય. કારણ કે, ૧૯૯૪માં શ્રી વિજયભાઈ રૂપાણી સ્ટે. કમિટી ચેરમેન હતા તેમજ ૧૯૯૬માં મેયર હતા તે સમયકાળમાં જ અમરજીતનગરમાં રહેતા લોકો માટે પ્લોટ ફાળવણીનો ઠરાવ શ્રી વિજયભાઈ રૂપાણીની સહીથી જ થયેલ અને આજે તેઓ મુખ્યમંત્રી છે ત્યારે એ જ અમરજીતનગરના રહેવાસી––ઓને સનદ આપી ને માલિક બનાવેલ છે. માન. મુખ્યમંત્રી સમગ્ર રાજ્યની સાથે સાથે રાજકોટની પણ ખુબ ચિંતા કરે છે.



આ પ્રસંગે માન. મુખ્યમંત્રીના વરદ્ હસ્તે અમરજીતનગરના રહેવાસીઓને સનદ વિતરણ, કિટીપરાના રહેવાસીઓને વધુ ભરેલ રકમના રીફંડ ચેક વિતરણ, આજરોજ યોજાયેલ સેવાસેતુના લાભાર્થીઓને જુદી જુદી સેવાઓ જેમ કે વાત્સલ્ય કાર્ડ, અમૃતમ્ કાર્ડ, પીજીવીસીએલ કનેક્શન, નવા રેશન કાર્ડ, સ્ટ્રીટ વેન્ડર કાર્ડ, જેવી અનેક સેવાઓના સર્ટીફિકેટ અર્પણ કરેલ. આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકામાં નવી નિમણુંક પામેલ જુ. કલાર્કને નિમણુંકપત્ર એનાયત કરેલ.

આ પ્રસંગે રાજકોટના મહાનગરપાલિ––કાના પદાધિકારીઓ, શહેર સંગઠનના હોદ્દેદારશ્રીઓ, અધિકારીશ્રીઓ મ્યુનિસિપલ કમિશનર, જિલ્લા કલેકટર, પોલીસ કમિશનર, વોર્ડ નં.૨ના કોર્પોરેટરો, સંગઠનના હોદ્દેદારો, અમરજીતનગરના આગેવાનો તેમજ છોટુનગર વિસ્તારના આગેવાનો દ્વારા માન. મુખ્યમંત્રીનું ફૂલહાર તથા મોમેન્ટોથી સ્વાગત કરેલ. આ યોજાયેલ સેવા સેતુમાં ૫૦૦ જેટલા લાભાર્થીઓએ રાજ્ય સરકારની તેમજ રાજકોટ મહાનગર––પાલિકાની જુદી જુદી સેવાઓનો લાભ લીધેલ છે તેમજ અમરજીતનગરના ૨૮૭ લાભાર્થીઓને મિલકત કાર્ડ ઉપરાંત કિટીપરાના ૨૪૨ લાભાર્થીઓને રિફંડના ચેક આપવામાં આવેલ.

કાર્યક્રમના અંતે સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન શ્રી આશિષભાઈ વાગડિયાએ આભારવિધિ કરેલ હતી.



# ગ્રાઉન્ડ વોટર રિચાર્જ સ્ટ્રકચર લોકાર્પણ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કેપેસિટી બિલ્ડીંગ ફોર લો કાર્બન એન્ડ કલાઈમેટ રેઝીલીયન્સ ડેવલપમેન્ટ ઇન ઇન્ડિયા (કેપેસિટીઝ) પ્રોજેકટનું અમલીકરણ કરવામાં આવી રહેલ છે. આ પ્રોજેકટ માટે તમામ સહયોગ સ્વિસ એજન્સી ફોર ડેવપલમેન્ટ એન્ડ કો–ઓપરેશન દ્વારા મળી રહેલ છે, તથા અમલીકરણ ઇકલી લોકલ ગવર્નમેન્ટ ફોર સસ્ટેઇનેબિલિટી–સાઉથ એશિયા સાઉથ પોલ ગ્રુપ, ઇ–કોન્સેપ્ટ વિગેરે વિવિધ પાર્ટનર દ્વારા થઇ રહેલ છે. આ પ્રોજેકટનો હેતુ ઇન્ડિયામાં ૪ શહેરો (રાજકોટ, ઉદયપુર, સિલીગુરી તથા કોઇમ્બતુર)માં લો કાર્બન ડેવપમેન્ટ માટે કેપેસિટીમાં વધારો કરવા તથા કલાઇમેટ રેઝીલીયન્ટ ગ્રોથ પાથ ડેવેલપ કરવાનો છે. આ પ્રોજેકટ અંતર્ગત રાજકોટ મહાનગરપા–લિકા સાથે મળીને કલાઇમેટ રેઝીલીયન્ટ સિટી એકશન પ્લાન બનાવેલ છે, જે માટે વિવિધ સ્ટેક હોલ્ડર સાથે ચર્ચા કરવામાં આવેલ તથા શ્રી મેરિલોર ક્રેટાઝ, સ્વિસ એજન્સી ફોર ડેવલપમેન્ટ એન્ડ કો–ઓપરેશનના હેડ દ્વારા તા. ૧૩ ઓગષ્ટના રોજ કોર્પોરેશનને સબમિટ કરવામાં આવેલ.

આ પ્રોજેકટ અંતર્ગત વિવિધ ક્વિકવિન પ્રોજેકટનું પણ અમલીકરણ કરવામાં આવેલ છે. આ અંતર્ગત તા.૧૩–૮–૨૦૧૮ના રોજ રેસકોર્ષમાં આર્ટ ગેલેરી પાસે ગ્રાઉન્ડ વોટર રિચાર્જ સ્ટ્રકચરનું ઉદ્દઘાટન માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની તથા શ્રી મેરિલોર ક્રેતાઝ હેડ ઓફ સ્વિસ એજન્સી ફોર ડેવલપમેન્ટ એન્ડ કો–ઓપેશન દ્વારા કરવામાં આવ્યું હતું. ચોમાસાની ઋતુ દરમિયાન રાજકોટમાં વિવિધ સ્થળોએ લોકાર્પણ ફલડીંગ પ્રોબ્લેમ તથા ઉનાળા દરમિયાન લોકાર્પણ પાણીના પ્રોબ્લેમ તથા ગ્રાઉન્ડ વોટર ટેબલ નીચે જવાના પ્રોબ્લેમને નિવારવાના પ્રયાસરૂપે રેસકોર્ષ, એસ્ટ્રોન ચોક, ૧૫૦ ફૂટ રિંગ રોડ મિલેનિયમ પાસે, આર.કે. નગર તથા રાવલનગર પાસે ગ્રાઉન્ડ વોટર રિચાર્જ સ્ટ્રકચરના અમલીકરણનું આયોજન આ પ્રોજેકટ અંતર્ગત કરવામાં આવેલ છે. આ ઉપરાંત વોટર ઓગ્મેન્ટેશનની ટેક્નિકલ સ્ટડી આ પ્રોજેકટના સફળ અમલીકરણ બાદ કોર્પોરેશન દ્વારા આ પ્રોજેકટનું રેપ્લિકેશન કરવામાં આવશે.

આ ઉપરાંત આ પ્રોજેકટ અંતર્ગત ૩૦ કિલો વોટ પાવર સોલાર પીવી સિસ્ટમનું અમલીકરણ અફોર્ડેબલ હાઉસિંગ સ્કીમમાં કોમન યુટિલીટી માટે 'શાન્તીરામ ખુદીરામ બોઝ ટાઉનશીપ, પ્લોટ નં. ૧૧/એ' ના તમામ કોમન મીટરમાં સ્વિસ એજન્સી ફોર ડેવલપમેન્ટ એન્ડ કો–ઓપરેશન દ્વારા કરવામાં આવ્યું હતું તથા સોસાયટીના સભ્યોની સાથે આ સોલાર સિસ્ટમ કેવી રીતે કામ કરશે તેની ચર્ચા મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની દ્વારા કરવામાં આવી હતી. સોસાયટીના સભ્યોએ આ પ્રોજેકટ બદલ સ્વિસ એજન્સી ફોર ડેવલપમેન્ટ એન્ડ કો–ઓપરેશન તથા રાજકોટ મહાનગરપાલિકાનો આભાર વ્યક્ત કર્યો હતો.

સ્વિસ એજન્સી ફોર ડેવલપમેન્ટ એન્ડ કો–ઓપરેશનની ટીમે મ્યુનિ. કમિશનરશ્રી સાથે આજી વોટર ફિલ્ટર પ્લાન્ટ ખાતે ૧૪૫ કિલો વોટ પાવર સોલાર પીવી સિસ્ટમ પ્રોજેકટની પણ મુલાકાત લીધી હતી. જેમાં ૭૦ કિલો વોટ પાવર સોલાર પીવી સિસ્ટમનું આ પ્રોજેકટ અંતર્ગત કો–ફંડિંગ કરવામાં આવેલ છે.

આ પ્રોજેકટનું લોકાર્પણ તા.૧૫–૭–૨૦૧૮ના રોજ માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે કરવામાં આવ્યું હતું, ટીમે આ સાઇટની મુલાકાત લઇ ત્યાં ટ્રી પ્લાન્ટેશન કરેલ. સ્વિસ એજન્સી ફોર ડેવલપમેન્ટ એન્ડ કો–ઓપરેશન તથા કેપેસિટીઝ પ્રોજેકટ ટીમ મેયરશ્રી બિનાબેન આચાર્ય, ડે. મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઇ કાનગડ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઇ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઇ પરમાર, વિગેરેએ શુભેચ્છા મુલાકાત લીધેલ અને પ્રોજેકટની ભવિષ્યમાં કરવામાં આવનાર કામગીરીની જાણકારી મેળવેલ હતી.



# શહેર ભાજપ મહિલા મોરચાના માન.પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણીના વરદ્ હસ્તે




# વોર્ડ નં-૦૨માં ચોથા તબક્કાના સેવા સેતુ કાર્યક્રમ

રાજ્ય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહીવટીતંત્રને પ્રજાલક્ષી બનાવવાના હેતુથી નાગરિકોની વ્યક્તિગત રજુઆતોનો તેમજ રાજ્ય સરકારની તથા રાજકોટ મહાનગર–પાલિકાની યોજનાઓ સંબંધિત પ્રશ્નોનો સ્થળ ઉપર જ નિકાલ થાય તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૨ માં એરપોર્ટ રોડ પર આવેલ બગીચાની બાજુના ગ્રાઉન્ડમાં સવારે ૧૦:૦૦ કલાકે ચોથા તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ તા.૩૦–૦૮–૨૦૧૯ના રોજ આયોજન કરવામાં આવેલ. જેનો શુભારંભ તથા દીપ પ્રાગટ્ય રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહ્યા.

આ પ્રસંગે સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રૈયાણી, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઈ ભારદ્વાજ તથા શ્રી ભીખાભાઈ વસોયા, અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરિયા, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, શિક્ષણ સમિતિ ચેરમેન તેમજ વોર્ડ નં.૦૨ના પ્રભારીશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર, નાયબ કમિશનરશ્રી જાડેજા, ગણાત્રા તથા નંદાણી, આસિસ્ટન્ટ કમિશનર કગથરા, પટેલ, ધડુક તેમજ જુદા જુદા વિભાગના અધિકારીઓ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઈ રાઠોડ, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મનીષભાઈ રાડીયા, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર, સેનિટેશન સમિતિ ચેરમેનશ્રી અશ્વિનભાઈ ભોરણીયા, તેમજ વોર્ડ પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ ગોહિલ, વોર્ડ મહામંત્રીશ્રી ધૈર્યભાઈ પારેખ તથા શ્રી જયસુખભાઈ પરમાર વિગેરે ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી ઉદ્‌બોધન કરતા મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, રાજ્ય સરકારના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ લોકોપયોગી અનેક નિર્ણયો કરેલ છે. જેના ભાગરૂપે વંચિતોને



પોતાના ઘર આંગણે, ધક્કા ખાધા વગર કે સમય વેડફ્યા વગર લાયસન્સ, દિવ્યાંગ પ્રમાણપત્ર, જાતિ પ્રમાણપત્ર, આધાર કાર્ડ, જુદી જુદી સરકારી યોજનાઓ તેમજ રાજકોટ મહાનગરપાલિકાની સેવાઓ મળી રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવેલ છે. આ કાર્યક્રમનો મહત્તમ લોકો લાભ લે તેવી તેમણે અપીલ કરેલ. આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડએ કરેલ હતું. આ કાર્યક્રમમાં અમરજીતનગરના બહેનો દ્વારા સ્ટેજ પર બિરાજમાન મહાનુભાવોનું કુમકુમ તિલકથી સ્વાગત કરવામાં આવેલું હતું. તેમજ રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણીનું ફ્લહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌ મહેમાનોનું ડે.મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા દ્વારા શબ્દોથી સ્વાગત કરવામાં આવેલ. જયારે શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર દ્વારા ઉપસ્થિત મહેમાનો ને પુસ્તક અર્પણ કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે આભારવિધિ આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકરે કરી હતી.





# રાજકોટમાં માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ્ હસ્તે

# મહાત્મા ગાંધી મ્યુઝિયમ, આઇ-વે પ્રોજેક્ટ ફેઝ-૨ તથા પ્રધાનમંત્રી આવાસ યોજનાનું લોકાર્પણ




ગુજરાત સરકાર તથા પર્યટન મંત્રાલય, ભારત સરકારના સહયોગથી સ્વદેશ-દર્શન અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિર્માણ પામેલ મહાત્મા ગાંધી મ્યુઝિયમ, આઇ-વે પ્રોજેક્ટ ફેઝ-૨ તથા પ્રધાનમંત્રી આવાસ યોજનાનું લોકાર્પણ અને સામુહિક ગૃહ પ્રવેશ તા.૩૦-૦૯-૧૮ના રોજ માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, ભારત સરકારના કૃષિ મંત્રીશ્રી પુરુષોત્તમભાઇ રૂપાલા, સાંસદશ્રી મોહનભાઇ કુંડારીયા, કેબિનેટ મંત્રી અને રાજકોટના પ્રભારી મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્ય કેબીનેટ મંત્રીશ્રીઓ શ્રી ગણપતભાઇ વસાવા, શ્રી જયેશભાઇ રાદડીયા, શ્રી કુંવરજીભાઇ બાવળીયા, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી અરવિંદભાઇ રૈયાણી, શ્રી લાખાભાઇ સાગઠીયા, શહેરમાં આવેલ પૂજ્ય મહાત્મા ગાંધીજીની જુદી-જુદી સંસ્થાઓના શ્રેષ્ઠીઓ, સમાજ આગેવાનશ્રીઓ, પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડીયા પ્રતિનિધિશ્રીઓ તેમજ બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા.



આ પ્રસંગે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનું ફૂલહારથી સ્વાગત માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, કૃષિ મંત્રીશ્રી પુરુષોત્તમભાઇ રૂપાલા, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, આદિ જાતિ વિકાસ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા, નાગરિક અને પુરવઠા મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયા, પાણી પૂરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા, સાંસદ શ્રી મોહનભાઇ કુંડારિયા, ધારાસભ્યશ્રી અરવિંદભાઇ રૈયાણી, શ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી લાખાભાઇ સાગઠીયા, મેયરશ્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઇ કાનગડ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, શાસકપક્ષ નેતાશ્રી દલસુખભાઇ જાગાણી, દંડક શાસક પક્ષશ્રી અજયભાઇ પરમાર, રાજકોટ શહેર ભાજપ પ્રદેશ અગ્રણીશ્રી નીતિનભાઇ ભારદ્વાજ, મોરબી જિલ્લા પ્રભારીશ્રી મેઘજીભાઇ કણજારીયા, જિલ્લા પ્રદેશ પ્રમુખશ્રી રાઘવજીભાઇ ગડારા, જીલ્લા ભાજપ પ્રમુખશ્રી ડી. કે.

સખીયા, રાજકોટ શહેર ભાજપ મંત્રીશ્રી ભાનુભાઇ મેતા, પૂર્વ ધારાસભ્યશ્રી ભરતભાઇ બોઘરા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઇ માંકડ, શ્રી જીતુભાઇ કોઠારી, શ્રી કિશોરભાઇ રાઠોડ, ભાજપ મહામંત્રી મોરબી શ્રી જ્યોતિસિંહ જાડેજા તથા શ્રી હિરેનભાઇ પારેખ દ્વારા કરવામાં આવેલ. જ્યારે હતા. હકીકતમાં મહાત્મા ગાંધીએ રાજકોટની ધરતીમાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું, રાજકોટની માટીને ખુંદતા ખુંદતા, રાજકોટના પાણી પીતા પીતા મહાત્મા ગાંધીના જીવનની શરૂઆત થઇ ત્યારે મહાત્મા ગાંધીનું બચપણ, શાળાકીય જીવન તેમજ એ સમયની મહાત્મા ગાંધીના જીવનની ગતિવિધિ ૧૦૦ વર્ષ પહેલા પ્રકૃતિનું જતન, સત્ય, પ્રેમ, અહિંસા, અપરિગ્રહના સિધ્ધાંતો વિશે વિચારીએ તો આપણી સામે નામ આવતું મહાત્મા ગાંધીનું. તાજેતરમાં પૃથ્વીના સંરક્ષણ માટે સુવિખ્યાત 'ચેમ્પિયન્સ ઓફ અર્થ એવોર્ડ' ભારતના પ્રધાનમંત્રીને મળ્યો પણ તેના ખરા હકદાર મહાત્મા ગાંધી અને ૧૨૫




માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનું ફૂલહારથી સ્વાગત ઇન્ચાર્જ શહેર ભાજપ શ્રી પુષ્પદાનભાઇ ગઢવી, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રીઓ શ્રી દેવાંગભાઇ માંકડ, શ્રી જીતુભાઇ કોઠારી, શ્રી કિશોરભાઇ રાઠોડ દ્વારા કરવામાં આવેલ. આ ઉપરાંત નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલનું ફૂલહારથી સ્વાગત મોરબી જિલ્લા પ્રભારીશ્રી મેઘજીભાઇ કણજારીયા, જિલ્લા પ્રદેશ પ્રમુખશ્રી રાઘવજીભાઇ ગડારા, ભાજપ મહામંત્રીશ્રી જ્યોતીસિંહ જાડેજા દ્વારા કરવામાં આવેલ.

આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જણાવેલ કે, આજનો અવસર એ રાજકોટને આંગણે છે પર સમગ્ર વિશ્વને માટે છે, માનવ માત્રને માટે છે, આવનારા યુગો માટે છે. આજના દિવસ પછી રાજકોટવાસીઓના મનમાં એક પ્રશ્ન ઉઠશે ગાંધી પર રાજકોટનો કોઇ હક ન હતો ? ગાંધીનો રાજકોટ પર કોઇ હક ન હતો ? એવા કયા તત્વો હતા કે રાજકોટ અને ગાંધીને જુદા કરી નાખ્યા સમજવાનો અને જાણવાનો માનવતામાં વિશ્વાસ કરનાર પ્રત્યેક માનવીને હક છે. અગાઉ મહાત્મા ગાંધીને પ્રાસંગિક બનાવી, ૨ ઓકટોબર અને ૩૦ જાન્યુઆરીએ ફૂલહાર કરી, પુરૂ કરી દેવામાં આવતું. જે સમાજ ઈતિહાસ ભૂલી જાય છે. તેનામાં ઈતિહાસ રચવાનું સામર્થ્ય રહેતું નથી. આજના યુગમાં સમસ્યાનું સમાધાન કે માણસની દ્વિધાનું સમાધાન જો કોઇ એક વ્યક્તિમાં હોય તો તે મહાત્મા ગાંધી છે.

વિશેષમાં, પ્રધાનમંત્રીશ્રીએ જણાવેલ કે, કચ્છ કાઠીયાવાડ ગુજરાતની ધરતી પર એક સુદર્શનચક્રધારી મોહન અને એક ચરખાધારી મોહન એ બન્ને એ યુગો પર પ્રભાવ પાડેલ છે. ૨જી ઓકટોબરએ મોહનદાસ કરમચંદ ગાંધી રૂપે એક યુગનો જન્મ થયો હતો. ગાંધીજીને જાણવાની ઉત્સુકતા હોય તો ગાંધીજીના બચપણને સમજવું જ પડે, ગાંધીજીના બચપણને સમજવું હોય તેણે રાજકોટની મુલાકાત લેવી જ પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થઇ ચૂક્યું છે. સમગ્ર વિશ્વમાં આજે પ્રદુષણ સહિતની પર્યાવરણ વિષયક સમસ્યાઓ છે. ત્યારે કરોડ દેશવાસીઓ છે. આજે મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિ અને ભારત દેશને પર્યાવરણ સંરક્ષણ માટેનો પ્રસિધ્ધ એવોર્ડ પ્રાપ્ત થવો એ એક સુભગ સંયોગ છે. આ એવો દેશ છે કે જ્યાં મા પોતાના બાળકને નાનપણથી જ બ્રહ્માંડનું જ્ઞાન આપતા કહેતી કે, સુરજ તારા દાદા છે, ચાંદા તારા મામા છે, અને ધરતી તારી માતા છે.

વિશેષમાં, પ્રધાનમંત્રીશ્રીએ જણાવેલ કે, અમારા ૪ વર્ષના શાસન દરમ્યાન, દેશના ઈતિહાસના ઘડવૈયાઓ અને મહાનુભાવો જેમ કે, શ્યામજી કૃષ્ણ વર્મા, ડૉ. બાબાસાહેબ આંબેડકર, ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, મદનલાલ ધીંગરા, વિગેરેમાંથી આજની પેઢી પ્રેરણા મેળવે તે માટે આ મહાનુભાવોના પ્રતિકૃતિ સ્મારક નિર્માણ કરવામાં આવ્યા છે. સમગ્ર ભારત દેશને એકતા અને અખંડિતતાના તાંતણે બાંધી રાખનાર એવા સરદાર વલ્લભભાઇ પટેલના સ્મારકનું નિર્માણ કાર્ય પૂર્ણતાના આરે છે. સરદાર એ માત્ર ભારતના માનવી ન હતા પરંતુ વિશ્વ માનવ અને લોખંડી પુરૂષ હતા. તેમની

અજોડ કામગીરીને છાજે તેવા કદની એટલે સમગ્ર વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા નિર્માણાધીન છે. આ પ્રતિમાના નિર્માણ કાર્યમાં દેશના ૬ લાખ જેટલા ગામડાઓના ખેતીના પડતર ઓજારો, ગામડાઓની માટી તેમજ ગામડાઓનું પાણી એકત્રિત કરવામાં આવેલ. આ સરકાર ઈશ્વરે આપેલ સમજ મુજબ તેમજ 'સર્વજન હિતાય, સર્વજન સુખાય', 'સબકા સાથ, સબકા વિકાસ' ને સાર્થક કરવા કામ કરી રહી છે. મારા મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન રાજકોટના હેમુ ગઢવી હોલ ખાતે 'સૌની યોજના' લોંચ કરી ત્યારે કેટલાક લોકો આ યોજનાને ચૂંટણીલક્ષી યોજના ગણાવતા હતા પરંતુ 'સૌની યોજના' ખુબ જ આગળ વધી રહી છે અને ગામે ગામ ખેતરે ખેતરે પાણી પહોંચતું થયું છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આવાસ યોજનાના લાભાર્થી બહેનો સાથે વ્યક્તિગત ઓનલાઇન લાઇવ મૌલિક સંવાદ કર્યો હતો જેને આ કાર્યક્રમમાં ઉપસ્થિત વિશાળ જનમેદનીએ લાઇવ નિહાળ્યો

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવેલ કે, આજ રાજકોટ માટે આનંદનો દિવસ છે. શહેર મહાત્મા ગાંધીને નામે જાણીતું છે. ગાંધીજીએ રાજકોટમાં અભ્યાસ કર્યો અને મહાત્મા બન્યા પછી રાજકોટમાં સત્યાગ્રહ કર્યો. દેશમાંથી કોઇ ગાંધીજીનો ઈતિહાસ વાંચી રાજકોટમાં આવે પરંતુ વાંચ્યા મુજબનું રાજકોટમાં કયાય જોવા ન મળે તેવી સ્થિતિ હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગાંધીજીના વિચારો મૂર્તિમંત કર્યા. જે માટે કેન્દ્ર સરકાર તરફથી માતબર રકમની ફાળવણી પણ કરવામાં આવી. કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળની સરકાર દ્વારા છેવાડાના માનવીઓના કલ્યાણ માટે પ્રધાનમંત્રી આવાસ યોજના, જનધન યોજના સહિતની અનેક યોજનાઓ કાર્યરત છે. ભારત ગંદકીનો દેશ છે, ગરીબોનો દેશ છે, એ બાબત હવે ભૂતકાળ બનવા જઇ રહી છે. સ્વચ્છતામાં પ્રભુતા એ સુત્ર ચરિતાર્થ થઇ રહ્યું છે. સ્વચ્છતાના અમલીકરણ માટે લોકોના માઇન્ડસેટ બદલવા તેમજ વિદ્યાર્થીઓને જોડવા સહિતની કામગીરીઓ કરવામાં આવી રહી છે. વિશેષમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવેલ કે, શહેરમાં સી.સી.ટી.વી. કેમેરાને લીધે ગંદકી, દબાણ, ગુનાખોરીના પ્રમાણમાં ઘટાડો થયો છે.

આ પ્રસંગે મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, એક વર્ષથી વધુ સમયગાળા બાદ રાજકોટમાં પધારેલ માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ્ હસ્તે શહેરને આજરોજ અનેકવિધ પ્રોજેકટોની ભેટ મળી રહી છે. ગુજરાતના માન મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ 'સૌની યોજના' હેઠળ આજી-૧ ડેમમાં નર્મદા નીરના અવતરણ કરી આ યોજના સાકાર કરેલ. આ નર્મદા નીરના વધામણા જુન ૨૦૧૭માં માન. વડાપ્રધાનશ્રીએ કરેલ અને રાજકોટની પાણીની સમસ્યાને કાયમને માટે ભૂતકાળ બનાવી દીધેલ છે. આજરોજ રાજકોટના નગરજનોને માન. વડાપ્રધાન શ્રીના વરદ્ હસ્તે ઐતિહાસિક 'મહાત્મા ગાંધી મ્યુઝિયમ', પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂ.૨૮ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ૩૮૪ આવાસો તથા રૈયા ધાર ખાતે ૨૪૦ આવાસો ઉપરાંત શહેરની સલામતી માટે રૂ.૨૨ કરોડના ખર્ચે આઇ-વે પ્રોજેક્ટ ફેઝ-૨નું લોકાર્પણ થઇ રહ્યું છે.

વિશેષમાં મેયરશ્રીએ જણાવેલ કે, રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીજીના મોહનથી લઇને મહાત્મા સુધીની જીવનયાત્રાની કાયમી સ્મૃતિ 'મહાત્મા ગાંધી અનૂભુતિ કેન્દ્ર'માં આવરી લીધેલ છે. પૂ. ગાંધીજીના સત્ય અને અહિંસાના આદર્શોનું આવનારી પેઢીમાં સિંચન થાય તે મુજબનું આ ઐતિહાસિક મ્યુઝિમ બનાવવામાં આવેલ છે. પૂ. ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની દેશભરમાં ઉજવણી થવા જઇ રહી છે ત્યારે ભારત સરકાર અને રાજ્ય સરકારના સહયોગથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિર્માણ પામેલ મ્યુઝિયમની શહેરને ભેટ મળેલ છે ત્યારે હું ગૌરવની લાગણી અનુભવું છું. રૂ.૨૬ કરોડના ખર્ચે તૈયાર થયેલ આ મ્યુઝિયમ વિશ્વભરમાં આકર્ષણનું એક કેન્દ્ર બની રહેશે.

માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી ૨૦૨૨ સુધીમાં દેશમાં કોઇપણ કુટુંબ ઘર વિહોણું ન રહે તેવા સંકલ્પ સાથે દેશના જુદા જુદા શહેરોમાં આવાસ યોજનાઓ બની રહી છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા પણ તે દિશામાં કામ કરી રહી છે. અત્યાર સુધીમાં








૨૧૦૦૦થી વધુ આવાસો લાભાર્થીઓને ફાળવી આપેલ છે અને હજુ ૬૦૦૦થી વધુ આવાસોના નિર્માણની કામગીરી ચાલું છે. માન. વડાપ્રધાનશ્રીએ દેશના ગ્રામીણ અને શહેરના ગરીબ વર્ગના લોકોને આરોગ્ય સુવિધા પ્રાપ્ત થાય તે માટે તાજેતરમાં જ 'આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના'નું લોન્ચિંગ કરેલ છે. જેનો લાભ દેશના ૮ કરોડ જેટલા ગ્રામીણ પરિવારો અને ૨ કરોડ જેટલા શહેરી પરિવારોને મળશે. માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી ચાર વર્ષથી વધુ વર્ષના કાર્યકાળ દરમિયાન રાતદિવસ જોયા વગર દેશ માટે અથાક પરિશ્રમ કરી રહયા છે જેનાથી દેશના તમામ નાગરિકો પણ માહિતગાર છે. માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારમાં, રાજકોટ શહેરને આંતરરાષ્ટ્રિય કક્ષાનું અદ્યતન એરપોર્ટ, બસપોર્ટ, અદ્યતન હોસ્પિટલ, રેસકોર્ષ-૨, 'સૌની યોજના' હેઠળ આજી-૧ ડેમમાં નર્મદાના નીરનું અવતરણ તેમજ વિવિધ પ્રોજેકટો માટે હરહંમેશા સહકાર મળતો રહયો છે. વિશેષમાં રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ૧૮૧ અભયમ્ મોબાઇલ એપ્લિકેશન લોન્ચ કરી, રાજયની બહેનોને સુરક્ષાકવચ પુરૂ પાડી અને રક્ષાબંધનની ભેટ આપેલ. અંતમાં, તેઓશ્રીએ રાજકોટ શહેરને આંતરરાષ્ટ્રિય કક્ષાનું એક અદ્યતન મ્યુઝિયમ આપવા બદલ રાજકોટ મહાનગરપાલિકા અને શહેરીજનો વતી આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનો હૃદયપૂર્વક આભાર માનેલ. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં કોર્પોરેટરશ્રીઓ, સૌરાષ્ટ્રભરમાંથી ભાજપ અગ્રણીઓ, કાર્યકરો, જુદા જુદા સમાજના આગેવાનો, શ્રેષ્ઠીઓ તથા બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહયા હતા.

## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા



# લલુડી વોંકળા તરીકે ઓળખાતા સ્લમ વિસ્તારને ચિત્રનગરી બનાવવાનો અનોખો પ્રયાસ



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના જાહેર માર્ગો તેમજ અન્ડરબ્રિજ, ઓવર બ્રિજ, સરકારી મિલકતોની દીવાલ સહિતના સ્થળો ઉપરાંત હવે શહેરના સ્લમ વિસ્તારો પણ પગ મુકતાની સાથે જ સુંદર ચિત્રોથી વિસ્તાર ખીલી ઉઠશે.

કેનાલ રોડના છેડે આવેલ લલુડી વોંકળા તરીકે ઓળખાતા સ્લમ વિસ્તારમાં ૨૫૦થી વધુ મકાનોની દિવાલ એક થી એક ચડિયાતા ચિત્રોથી સજાવવામાં આવી હતી.

જેમાં અલગ અલગ કલર તેમજ ટ્રેડીશનલ ચિત્રકામ તથા આભલા વર્ક દ્વારા દિવાલોને સજાવવામાં આવી હતી.

આ ઝુપડપટ્ટીમાં કે જેઓ ૪૦ વર્ષથી વધુ સમયથી રહે છે. તેમણે પોતાના ઝુંપડામાં રંગ કામ કેવા હોય તેઓએ કદી જોયા નથી અને આ બધું જોઈ ઝુપડાવાસીઓને તા.૨૬-૧૧-૨૦૧૮ના રોજ 'સ્વપ્નનગરી' જેવા દેખાય છે. પછાત વિસ્તારનું લેબલ જાણે ૨૪ કલાકમાં જ દુર થઇ ગયું હોય તેમ ઝુપડપટ્ટીના ૫૨૦ મકાનો અલગ અલગ રંગોથી રંગવામાં આવ્યા હતા. જેથી લત્તાવાસીઓમાં આનંદની લાગણી ફેલાઈ હતી.

સ્માર્ટ સિટી મિશન ટ્રસ્ટ અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટને ચિત્રનગરી બનાવવા માટેની એક અનોખી મિશાલ જગાવી છે. આ મિશનમાં મેયરશ્રી બિનાબેન આચાર્ય, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, પૂર્વ મેયરશ્રી ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાય, શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, વોર્ડ નં.૧૪ના પ્રભારીશ્રી નિલેશભાઈ જલુ, શિક્ષણ સમિતિ સભ્યશ્રી મુકેશભાઈ દવે, વોર્ડ નં.૧૪ પૂર્વ પ્રમુખશ્રી રાજુભાઈ ટાંક, શ્રી વિપુલભાઈ માખેલા વિગેરે ઉપસ્થિત રહેલ.



**રાજકોટના સ્લમ વિસ્તારના મકાનોને સુંદર ચિત્રોથી સજાવતા પદાધિકારીઓ, અધિકારીઓ.....**

## ‘સ્માર્ટ સિટી’ તરફની વિકાસ યાત્રાને વેગ આપતું

# રાજકોટ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૧૯-’૨૦નું

# રૂા.૨૧૨૬.૧૦ કરોડનું બજેટ





કેન્દ્ર સરકારશ્રીના સ્માર્ટ સિટી મિશનમાં રાજકોટ શહેરને સ્થાન અપાવવામાં માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત રાજ્યની પ્રગતિશીલ, સંવેદનશીલ, નિર્ણાયક અને પારદર્શક સરકારના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો સિંહફાળો રહ્યો છે, જે બદલ રાજકોટ મહાનગરપાલિકા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની આભારી છે. રાજકોટ શહેર ખરા અર્થમાં સ્માર્ટ સિટી બની રહે તેમજ દેશ અને વિશ્વના શ્રેષ્ઠ શહેરોની હરોળમાં સ્થાન પામે તેવી પરિકલ્પના સાથે આગામી નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ માટે મ્યુનિસિપલ કમિશનરશ્રીએ કુલ રૂા.૨૦૫૭.૪૨ કરોડનું બજેટ સૂચવ્યુ હતુ. જેમાં, મિલકત વેરામાં રૂા.૨૦ કરોડ, વાહન વેરામાં રૂા.૦૬ કરોડ, પાણી કરમાં રૂા.૦૫ કરોડ, સફાઈ કરમાં રૂા.૦૫ કરોડ અને ડ્રેનેજ કરમાં રૂા.૦૫ કરોડનો નવો વધારો સમાવિષ્ટ હતો. આ તમામ કરબોજના પ્રસ્તાવો સ્ટેન્ડિંગ કમિટીએ નામંજુર કર્યા બાદ રૂા.૨૧૨૬.૧૦ કરોડનું કદ ધરાવતું પ્રજાલક્ષી બજેટ મંજુર કરેલ અને જનરલ બોર્ડમાં રજુ કર્યું હતું. જેમાં આ બજેટને મંજુર કરવામાં આવ્યું હતું.

છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રીના સહકાર સાથે રાજકોટ મહાનગરપાલિકાએ શહેરની તસવીર અને તાસીરમાં બદલાવ લાવવા પ્રતીતિજનક પ્રયાસો કર્યા; જેની ફલશ્રુતિ રૂપે ‘‘સ્માર્ટ સિટી’’ તરીકે રાજકોટ શહેર વિકાસ અને પ્રગતિના પંથે આગળ ધપવા લાગ્યું છે. આ તબક્કે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ બજેટમાં રાજકોટ શહેર માટે મુખ્ય પાંચ બાબતોને આવરી લેતી ‘‘5S‘‘ સ્ટ્રેટેજી અપનાવવામાં આવી છે. જેમાં નીચે દર્શાવેલ મુદ્દાઓ સમાવિષ્ટ છે.



- **‘‘5S‘‘ સ્ટ્રેટેજી**
- **SAFE AND SECURE**
- **SMART**
- **SUSTAINABLE**
- **STANDARDIZE**
- **SENSITIVE**

વૈશ્વિક આર્થિક વિકાસની વાત કરવામાં આવે ત્યારે સને : ૨૦૧૯ થી ૨૦૩૫ના સમયગાળા દરમ્યાન સમગ્ર દુનિયામાં ભારતના ૧૦ શહેરોનો જબ્બર દબદબો રહેશે, અને તેમાં ગુજરાતમાંથી સુરત અને રાજકોટનો સમાવેશ થાય છે. ઓક્સફર્ડ ઈકોનોમિક્સના અહેવાલ અનુસાર આગામી દોઢ – બે દાયકા દરમ્યાન રાજકોટ શહેરનો વાર્ષિક સરેરાશ જી.ડી.પી. વિકાસ દર ૮.૩૩ ટકાનો રહેવાની ધારણા વ્યક્ત કરવામાં આવી છે જે ખરેખર ઉત્સાહવર્ધક છે. રાજકોટના આર્થિક વિકાસના પાયામાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં થતા પાયાના માળખાકીય વિકાસ કાર્યો અને વર્તમાન મોડર્ન સમયને અનુરૂપ અન્ય આધુનિક વિકાસલક્ષી પ્રોજેક્ટનું મહત્વ ખુબ જ રહે છે

તાજેતરમાં જ અન્ય એક આંતરરાષ્ટ્રીય અભ્યાસ અહેવાલમાં રાજકોટ શહેર માટે એવી ધારણા વ્યક્ત કરવામાં આવી હતી કે, વૈશ્વિક જળ વાયુ પરિવર્તન (ગ્લોબલ વોર્મિંગ)ના પડકારો રાજકોટ શહેર માટે એક શાનદાર અવસર બની શકે તેમ છે. સૌરાષ્ટ્રનાં આર્થિક હબ રાજકોટમાં ક્લાઈમેટ ચેન્જ ક્ષેત્રમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલમાં અને ભવિષ્યમાં ક્રમશઃ હાથ ધરવામાં આવનારા વિવિધ પ્રોજેક્ટ્સમાં મૂડી રોકાણની ઉમદા તકો ઉભી થઈ રહી છે. ‘‘વર્લ્ડ બેંક‘‘ના મેમ્બર સંગઠન ‘‘ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન‘‘ (આઈ.એફ.સી.)નાં ગત તા.30 મી નવેમ્બર, ૨૦૧૮નાં એક રીપોર્ટમાં એમ જણાવાયું છે કે, આગામી વર્ષ – ૨૦30 સુધીમાં રાજકોટ શહેર ક્લાઈમેટ ક્ષેત્રમાં કુલ આશરે ૪ અબજ ડોલર જેટલું જંગી મૂડી રોકાણ આકર્ષિત કરી શકે એમ છે.

‘‘ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન’’ દ્વારા આ રીપોર્ટ તૈયાર કરવા માટે વિશ્વભરમાંથી ખાસ પસંદ કરાયેલા છ શહેરોમાં રાજકોટનો પણ સમાવેશ કર્યો હતો. સાઉથ એશિયા રીજીયનમાં આગામી વર્ષ–૨૦30 સુધીમાં કુલ આશરે ૨.૫ ટ્રિલિયન જેટલું કુલ મૂડી રોકાણ થવાની ધારણા ‘‘ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન’’ સેવે છે કે પૈકી રાજકોટ ૪ અબજ ડોલર જેવું રોકાણ મેળવી શકે તેવી ક્ષમતા ધરાવતું હોવાનું આ રીપોર્ટમાં દર્શાવાયું છે. આ રીપોર્ટમાં વધુમાં એમ પણ દર્શાવાયું છે કે, રાજકોટમાં જે ૪ અબજ ડોલરનાં મૂડી રોકાણની ધારણા સેવવામાં આવી રહી છે તે પૈકી અડધોઅડધ રકમ એટલે કે ૨ અબજ ડોલરનું રોકાણ ગ્રીન બિલ્ડીંગ ક્ષેત્રે, ૧.૨ અબજ ડોલર પબ્લિક ટ્રાન્સપોર્ટ અને ઈલેક્ટ્રિક વાહનોમાં, ૨૨૦ મિલિયન ડોલર અર્બન વોટર સેક્ટર,૧૩૦ મિલિયન દોલત રિન્યુએબલ એનર્જી અને ૫૦ મિલિયન ડોલર જેવું મૂડી રોકાણ વેસ્ટ મેનેજમેન્ટ સેક્ટરમાં આકર્ષિત થઈ શકે છે.

આપણું શહેર આર્થિક, સામાજિક અને ભૌતિક વિકાસના પથ પર એટલી ઝડપથી આગળ ધપતું થયું છે કે, ‘‘યુએન’’, વર્લ્ડ બેંક, એશિયન ડેવલપમેન્ટ બેંક, અને ભારત સરકારશ્રીએ તેની નોંધ લઈ રાજકોટને સરાહના, ઉત્સાહ અને પ્રોત્સાહનરૂપી

પુષ્પોથી નવાજેલ છે. રાજકોટ હવે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફલક પર ખુબ ઝડપભેર પોતાની એક નવી ઓળખ પ્રસ્થાપિત કરવા લાગ્યું છે.

રાજકોટ મહાનગરપાલિકાએ આ બજેટ––માં મુખ્યત્વે છ ક્ષેત્રને અગ્રીમતા આપી છે; જેમ કે .....

**૧. સ્માર્ટ સિટી (SMART CITY)**
**૨. ટ્રાફિક મેનેજમેન્ટ (TRAFFIC MANAGEMENT)**
**૩. સેન્સિટીવ ટુ ચિલ્ડ્રન એન્ડ ડીફરન્ટલી એબલ્ડ (SENSITIVE TO CHILDREN DIFFERENTLY ABLED)**
**૪. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ બ્યુટીફીકેશન (SOLID WASTE MANAGEMENT AND BEAUTIFICATION)**
**૫. વોટર સપ્લાય મેનેજમેન્ટ (WATER SUPPLY MANAGEMENT)**
**૬. ડ્રેનેજ સેપ્ટેજ મેનેજમેન્ટ (DRAINAGE AND SEPTAGE MANAGEMENT)**

આ ઉપરાંત સ્માર્ટ સિટી મિશનના વિવિધ પ્રોજેક્ટ, ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ, પાર્કિંગ, સ્વચ્છ ભારત મિશન, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શહેરમાં નવા ભળેલા કોઠારિયા અને વાવડીની વિકાસ પ્રક્રિયા, રેસકોર્સ પાર્ટ–૨ અને અટલ સરોવર, પાયાની મૂળભૂત સુવિધાઓનું મજબુત માળખું, મોડર્ન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જાહેર પરિવહન સેવા, આરોગ્યલક્ષી સેવાઓ વગેરે બાબતો આવરી લઇ તેની ઉપર વિશેષ ભાર મુકયો છે.

વર્ષ : ૨૦૧૯–૨૦ના બજેટમાં શહેરની સ્માર્ટ સિટી તરફની કૂચમાં શહેરના છેવાડાના વિસ્તારો પણ સાથે જ રહે એ બાબતની વિશેષ કાળજી રાખવામાં આવેલ છે. સાથોસાથ આ વિસ્તારોમાં રસ્તા, ગટર, સ્ટ્રીટ લાઈટ, પાણી સહિતની મૂળભૂત સુવિધાઓનું માળખું પણ વધુ મજબુત બને તે બાબતે પૂરતું લક્ષ આપવામાં આવ્યું છે.

નળ, ગટર, લાઈટ, સફાઈ, પાણી, રોડ–રસ્તા અને બાગ–બગીચા ઉપરાંત, રાજકોટની ટ્રાફિક સમસ્યા ઉકેલવા માટે રેલ્વે ફાટક મુક્ત રાજકોટના નિર્ધાર સાથે ૦૭ નવા અન્ડરબ્રિજ/ઓવરબ્રિજનો બજેટમાં સમાવેશ કર્યો છે. રાજકોટમાં વધતી જતી જન સંખ્યા અને વાહનોની સંખ્યાને લીધે ટ્રાફિક સમસ્યા દિવસે ને દિવસે ગંભીર બનતી રહેતી હોઈ, ૦૭ નવા ઓવરબ્રિજ/અન્ડરબ્રિજ માટે જોગવાઈ કરવામાં આવેલ છે.

રાજકોટ શહેર કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રીનાં પુરા સહયોગ સાથે વિકાસની નવી ક્ષિતિજ સર કરી રહ્યું છે. શહેરમાં રૈયા ચોકડી તેમજ મવડી ચોકડી પાસે ઓવરબ્રિજ, સેઈફ એન્ડ સિક્યોર રાજકોટ અંતર્ગત રાજકોટ આઈ–વે પ્રોજેક્ટ હેઠળ શહેરમાં જુદા જુદા ટ્રાફિક પોઈન્ટ તેમજ જાહેર સ્થળોએ CCTV કેમેરા, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવનચરિત્ર તથા વિચારોને તાદ્રશ્ય કરતુ આંતરરાષ્ટ્રીય કક્ષાનું મહાત્મા ગાંધી મ્યુઝિયમ, લોકોને જુદા જુદા રોગો માટે અદ્યતન સર્જીકલ સાધનો વડે નજીવા ખર્ચે તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ગુજરાત રાજ્યની સૌ પ્રથમ AIIMS, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, અદ્યતન વેઈટિંગ રૂમ, શોપ્સ સહિતની સુવિધાસભર નવું બસપોર્ટ, કન્ટેઈનર ડેપો, નવી જી.આઈ.ડી.સી., શહેરીજનોને હરવા–ફરવાના સ્થળ માટે અટલ સરોવર, રાજકોટ શહેર ફરતે આવેલા અન્ય શહેરોમાં ટ્રાફિકના સરળ વહન માટે રાજકોટ–મોરબી હાઈવે ૪ લેન, રાજકોટ–ભાવનગર હાઈવે ૪ લેન, રાજકોટ–અમદાવાદ હાઈવે ૬ લેન સહિતના જુદા જુદા લોકોપયોગી પ્રોજેક્ટ્સ આપ્યા છે. રાજકોટ શહેરની ટી.પી. સ્કીમો આખરી મંજુરી અર્થે ઘણા વર્ષોથી રાજ્ય સરકારમાં પેન્ડિંગ હતી. માન. શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યાના થોડા જ મહિનાઓમાં શહેરની તમામ પેન્ડિંગ ટી.પી. સ્કીમો મંજુર કરાવેલ છે. આ ટી.પી. સ્કીમોને લીધે રાજકોટ શહેરનો સમતોલ વિકાસ થશે. જે બદલ રાજકોટ મહાનગરપાલિકા કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રીની આભારી છે.

ઘરનું ઘર એ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનું એક સૌથી મોટું સ્વપન રહ્યું છે. રાજકોટ મહાનગરપાલિકાના શાસકોએ શહેરમાં ગરીબ અને મધ્યમ વર્ગની સુખાકારીની હરહંમેશ ચિંતા કરી છે. જેના ઉદાહરણ રૂપે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે અત્યાર સુધીમાં શહેરમાં જુદા જુદા સ્થળોએ કુલ ૨૨,૫૦૦ આવાસોનું નિર્માણ કરી, લોકાર્પણ કરવામાં આવેલ છે. હાલમાં, રૂ.૩૫૭ કરોડના ખર્ચે કુલ ૪,૬૬૦ આવાસોનું નિર્માણકાર્ય ગતિમાં છે. તેમજ આગામી વર્ષોમાં રૂ.૪૧૫ કરોડના ખર્ચે કુલ ૩,૧૨૬ આવાસોનું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવનાર છે.

મ્યુનિસિપલ કમિશનરશ્રીએ વર્ષ : ૨૦૧૯–૨૦નું રૂ.૨૦૫૭.૪૨ કરોડનું કદ ધરાવતું અંદાજપત્ર સ્ટેન્ડિંગ કમિટીમાં અનુમતિ અર્થે રજુ કરેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વહન કરવામાં આવી રહેલા સબસીડાઇઝ્ડ સેવાઓના જંગી ખર્ચને નજર સમક્ષ રાખી, કમિશનરશ્રી દ્વારા વોટર ટેક્ષ, કન્ઝર્વન્સી ટેક્ષ, ડ્રેનેજ ટેક્ષ એમ કુલ ત્રણ નવા કર પ્રસ્તાવ તથા હયાત કાર્પેટ એરિયા ફેક્ટરમાં તેમજ વ્હિકલ ટેક્ષના માળખામાં વધારો સૂચવતા બે કર પ્રસ્તાવ સહિત કુલ રૂ.૪૧ કરોડનો વધારાનો કરબોજ ધરાવતા કુલ પાંચ કર પ્રસ્તાવ ઉપરાંત અન્ય વિકાસલક્ષી યોજનાઓ બજેટમાં સુચવેલ છે. સ્ટેન્ડિંગ કમિટીએ આ બજેટની વિવિધ જોગવાઈઓની ઊંડાણપૂર્વક સમીક્ષા કરી, રાજકોટ શહેરના સર્વાંગી વિકાસ તથા શહેરીજનોની જરૂરિયાતને ધ્યાને રાખી, કમિશનરશ્રી દ્વારા સૂચવવામાં આવેલ રૂ.૪૧ કરોડનો વધારાનો કરબોજ નામંજુર કરેલ છે સાથોસાથ બજેટમાં પ્રજાલક્ષી જરૂરી ફેરફારો કર્યા છે, તદ્દુપરાંત શહેરીજનોની સુવિધાઓમાં વધારો થાય તે માટે કેટલીક નવી યોજનાઓ પણ બજેટમાં સામેલ કરી છે. આ સમગ્ર કવાયતમાં મહાનગરપાલિકાની આર્થિક સમતુલા જળવાઈ રહે તેની પણ કાળજી રાખવામાં આવી છે. બજેટની જોગવાઈઓમાં ગરીબ તથા મધ્યમ વર્ગના શહેરીજનોને કેન્દ્રમાં રાખેલ છે. કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી દ્વારા અપનાવાયેલી નાગરિકલક્ષી પ્રશાસનિક વ્યવસ્થાને મહાનગરપાલિકા પણ વળગી રહી છે. સરકારશ્રી પાસેથી વિવિધ હેડ હેઠળ મળી રહેલી ગ્રાન્ટ અને મહાનગરપાલિકાની પોતાની આવકમાંથી શહેરની સર્વાંગી વિકાસ પ્રક્રિયાને આગળ ધપાવવા સ્ટેન્ડિંગ કમિટીએ ઘનિષ્ઠ વિચારણા બાદ રૂ.૨૧૨૬.૧૦ કરોડના બજેટને આખરી ઓપ આપી જનરલ બોર્ડની મંજુરી મેળવી હતી.

- **પાર્કિંગ ચાર્જ :-**

રેસકોર્સ મેદાન, કાલાવડ રોડ, ડો. યાજ્ઞિક રોડ, ઢેબરભાઈ રોડ, ગોંડલ રોડ, જામનગર રોડ, કુવાડવા રોડ, જવાહર રોડ, ટાગોર રોડ, રૈયા રોડ, યુનિવર્સિટી રોડ, ગોંડલ રોડ ચોકડીથી ૧૫૦ ફૂટ રિંગ રોડ સહિતના ૧૨ માર્ગો પર અને રેસકોર્ષ રિંગ રોડ સહિતની નવી સાઈટ્સ માટે કમિશનરશ્રી દ્વારા સૂચવવામાં આવેલ પાર્કિંગ ચાર્જની તમામ જોગવાઈ રદ કરવામાં આવેલ છે.

સ્ટેન્ડિંગ કમિટીએ બજેટની અંતિમ રૂપરેખા તૈયાર કરતી વખતે જે કેટલીક નવી

મણીઆર હોલ નવીનીકરણના કામે, આધુનિક બેઠક વ્યવસ્થા સહિતની સુવિધાઓ આપવા માટે રૂા.૧૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

**૪. શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી નવીનીકરણ :–**

રેસકોર્ષ સંકુલમાં જ શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરીની સુવિધા ઉપલબ્ધ છે. વર્તમાન સમયની જરૂરિયાતોને ધ્યાને રાખી, આ આર્ટ ગેલેરીનું નવીનીકરણ કરવામાં આવશે. જે માટે રૂા.૧૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

**૫. સાંસ્કૃતિક કાર્યક્રમો :–**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ શહેરીજનોના મનોરંજન માટે સમયાંતરે મ્યુઝિકલ નાઈટ, લોકડાયરો, હસાયરો સહિતના કાર્યક્રમો યોજવામાં આવે છે. આગામી નાણાકીય વર્ષમાં સાંસ્કૃતિક કાર્યક્રમો માટે રૂા.૧૨૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. તદ્‌ઉપરાંત રાજકોટ મેરેથોન–૨૦૨૦ માટે રૂા.૫૦ લાખ, દિવાળી કાર્નિવલ–૨૦૧૯ માટે રૂા.૧૨૫ લાખ તેમજ ફ્લાવર શો–૨૦૨૦ માટે રૂા.૫૦ લાખની અલાયદી જોગવાઈ કરવામાં આવી છે.

**૬. BOT ધોરણે ૩ પાર્ટીપ્લોટ :–**

ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ધ્યાને રાખીને, શહેરમાં પાર્ટીપ્લોટની સુવિધા વ્યાજબી ભાડાથી ઉપલબ્ધ કરાવવા માટે, સ્ટે.ગ કમિટીએ શહેરના ત્રણેય ઝોનના ટી.પી. પ્લોટમાં એક–એક, એમ કુલ ત્રણ સ્થળોએ નવા પાર્ટીપ્લોટ વિકસાવવાનું આયોજન કર્યું છે. આ યોજના માટે રૂા.૩૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

**૭. હાઈજેનિક ફૂડ સ્ટ્રીટ :–**

અમદાવાદમાં કાંકરિયા તળાવ પાસે આવેલી હાઈજેનિક ફૂડ સ્ટ્રીટની થીમ પર રાજકોટમાં રૈયા ચોકડી પાસે હાઈજેનિક ફૂડ સ્ટ્રીટ બનાવવામાં આવશે. શહેરીજનોને કુદરતી તત્વોથી ભરપુર અને પૌષ્ટિક એવો નાસ્તો, જ્યુસ, શરબત વિગેરે મળી રહે સાથોસાથ નાના ધંધાર્થીઓને રોજગાર મળી રહે તે માટે શહેરમાં રૈયા ચોકડી નજીક હાઈજેનિક ફૂડ સ્ટ્રીટની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. આ યોજના માટે રૂા.૧૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

**૮. જ્યુબેલી ગાર્ડન અને ગાંધી મ્યુઝિયમને જોડતો ફૂટ ઓવરબ્રિજ:–**

જ્યુબેલી ગાર્ડન અને ગાંધી મ્યુઝિયમને જોડતો ફૂટ ઓવરબ્રિજ બનાવવા માટે રૂા.૨૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

**૯. જ્યુબેલી ગાર્ડન નવીનીકરણ:–**

શહેરની મધ્યમાં આવેલો જ્યુબેલી ગાર્ડન રાજાશાહી વખતની વિરાસત છે. આ ગાર્ડનના નવીનીકરણ માટે રૂા.૭૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

**૧૦. ૦૩ નવી હાઈસ્કુલ :–**

શહેરના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના સંતાનોને સાવ નજીવા દરે શિક્ષણ સુવિધા મળી રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા હાલમાં ૦૬ હાઈસ્કૂલ કાર્યરત છે. શહેરના ગરીબ અને મધ્યમ વર્ગમાં પણ શિક્ષણ માટે વધેલ જાગૃત્તિને ધ્યાને રાખી, સ્ટેન્ડિંગ કમિટીએ શહેરના ત્રણેય ઝોનમાં એક–એક એમ, કુલ ત્રણ નવી હાઈસ્કુલના નિર્માણનો પ્રોજેક્ટ બજેટમાં ઉમેર્યો છે. આ પ્રોજેક્ટ માટે રૂા.૯૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. વેસ્ટ ઝોનમાં કાલાવડ રોડ પર વામ્બે આવાસ યોજનામાં, સેન્ટ્રલ ઝોનમાં કોઠારિયામાં અને ઈસ્ટ ઝોનમાં ભગવતીપરામાં ત્રણ નવી હાઈસ્કુલ બનશે. કોઠારીયાની દોઢ લાખની વસ્તીમાં એક પણ હાઈસ્કુલ ઉપલબ્ધ ન હોઈ, નવી હાઈસ્કુલની ભેટ આપવામાં આવી છે.

- **ટીપી શાખા :–**

**વર્ષ ૨૦૧૯-૨૦માં થનાર વિકાસ કામો**

**– સ્પોર્ટસ હેતુ માટેના પ્લોટની જાહેરાત :–**

રાજકોટ મહાનગરપાલિકાની તમામ ટીપી સ્કીમોમાં રમતગમતના હેતુ માટે ખુલ્લા પ્લોટ રાખવાનું પ્રયોજન થયેલું હોય છે. આવા પ્લોટમાં તમામ રમતગમતપ્રેમી ભાઈ–બહેનો પોતાની સ્પોર્ટસ રમી શકે તે માટે મહાનગર––પાલિકા આવા તમામ પ્લોટની જાહેરાત કરશે. ઉપરાંત આવા પ્લોટ ખાતે લોકોને જાણકારી આપતા સાઈન–સૂચના બોર્ડ મુકવામાં આવશે.

કે.કે.વી. હોલથી હદે આવેલ મોટામવા સ્મશાન સુધીનાં કુલ અંદાજીત ૨.૨૫ કિ.મી. લંબાઈનો ગૌરવ–કાલાવડ રોડ ૩૦.૦૦ મી.થી વધારીને લાઇન ઓફ પબ્લીક સ્ટ્રીટ અંતર્ગત ૩૬.૦૦મી. પહોળો કરવા માટેનો સૈધાંતિક નિર્ણય લેવામાં આવેલ હોઇ, આગામી વર્ષ દરમ્યાન તેનો અમલ કરવામાં આવશે અને તે અંતર્ગત અંદાજે ૧૩૫૦૦ ચો.મી. જમીન ખુલ્લી કરવામાં આવશે.

તદુપરાંત હોસ્પિટલ ચોકમાં ઓવરબ્રીજ માટે લાઈન ઓફ પબ્લિક સ્ટ્રીટ માટે ૨૪.૦૦ મી. રોડની પહોળાઈ ૨૯.૦૦ મી. પહોળાઇ મુજબ કરવાની થાય છે. જંકશન રોડ પહોળો કરવા માટે લાઈન ઓફ પબ્લિક સ્ટ્રીટ અંતર્ગત ૧૫.૦૦ મી. રોડને ૧૮.૦૦ મી. પહોળો કરવા (કિ.મી. ૧.૫ × ૩.૦૦ મી.) નો થાય છે.

- **એસ્ટેટ / દબાણ હટાવ શાખા :–**
  **વર્ષ ૨૦૧૯-૨૦માં થનાર કામો :**

**આઉટડોર પબ્લિસિટીમાં સિંગલ એજન્સી**

- આગામી નાણાંકિય વર્ષમાં રાજકોટ મહાનગરપાલિકાની આઉટડોર પબ્લિસિટી માટેની તમામ સાઈટ થરના હોર્ડીંગ એક જ એજન્સીને આપવાનો પ્રયાસ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.
- રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના કોમ્યુનીટી હોલ, આર્ટ ગેલેરી, ઓપન–એર થિયેટર તથા ઓડીટોરીયમના ખર્ચને પહોંચી વળવા ભાડા રીવાઈઝ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- **આગામી વર્ષમાં**
  **૧) આમ્રપાલી ફાટક પાસે, રેલ્વે ટ્રેક સાઈડ**
  **૨) નવલનગર, મવડી રોડ તથા**
  **૩) યુનિ. રોડ પર એસ.એન.કે. સ્કુલ પાસે નવા ત્રણ હોકર્સ ઝોન શરૂ કરવા વિચારણા છે. તેમજ હયાત ૧૧ હોકર્સ ઝોનને મૉડેલ હોકર્સ ઝોન બનાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે.**

**વર્ષ ૨૦૧૯–૨૦ માં થનાર કામો :**

**પ્રમોશન ફોર સાયક્લીંગ**

આ યોજના હેઠળ નવી સાઈકલની ખરીદી કરનાર વ્યક્તિને રૂ.૧૦૦૦/– નું રીફંડ આ'વામાં આવશે. આ યોજના માટે રૂા.૧ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

**ઈ–રીક્ષા પ્રમોશન**

– ૧૦૦ ઈ–રીક્ષા ખરીદવા માટે સખી મંડળને સબસીડી. જોગવાઈ રૂા. ૧૨૫ લાખ.
– લાસ્ટ માઈલ કનેક્ટીવીટીના સિદ્ધાંત હેઠળ ખાનગી કોન્ટ્રાક્ટ દ્વારા પણ ઈ–રીક્ષા ચલાવવાનું આયોજન છે.

**નવી ૨૦૦ ઈલેક્ટ્રિક બસની ખરીદી :**

શહેરના પર્યાવરણની જાળવણી માટે થઇ રહેલા પ્રયાસોમાં વાયુ પ્રદૂષણ ક્રમશઃ ઓછું થાય તે માટે પણ મહાનગરપાલિકા પ્રયાસો કરે છે. આ હેતુને નજર સમક્ષ રાખી આગામી ત્રણ વર્ષમાં મહાનગરપાલિકા દ્વારા કુલ ૨૦૦ ઈલેક્ટ્રિક બસની ખરીદી કરવામાં આવનાર છે જેમાં આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૯–૨૦૨૦માં ૫૦ બસ અને ત્યારબાદના બે વર્ષમાં ૭૫–૭૫ ઈલેક્ટ્રિક બસ ખારેદ્ધામાં આવશે.

**સાયકલ ટ્રેક :–**

# સ્માર્ટ સિટી હેઠળ કુલ રૂા.૧૪૬૯.૧૫ કરોડના સેક્ટર વાઇઝ પ્રોજેક્ટની માહિતી

| ક્રમ | સેક્ટર | કામનું નામ | અંદાજીત ખર્ચ રૂા. કરોડમાં |
|---|---|---|---|
| ૧ | સોશ્યલ ઇન્ફ્રા | ઇન્ક્યુબેશન સેન્ટર | 20.00 |
| ૨ | સોશ્યલ ઇન્ફ્રા | કૌશલ્ય વર્ધન સમાન પ્રોજેક્ટઃ યુવાનો, સ્ત્રીઓ તથા દિવ્યાંગોનું કૌશલ વધારવા માટે ડેવલપમેન્ટ સેન્ટર | 10.00 |
| ૩ | સોશ્યલ ઇન્ફ્રા | પ્રોજેક્ટ શૈશવ : ૪ મોડલ આંગણવાડી | 1.00 |
| ૪ | સોશ્યલ ઇન્ફ્રા | ડીજીટલ ક્લાસરૂમ તથા ઇ–શિક્ષણની સુવિધા | 4.00 |
| ૫ | સોશ્યલ ઇન્ફ્રા | બ્રેઇલ લીપી , સંસ્કૃતિ, ઇતિહાસ તથા ન્યુતન ટેકનોલોજી સાથે સજ્જમોર્ડન પુસ્તાકાલય | 5.00 |
| ૬ | સોશ્યલ ઇન્ફ્રા | રૈયા ખાતે ક્રિમીટોરીયમ | 4.50 |
| ૭ | સોશ્યલ ઇન્ફ્રા | ઇન્ફ્રા ગ્રામ હાટ | 8.00 |
| ૮ | સોશ્યલ ઇન્ફ્રા | વર્કીંગ વુમન માટે હોસ્ટેલ | 2.00 |
| ૯ | સોશ્યલ ઇન્ફ્રા | રૈન બસેરા | 1.00 |
| | | **કુલ રૂા. કરોડમાં** | **55.50** |
| ૧૦ | ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોટ | સ્માર્ટ મલ્ટી લેવલ કાર પાર્કિંગ | 20.00 |
| ૧૧ | ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોટ | ઇલેક્ટ્રીક બસ | 75.00 |
| ૧૨ | ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોટ | સ્માર્ટ અને રોબસ્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર – રોડ/BRTS કોરીડોર | 207.36 |
| | | **કુલ રૂા. કરોડમાં** | **302.36** |
| ૧૩ | ડ્રેનેજ | સ્માર્ટ અને રોબસ્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર – વેસ્ટ વોટર | 51.56 |
| ૧૪ | ડ્રેનેજ | સ્માર્ટ અને રોબસ્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર –સ્ટોર્મ વોટર ડ્રેનેજ નેટવર્ક | 28.40 |
| ૧૫ | ડ્રેનેજ | સ્માર્ટ અને રોબસ્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર – સેનીટેશન | 1.08 |
| ૧૬ | ડ્રેનેજ | ટ્રસરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ | 24.00 |
| ૧૭ | ડ્રેનેજ | ૧૫ Nos. હાઇડ્રોલીક ઓપરેટેડ વ્હીકલ માઉન્ટેડ રીક્ષાની ખરીદી | 1.02 |
| | | **કુલ રૂા. કરોડમાં** | **106.06** |
| ૧૮ | આઇ.ટી. | ઓનલાઇન પેમેન્ટ માટે “રાજકોટ મીત્ર” સ્માર્ટ કાર્ડ | 14.50 |
| ૧૯ | આઇ.ટી. | ઓટો ડોક તથા ડીસ્પેચ સુવિધાઓથી સ્માર્ટ બાઇસીકલ સ્ટોરેજ | 8.05 |
| ૨૦ | આઇ.ટી. | અંડરગ્રાઉન્ડ યુટીલીટી મેપીંગ | 25.00 |
| ૨૧ | આઇ.ટી. | આઇ.સી.સી.સી સાથે સંકલીત સ્માર્ટ બીન | 4.80 |
| ૨૨ | આઇ.ટી. | માસ્ટર સીસ્ટમ ઇન્ટીગ્રેટર ICCC, ERP, GIS, ITMS, સ્માર્ટ પાર્કિંગ જેવી સુવિધાઓનું અમલીકરણ | 127.00 |
| ૨૩ | આઇ.ટી. | ડિજીટલ હાઇ–વે રાજકોટ OFC પ્રોજેક્ટનું અમલીકરણ માટે સીસ્ટમ ઇન્ટીગ્રેટર | 38.84 |
| ૨૪ | આઇ.ટી. | ઇન્ટીગ્રેટેડ કમાન્ડ કંટ્રોલ સેન્ટર (ICCC) | 20.50 |
| | | **કુલ રૂા. કરોડમાં** | **238.69** |
| ૨૫ | બાંધકામ | અઇકોનીક ડેવલપમેન્ટ અંતર્ગત અટલ સરોવર લેઇક–૧ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ | 104.86 |
| ૨૬ | બાંધકામ | સ્માર્ટ સીટી એરીયામાં NMT/ગ્રીન પાથ –વે ડેવલપમેન્ટ કરવાનું કામ | 5.55 |
| ૨૭ | બાંધકામ | મેનેજમેન્ટ એન્ડ કન્વેશન સેન્ટર | 151.18 |
| ૨૮ | બાંધકામ | રૈયાધારથી રીંગ રોડ–૨, ૨૪ મીટર વાઇડ SJMMSVY થી કન્વર્ઝનસમાં રોડ કારપેટીંગનું કામ | 4.90 |
| ૨૯ | બાંધકામ | સ્માર્ટ અને રોબસ્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર – યુટીલીટી ડક્ટ | 54.00 |
| ૩૦ | બાંધકામ | સ્પોર્ટ્સ એરેના | 240.00 |
| ૩૧ | બાંધકામ | સેન્ટ્રલ પાર્ક | 50.00 |
| | | **કુલ રૂા. કરોડમાં** | **610.49** |
| ૩૨ | રોશની | સ્માર્ટ અને રોબસ્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર – ૨૪×૭ પાવર સપ્લાય | 57.24 |
| ૩૩ | રોશની | રૈયાધાર ૫૬ MLD STP ખાતે ૨૫૦ KWP ગ્રીડ લેન્ડ માઉન્ટીંગ સોલાર પાવર પ્લાન્ટનું ઇન્સ્ટોલેશન | 1.33 |
| ૩૪ | રોશની | સ્માર્ટ અને રોબસ્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર – સ્ટ્રીટ લાઇટ | 3.24 |
| | | **કુલ રૂા. કરોડમાં** | **61.81** |
| ૩૫ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | સ્માર્ટ અને રોબસ્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર – સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | 18.36 |
| ૩૬ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | ઇ–ટોઇલેટ | 0.50 |
| ૩૭ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | જાહેર શૌચાલય | 1.00 |
| ૩૮ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | બંધ બોડીનાં ૨૦ નંગ ટ્રક | 0.36 |
| ૩૯ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | ૬ ક્યુબીક કેપેસીટીનાં ૪ નંગ ટીપર ટ્રક | 0.61 |
| ૪૦ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | મીની વેક્યુમ સ્વીપીંગ મશીન નંગ ૧૨ | 3.78 |
| ૪૧ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | ડેડ એનીમલ ઇન્સીનેટર | 0.90 |
| | | **કુલ રૂા. કરોડમાં** | **25.51** |
| ૪૨ | ફાયર એન્ડ ઇમરજેન્સી | ૮૧ મીટર હાઇડ્રોલીક પ્લેટફોર્મની ખરીદી | 16.20 |
| | | **કુલ રૂા. કરોડમાં** | **16.20** |
| ૪૩ | વોટર સપ્લાય | સ્માર્ટ અને રોબસ્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર – ૨૪×૭ વોટર સપ્લાય | 52.53 |
| | | **કુલ રૂા. કરોડમાં** | **52.53** |

ચો.મી. જમીન ખુલ્લી કરવામાં આવશે. તદુપરાંત હોસ્પિટલ ચોકમાં ઓવરબ્રીજ માટે લાઈન ઓફ પબ્લિક સ્ટ્રીટ માટે ૨૪.૦૦ મી. રોડની પહોળાઈ ૨૯.૦૦ મી. પહોળાઈ મુજબ કરવાની થાય છે. જંકશન રોડ પહોળો કરવા માટે લાઈન ઓફ પબ્લિક સ્ટ્રીટ અંતર્ગત ૧૫.૦૦ મી. રોડને ૧૮.૦૦ મી. પહોળો કરવા (કિ.મી. ૧.૫ × ૩.૦૦ મી.) નો થાય છે.

- **એસ્ટેટ / દબાણ હટાવ શાખા :– વર્ષ ૨૦૧૯-૨૦માં થનાર કામો :**

**આઉટડોર પબ્લિસિટીમાં સિંગલ એજન્સી**

- આગામી નાણાંકિય વર્ષમાં રાજકોટ મહાનગરપાલિકાની આઉટડોર પબ્લિસિટી માટેની તમામ સાઈટ થરના હોર્ડીંગ એક જ એજન્સીને આપવાનો પ્રયાસ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.
- રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના કોમ્યુનીટી હોલ, આર્ટ ગેલેરી, ઓપન–એર થિયેટર તથા ઓડીટોરીયમના ખર્ચને પહોંચી વળવા ભાડા રીવાઈઝ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- **આગામી વર્ષમાં**
  **૧) આમ્રપાલી ફાટક પાસે, રેલ્વે ટ્રેક સાઈડ**
  **૨) નવલનગર, મવડી રોડ તથા**
  **૩) યુનિ. રોડ પર એસ.એન.કે. સ્કુલ પાસે નવા ત્રણ હોકર્સ ઝોન શરૂ કરવા વિચારણા છે. તેમજ હયાત ૧૧ હોકર્સ ઝોનને મોડેલ હોકર્સ ઝોન બનાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે.**

**વર્ષ ૨૦૧૯–૨૦ માં થનાર કામો :**

**પ્રમોશન ફોર સાયક્લીંગ**

આ યોજના હેઠળ નવી સાઈકલની ખરીદી કરનાર વ્યક્તિને રૂ.૧૦૦૦/– નું રીફંડ આ'વામાં આવશે. આ યોજના માટે રૂ.૧ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

**ઈ–રીક્ષા પ્રમોશન**

– ૧૦૦ ઈ–રીક્ષા ખરીદવા માટે સખી મંડળને સબસીડી. જોગવાઈ રૂ. ૧૨૫ લાખ.

– લાસ્ટ માઈલ કનેક્ટીવીટીના સિદ્ધાંત હેઠળ ખાનગી કોન્ટ્રાક્ટ દ્વારા પણ ઈ–રીક્ષા ચલાવવાનું આયોજન છે.

**નવી ૨૦૦ ઈલેક્ટ્રિક બસની ખરીદી :**

શહેરના પર્યાવરણની જાળવણી માટે થઈ રહેલા પ્રયાસોમાં વાયુ પ્રદૂષણ ક્રમશઃ ઓછું થાય તે માટે પણ મહાનગરપાલિકા પ્રયાસો કરે છે. આ હેતુને નજર સમક્ષ રાખી આગામી ત્રણ વર્ષમાં મહાનગરપાલિકા દ્વારા કુલ ૨૦૦ ઈલેક્ટ્રિક બસની ખરીદી કરવામાં આવનાર છે જેમાં આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૯–૨૦૨૦માં ૫૦ બસ અને ત્યારબાદના બે વર્ષમાં ૭૫–૭૫ ઈલેક્ટ્રિક બસ ખરીદ્ધામાં આવશે.

**સાયકલ ટ્રેક :–**

વોર્ડ નં.૧૦માં કાલાવાડ રોડ ગાયત્રી મંદિર પાસેથી વૃંદાવન નાલા હયાત વોટર વે માં નવો સાયકલ ટ્રેક સાથે પાથ વે બનાવવાનું આયોજન છે.

**પે એન્ડ પાર્કીંગ પ્લોટ અને નવી પાર્કીંગ પોલિસી :–**

રાજકોટ મહાનગરપાલિકાના હસ્તકના ૨૧ પ્લોટમાં પ્રથમ તબક્કે ૮૦–૨૦ ના ધોરણે તથા ત્યારબાદ ટેન્ડર દ્વારા પે એન્ડ પાર્ક માટે આગામી વર્ષમાં આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત પ્રવર્તમાન પાર્કીંગ દરોમાં જરૂરી રીવાઈઝડ રેઈટ ફાઈનલ કરી નવી પાર્કીંગ પોલિસી તૈયાર કરવા અંગે આયોજન કરવામાં આવેલ છે.

**સાયકલ ટ્રેકમાં બોલાર્ડ ફીટ કરવાનું આયોજન :–**

શહેરમાં બી.આર.ટી.એસ રૂટ પર બન્ને તરફ આવેલ સાયકલ ટ્રેકમાં અન્ય વાહનો પ્રવેશે નહી તેમજ સાયકલ ટ્રેકમાં યથાયોગ્ય ઉપયોગ થઈ શકે તે માટે સમગ્ર રૂટ પર બોલાર્ડ ફીટ કરવાનુ આયોજન હાથ ધરવામાં આવેલ છે.

**ફૂટ ઓવર બ્રીજ :–**

૧૫૦ ફૂટ રિંગ રોડ પર બે સ્થળોએ ફેબ્રીકેટેડ ફૂટ ઓવરબ્રીજ બનાવવા કાર્યવાહી કરવામાં આવનાર છે.

**ઈલેક્ટ્રીક બસ માટે ડેપો તથા ચાજીર્ગ સ્ટેશન :–**

શહેરના BRTS કોરીડોર તથા શહેરના મુખ્ય રોડના રૂટો પર ટુંક સમયમાં ઈલેક્ટ્રીક બસ દોડાવવાનું આયોજન હોઈ આ તમામ બસો માટે અલગથી બસ ડેપો તથા ચાજીર્ગ સ્ટેસનના ઈન્ફ્રાસ્ટક્ચરનું કામ ટ્રાફીક શાખા દ્વારા હાથ ધરવામાં આવશે.

- **આઈ.ટી. :–**

ઈ–ગવર્નન્સના વ્યાપના વધારા સાથે નાગરિકોને વધુ સારી સેવા મળી રહે તે માટે વર્ષ ૨૦૧૯ નાં બજેટમાં રાજકોટ શહેરને આઇ.ટી.ઈનેબલ્ડ બનાવવા માટેની જોગવાઈ કરવામાં આવેલ છે.

**જીઆઈએસ :–**

સમગ્ર શહેરનું જીઆઈએસ મેપીંગ કરવામાં આવશે જેમાં તમામ યુટીલીટીને પણ આવરી લેવામાં આવશે તેમજ તેને કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર સાથે ઈન્ટીગ્રેટ કરવામાં આવશે.

**ડીજીટલ પેમેન્ટને પ્રોત્સાહન :–**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચાલુ સાલમાં શહેરીજનોને પ્રોપર્ટીટેક્સ, વોટરચાજીર્સ , પ્રોફેશન ટેકસની ઓનલાઈન ડીજીટલ પેમેન્ટ ની ચુકવણી પર ૫૦ થી ૨૫૦ રૂસુધીનું ડીસ્કાઉન્ટ આપવામાં આવેલ છે જેના કારણે ચાલુ વર્ષે કુલ કલેક્શનનાં ૨૨ ટકા (૩૮.૮૪ કરોડ રૂ.) ઓનલાઈન કલેક્શન થયેલ છે. આવતા વર્ષમાં પણ આ જ પ્રકારે ઓનલાઈન કલેક્શન વધુમાં વધુ થાય તે પ્રકારનાં પ્રયાસો કરવામાં આવશે.

**ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ :–**

રાજકોટ શહેરમાં વ્યાપાર–વ્યવસાય વધુ ને વધુ સરળ બની રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિવિધ લાઈસન્સ અને પરમિશન માટેની પ્રક્રિયા ઓનલાઈન કરાયેલ છે અને હજુ પણ આ પ્રક્રિયા આગળ ધપાવવામાં આવશે.

- વ્યવસાય વેરો ઓનલાઈન કરાયેલ છે.
- બિલ્ડિંગ પરમિશન ઓનલાઈન કરાયેલ.
- ફૂડ લાઈસન્સ ઓનલાઈન કરાયેલ છે.
- 'શો' લાઈસન્સ ઓનલાઈન કરવામાં આવશે.

**GIS - (Geographic Information System)**

જીઆઈએસ (ભૌગોલિક માહિતી પ્રણાલી) એ ભૌગોલિક ડેટાને કેપ્ચર, સ્ટોર, પૃથ્થકરણ, સંચાલન કરવા માટેની પધ્ધતિ છે. રાજકોટ મહાનગરપાલિકાની હદમાં આવેલ અંદાજીત ૪,૫૦,૦૦૦ જેટલી મિલ્કતોને જી.આઈ.એસ સિસ્તમમાં Geo Tagging કરવામાં આવશે. આ GIS mapping માં મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવતી તમમ યુટીલીટીને આવરી લેવામાં આવશે તેમજ તેને Integrated Command and Control Center સાથે કનેક્ટ કરવામાં આવશે.

**ERP (Enterprise Resources Planning)**

એન્ટરપ્રાઈઝ રીસોર્સિસ પ્લાનિંગ એ એક એવા પ્રકારનો સોફ્ટવેર છે કે જેમાં મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગોની કામગીરીને એક કોમન સોફ્ટવેરની અંદર ઈન્ટ્રીગ્રેટ કરવામાં આવશે. આ સેવોત્તમ (સેવામાં ઉત્તમ) પધ્ધતિને કારણે મહાનગ––રપાલિકાના જુદી જુદી શાખાઓની કામગીરી વધારે સરળ બનશે તેમજ જુદા જુદા વિભાગો વચ્ચેનું સંકલન સરળતાથી કરી શકાશે આથી લોકોને મળતી મહાનગરપા––લિકાઓની સેવાઓ વધારે સારી રીતે આપી શકાશે.

**ઓનલાઈન લગ્ન નોંધણી :–**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી વર્ષ ૨૦૧૯–૨૦૨૦થી ઓનલાઈન લગ્ન નોંધણીની કાર્યવાહી અમલમાં મુકશે. આ માટે

ખાસ પ્રકારનો સોફ્ટવેર બનાવવામાં આવશે તથા પાછલાં ૧૦ વર્ષમાં થયેલ તમામ લગ્નોની વિગતો મળી શકશે.

**પ્રોફેશન ટેક્સ (RC) :–**

હાલમાં મહાનગરપાલિકા દ્વારા પ્રોફેશન ટેક્સ (EC) ની વસુલાતની કામગીરી ઓનલાઇન કરવામાં આવે છે તે જ રીતે આગામી વર્ષથી પ્રોફેશન ટેક્સ (RC) ની વસુલાત પણ ઓનલાઇન કરવામાં આવશે. આથી લોકોને દર માસે મહાનગરપાલિકાની કચેરીએ પ્રોફેશન ટેક્સ ચુકવવા આવવાને બદલે ઓનલાઇન નેટ બેંકિંગ / ક્રેડીટ કાર્ડ /ડેબિટકાર્ડ વગેરે ડીજીટલ પેમેન્ટના માધ્યમથી વેરો ચુકવી શકશે.

**ફાયર એન.ઓ.સી. :–**

મહાનગરપાલિકા દ્વારા આગામી વર્ષથી ફાયર એન.ઓ.સી. મેળવવા માટેની કાર્યવાહી ઓનલાઇન કરવામાં આવશે. લોકો પોતાના બિઝનેસ માટે ફાયર એન.ઓ.સી ઓનલાઇન મેળવવા માટે અરજી કરી શક્શે.

- **બાંધકામ શાખા :-**

**વર્ષ ૨૦૧૯–૨૦૨૦માં થનાર કામો :–**

**૧. ટી.પી. રસ્તા : રૂા.૧૪.૪૪ કરોડનાં ખર્ચે**

**૨. નવા કોમ્યુનિટી હોલ તથા નવીનીકરણ : રૂા.૩૫૦ લાખનાં ખર્ચે**

**૩. નવલનગર તથા ખોડિયારનગર વિસ્તાર માં D.I. પાઇપલાઇન નેટવર્ક : રૂા.૭૧૦ લાખનાં ખર્ચે**

**૪. એલીવેટેડ રોડ : રૂા.૧૦૦ લાખનાં ખર્ચે**

**૫. વોંકળા રીટેઇનીંગ વોલ : રૂા.૮૦૦ લાખનાં ખર્ચે**

**૬. સિવિલ હોસ્પિટલ ચોક ફલાય ઓવર બ્રીજ : રૂા. 30 કરોડ નાં ખર્ચે**

**૭. આમ્રપાલી રેલ્વે અન્ડર બ્રીજ : રૂા.30 કરોડનાં ખર્ચે**

**૮. ડસ્ટ ફ્રી રોડ : રૂા. ૩૨૫ લાખનાં ખર્ચે**

**૯. મોડલ હોકર્સ ઝોન : રૂા.૧૫૩ લાખનાં ખર્ચે**

**૬.૩ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના :-**

**વર્ષ ૨૦૧૯–૨૦માં આયોજન કરવામાં આવેલ કામો :**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરનાં વિકાસને ધ્યાને રાખી આગામી વર્ષો માટે જરૂરી જુદી જુદી માળખાકીયા સુવિધાઓ અન્વયે આગામી વર્ષ ૨૦૧૯–૨૦, માટે રૂા.૨૩૦ કરોડનાં કામોનું આયોજન કરવામાં આવેલ છે. આગામી વર્ષનાં બજેટમાં સ્વર્ણીમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના રોડ અંતર્ગત મુખ્ય ઘટકો અંતર્ગત કરવાનાં થતા જુદા જુદા મુખ્ય પ્રોજેક્ટોમાં રાજકોટ શહેરમાં કાલાવાડ રોડ તથા BRTS રોડ પર ફૂટ ઓવર બ્રીજ બનાવવાનુ કામ, વોર્ડ નં.૮માં કાલાવડ રોડ પર આવેલ કે.કે.વી. હોલ ચોકમાં અન્ડર બ્રીજ બનાવવાનું કામ અને સોરઠીયાવાડી સર્કલ પર બ્રીજ બનાવવાના પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

**(૧) ભૌતિક સુવિધાઓ:–**

**મુખ્ય કામો :-**

ભૌતિક સુવિધાઓ અન્વયે રાજકોટ શહેરનાં ત્રણે ઝોનમાં તથા નવા ભળેલા વિસ્તારોમાં મૂળભૂત માળખાકિય સુવિધાઓ જેવી કે રસ્તાઓ માટે અંદાજીત ખર્ચ : રૂા.૭૩.૨૨ કરોડ, વોટર વર્ક્સ માટે અંદાજીત ખર્ચ : રૂા.૬.૪૩ કરોડ અને ડ્રેનેજ માટે કૂલઃ ૪.૦૪ કરોડનાં ખર્ચ થશે.

**(૨) સામાજીક સુવિધાઓ :–**

**મુખ્ય કામો :-**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ ના શહેરીજનો ને સામાજીક સુવિધાઓ મળી તે હેતુથી શહેરનાં અલગ–અલગ વિસ્તારોમાં સોશિયલ ઇન્ફ્રાસ્ટકચર ડેવલપ કરવાનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં મુખ્યતવે હોકર્સ ઝોન(રૂા.૩૧૫ લાખનાં ખર્ચે ), કૂલ ૨૬ જગ્યાએ–મોર્ડન ટોયલેટ(રૂા.૨૦૨ લાખ), ફાયર સ્ટેશન(રૂા.૩૯૫ લાખનાં ખર્ચે ), સ્મશાન(રૂા.૧૮૦ લાખનાં ખર્ચે), જનભાગીદારી યોજનાં અંતર્ગત ખાનગી સોસાયટીનાં આંતરીક રસ્તા, પેવિંગ બ્લોક, સોસાયટી વિસ્તારમાં પીવાના પાણીની પાઈપલાઇન, ડ્રેનેજ તથા સ્ટ્રીટલાઇટના કામો રૂા.૧૯૮૯.૫૦ લાખનાં ખર્ચે કરવામાં આવે છે.

**(3) આગવી ઓળખ :–**

- **રાજકોટ શહેરની આગવી ઓળખ ઉભી થાય તે હેતુથી રેસકોર્ષ, રાંદરડા લેક ડેવલપમેન્ટ, આજી રી-ડેવલપમેન્ટ પ્રોજેક્ટ જેવા કામોથી રાજકોટની આગવી ઓળખ ઉભી થાય તેવા કામોનો સમાવેશ કરવામાં આવેલ છે.**
- **આજી રીવર રી-ડેવલપમેન્ટ અંતર્ગત પ્રથમ તબક્કામાં આજી નદીનાં બન્ને તરફ ઇન્ટરસેપટીંગ સીવર તથા આનુસાંગીક કામો-૧૫.૦૦ કરોડ.**
- **રેસકોર્ષ સંકુલ ડેવલપમેન્ટમાં મુખ્યત્વે પ્લેનેટોરીયમ રીનોવેશન, રેસકોર્ષ મેળા ગ્રાઉન્ડ તથા ચબુતરા પાસે ડેવલપીંગ -૨.૯૦ કરોડ.**
- **રાંદરડા લેક ડેવલપમેન્ટ -૫.૦૦ કરોડ.**

**૬C. અન્ય પ્રોજેક્ટ :-**

- **મોડેલ હોકર્સ ઝોન**
- **હેપ્પી સ્ટ્રીટ અને ફન સ્ટ્રીટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ઇસ્ટ ઝોન, સેન્ટ્રલ ઝોન તથા વેસ્ટ ઝોન વિસ્તારમાં એમ મળીને ત્રણ અલગ અલગ સ્થળોએ, ઝોન વાઇઝ, હેપી સ્ટ્રીટ શરૂ કરવામાં આવશે.

- **ઈસ્ટ ઝોન ખાતે આજી ડેમ ચોકડીથી અમુલ સર્કલ સુધી બંને તરફ, અંદાજીત ખર્ચ : રૂા.૫૦.૦૦ લાખ**
- **સેન્ટ્રલ ઝોન ખાતે હોમી દસ્તુર માર્ગ પર એ.વી.પી.ટી. તથા ધર્મેન્દ્ર કોલેજની એક સાઈડ : રૂા.૨૫.૦૦ લાખ**
- **વેસ્ટ ઝોન ખાતે બી.આર.ટી.એસ. પરના સાયકલ ટ્રેક ઉપર**

– **વોટર વર્કસ :–**

રાજકોટ શહેરની હાલમાં પાણીની જરૂરિયાત 300 M.L.D. છે. જે જરૂરિયાત આજી–૧, ન્યારી–૧, ભાદર–૧ નર્મદા પાઇપલાઈન યોજના (NC) મારફત પુરી કરવામાં આવે છે. આજી–૧, ડેમનું સૌની યોજના સાથે જ્પ્દાન થવાથી રો વોટરની ઉપલબ્ધતા ની સુનિશ્ચિતતામાં વધારો થયેલ છે. શહેરની વસતિમાં ભવિષ્યમાં થનારા વધારાને લક્ષમાં લેતા વર્ષ–૨૦૩૨માં ૩૯૧ MLD પાણીની જરૂરિયાત રહેશે. હાલમાં હયાત છ અલગ અલગ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ (WTP)ની કુલ ક્ષમતા 30 MLD છે. તેથી ભવિષ્યની જરૂરિયાત અન્વયે જેટકો ચોકડી ખાતે ૫૦ MLD તથા રૈયાધાર ખાતે ૫૦ MLD એમ બે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સનું આયોજન અમૃત હેઠળ કરવામાં આવેલ છે. જેના માટે બજેટમાં અંદાજીત રૂા.૬૭ કરોડના ખર્ચ માટે જરૂરી નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે. તદુપરાંત આજી ખાતેના જુના ફિલ્ટર પ્લાન્ટ FP-1નું રીનોવેશન, સ્ટ્રેન્પનિંગ, મશીનરી રિપ્લેસમેન્ટનું કામ અંદાજીત રૂા.૧.૪૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે. સદરહુ કામો પૂર્ણ થયે કુલ ફિલ્ટરેશન કેપેસિટી ૪૦૦ MLD થવા પામશે.

નવા ભળેલા કોઠારિયા તથા વાવડી વિસ્તારોમાં અલગ અલગ ચાર જગ્યાએ

(નારાયણનગર, તિરૂપતિનગર, સ્વાતી પાર્ક, વાવડી) વોટર હેડ વર્કસ (GST+ESR+PST) બનાવવાનું કામ રૂા.૨૩ કરોડના અંદાજીત ખર્ચે હાથ ધરવામાં આવેલ છે જેની અમૃત હેઠળ બજેટમાં જોગવાઈ કરાયેલ છે. તદુપરાંત વોર્ડ નં.૭ તથા ૧૪ના વિસ્તારોમાં જિલ્લા ગાર્ડન ખાતે અલગથી નવો વોટર ડીસ્ટ્રીકટ (ચંદ્રેશનગરની જેમ) બનાવવાના ભાગરૂપે એક હેડવર્કસ (GST+ESR+PST) બનાવવાનું કામ રૂા.૭.૬૪ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે. જેની અમૃત યોજના હેઠળ નાણાંકીય જોગવાઈ બજેટમાં દર્શાવવામાં આવેલ છે.

સદરહું તમામ હેડવર્કસ તથા ફિલ્ટર પ્લાન્ટ્સ માટે જરૂરી ટ્રાન્સમીશન મેઈન લાઈનોના કામોનું અંદાજીત રૂા.૧૨.૩૯ કરોડના ખર્ચે અમૃત હેઠળના આયોજનમાં કામો હાથ ધરવામાં આવશે.

સ્કાડા ફેઈઝ–૩ અંતર્ગત કામગીરી અંતિમ તબક્કામાં છે. જે પુરી થયે મોબાઈલ એપ દ્વારા શહેરના પાણી પુરવઠાને લગત માહિતી ત્વરિતપણે મેળવી શકાશે. વિશેષમાં રાજકોટ મહાનગરપાલિકાના ઈન્ટીગ્રેટેડ કંટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર સાથે પણ સ્કાડા નેટવર્કનું જોડાણ કરવામાં આવશે. સ્કાડા સિસ્ટમ આધારિત રીયલ ટાઈમ બલ્ક વોટર ઓડિટ સિસ્ટમથી શહેરના પાણી વિતરણ સાથે સંકળાયેલા દરેક હેડવર્કસ સાથે કોઈપણ સમયે પાણી વિતરણની પરિસ્થિતિ જાણી શકાય છે. તેમજ સપ્લાય થતા પાણીના જથ્થાની આવક જાવકનો સચોટ હિસાબ મળી શકશે. ઉપરાંત પાણીમાં રહેલ ક્લોરીનની માત્રાનું મોનિટરિંગ થઇ શકશે. આકસ્મિક સંજોગોમાં પાણી વિતરણમાં કોઈ ક્ષતિ/અવરોધ ઉભો થાય તેવા સમયે સંબંધિત અધિકારીને તુરંત જ માહિતી મળી શકશે અને ટોચ અગ્રતાના ધોરણે તે ક્ષતિ દૂર કરી શકાશે. આમ સમગ્રતયા પાણી વિતરણનું એક જ સ્થળેથી મોનીટરીંગ થઇ શકશે.

**ઉપરોક્ત વિગતેના મંજૂર થયેલ DPR અન્વયેના કામોના અમલીકરણની કાર્યવાહી ચાલુ છે. જે અંદાજે બે વર્ષમાં પૂર્ણ થયેથી શહેરના તમામ વિકસિત વિસ્તારોને ડ્રેનેજની સુવિધાથી આવરી લેવાશે.**

**ગુજરાત સરકારશ્રી દ્વારા ટ્રીટેડ વેસ્ટ**

## – :: અમૃત યોજના :: –

**(૧) વોટર સપ્લાય** — **રૂા. લાખમાં**

| ક્રમ | ઝોન | લાભાર્થી | કામનું નામ | ૧૮-૧૯ | ૧૯-૨૦ |
|---|---|---|---|---|---|
| ૧ | WZ | 240000 | વોર્ડ નં.૧માં રૈયાધાર ખાતે ૫૦ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું કામ (ઓપરેશન અને મેન્ટેન્સ વગર) | 0.00 | 2652.74 |
| ૨ | WZ | 80000 | વોર્ડ નં.૮માં ચંદ્રેશનગર ઝોન હેઠળના નવા બનેલ વિસ્તારમાં ૧૦૦ એમ.એમ. ડાયા ડી.આઇ.પાઇપલાઇન નેટવર્ક વિસ્તરણનું કામ હાઉસ કનેક્શન સાથે(પાર્ટ-૧) | 50.73 | 0.00 |
| ૩ | WZ | 80000 | વોર્ડ નં.૮માં ચંદ્રેશનગર વોટર મીટરીંગ પ્રોજેક્ટ હેઠળ હૈયાત નેટવર્કનું મજબુતીકરણ તથા નવા ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કનાં વિસ્તર્ણ કરવાનું કામ | 200.00 | 394.00 |
| ૪ | WZ | 23000 | વોર્ડ નં.૧૧માં મવડી ટી.પી. સ્કીમ નં. ૨૬,૨૭ અને ૨૮માં સમાવિષ્ટ વિસ્તારમાં પાઇપલાઇન ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કનું કામ | 300.00 | 1331.00 |
| ૫ | WZ | 1000000 | વોર્ડ નં.૧૧માં જેટકો ચોકડી પાસે નવા ૫૦ એમ.એલ.ડી. ફિલ્ટર પ્લાન્ટ ખાતે નવાઇ.એસ.આર. જી.એસ.આર. ફિલ્ટર પ્લાન્ટ તથા સ્ટોરેજ બનાવવાનું કામ (ઓપરેશન અનેમેન્ટેન્સ વગર) | 0.00 | 3277.71 |
| ૬ | WZ | 74190 | વોર્ડ નં.૧૨માં વાવડી વિસ્તારમાં ડિસ્ટ્રીબ્યુશન પાઇપલાઇન નેટવર્કનું કામ (પાર્ટ -૧) | 300.00 | 2364.00 |
| ૭ | WZ | 74190 | વોર્ડ નં.૧૨માં વાવડી વિસ્તારમાં ડિસ્ટ્રીબ્યુશન પાઇપલાઇન નેટવર્કનું કામ(પાર્ટ -૨) | 60.00 | 400.76 |
| ૮ | CZ | 10000 | વોર્ડ નં.૧૩માં નવલનગર વિસ્તારમાં ડી.આઇ. પાઇપલાઇન ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કનું કામ | 0.00 | 566.22 |
| ૯ | CZ | 77625 | વોર્ડ નં.૧૪માં જીલ્લા ગાર્ડન ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક અંતર્ગત હૈયાત નેટવર્કનું મજબુતીકરણ તથા નવા ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કનું કામ(પાર્ટ-૧) | 1309.60 | 1860.40 |
| ૧૦ | CZ | 77625 | વોર્ડ નં.૧૪માં જીલ્લા ગાર્ડન ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક અંતર્ગત હૈયાત નેટવર્કનું મજબુતીકરણ તથા નવા ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કનું કામ(પાર્ટ-૧) | 75.00 | 500.00 |
| ૧૧ | CZ | 77625 | વોર્ડ નં.૧૪માં કાન્તા સ્ત્રી વિકાસ ગૃહથી જીલ્લા ગાર્ડન હેડવર્ક સુધી ૫૦૮ એમ.એમ.ડાયાની એમ.એસ. પાઇપલાઇન નાખવાનું કામ (ડિઝાઇન, સર્વે, સપ્લાય, ફિક્સીંગ સાથે) | 0.00 | 461.83 |
| ૧૨ | EZ | 30000 | વોર્ડ નં.૧૮માં કોઠારીયા તિરૂપતી હેડ વર્કસ આધારીત વિસ્તારોમાં ડી.આઇ.પાઇપલાઇન ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કનું કામ (પાર્ટ-૧) | 397.39 | 412.00 |
| ૧૩ | EZ | 300000 | વોર્ડ નં.૧૮માં કોઠારીયા સ્વાતિ પાર્ક હેડ વર્કસ આધારીત વિસ્તારોમાં ડી.આઇ. પાઇપલાઇન ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કનું કામ(પાર્ટ-૨) | 472.68 | 369.00 |
| ૧૪ | EZ | 30000 | વોર્ડ નં.૧૮માં કોઠારીયા સ્વાતિ પાર્ક હેડ વર્કસ આધારીત વિસ્તારોમાં ડી.આઇ. પાઇપલાઇન ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કનું કામ(પાર્ટ-૩) | 350.00 | 151.00 |
| ૧૫ | EZ | 30000 | વોર્ડ નં.૧૮માં કોઠારીયા હેડ વર્કસ અન્વયે તિરૂપતીનગર ખાતે નવા ઇ.એસ.આર. જી.એસ.આર. બનાવવાનું કામ | 190.00 | 282.00 |
| ૧૬ | EZ | 22000 | વોર્ડ નં.૧૮માં કોઠારીયા હેડ વર્કસ અન્વયે સ્વાતિ પાર્ક ખાતે નવા ઇ.એસ.આર. જી.એસ.આર. બનાવવાનું કામ | 50.00 | 460.55 |
| ૧૭ | EZ | 13000 | વોર્ડ નં.૧૮માં કોઠારીયા હેડ વર્કસ અન્વયે નારાયણનગર ખાતે નવા ઇ.એસ.આર. જી.એસ.આર. બનાવવાનુંકામ | 216.82 | 20.34 |
| ૧૮ | EZ | 70000 | વોર્ડ નં.૧૮ માં નારાયણનગર હેડ વર્કસ અને સ્વાતિ પાર્ક હેડ વર્કસ માટે ૬૦૦ એમ.એમ. ૫૦૦ એમ.એમ. તથા ૪૦૦ એમ.એમ. ડાયાની મેઈન લાઈન નાખવાનું કામ | 0.00 | 483.68 |
| ૧૯ | EZ | 77000 | વોર્ડ નં. ૧૮માં આજી ફિલ્ટર પ્લાન્ટથી સ્વાતિ હેડ વર્કસ અને તિરૂપતીનગર હેડ વર્કસ સુધી ૫૦૦ એમ.એમ. તથા ૨૦૦ એમ.એમ. ડાયાની મેઈન પાઇપલાઇન નાખવાનું કામ | 0.00 | 360.80 |
| ૨૦ | EZ | ... | વોર્ડ નં.૧૮માં કોઠારીયા હેડવર્કમાં ઇલેક્ટ્રીકલ કામ | 0.00 | 211.93 |
| ૨૧ | EZ | ... | વોર્ડ નં.૧૮માં કોઠારીયા હેડ વર્કસ માટે પમ્પીંગ મશીનરી તથા પમ્પ ખરીદ કામગીરી | 0.00 | 103.81 |

**ટોટલ 16663.37**

**શહેરનાં બાકી રહેતા વિસ્તારોમાં ડ્રેનેજની સુવિધા પૂરી પાડવા “અમૃત” યોજના અંતર્ગત નીચે મુજબના કામોનાં DPR મંજુર થયેલ છે.**

| ક્રમ | કામનું નામ | DPRની મંજુર થયેલ રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | માધાપર ખાતે ૮૦ MLD ક્ષમતાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું કામ | 50.00 |
| ૨ | ડ્રેનેજ યોજનામાં વિસ્તરણ | 30.02 |
| ૩ | ડ્રેનેજ યોજનામાં વિસ્તરણ | 102.36 |
| ૪ | ફેઇઝ-૧ તથા ૨ પાર્ટ-૧માં બનેલ હયાત ડ્રેનેજ નેટવર્કનું અપગ્રેડેશન | 21.96 |
| ૫ | હયાત પમ્પીંગ મશીનરીનું અપગ્રેડેશન | 5.63 |
| | **કુલ** | **209.97** |

વોટરને રી-યુઝ કરવા અંગે તા.૨૮-૫-૧૮ના રોજ પોલીસી ફોર રી-યુઝ ઑફ ટ્રીટેડ વેસ્ટ વોટર જાહેર કરવામાં આવેલ છે. જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ જનરલ બોર્ડ ઠરાવ નં.૧૧ તા.૧૫-૬-૧૮થી ટ્રીટેડ વેસ્ટ વોટરના રી-યુઝ અંગે પાણીના દર તથા નીતિ નક્કી કરવામાં આવેલ છે. ટ્રીટેડ વેસ્ટ વોટરનો ઉપયોગ ઇન્ડસ્ટ્રીયલ યુઝ, ગાર્ડનિંગ, નર્સરી, સિંચાઈ, કન્સ્ટ્રકશન વર્ક, ટોઈલેટ ફ્લશીંગ, વેહિકલ વોશીંગ વિગેરે હેતુ માટે કરી શકાય છે. સૌરાષ્ટ્ર વિસ્તાર એ વોટર સ્કેર રીજીયન હોવાથી આવા હેતુ માટે ટ્રીટેડ વેસ્ટ વોટરનો ઉપયોગ કરવામાં આવે તો પીવાલાયક શુદ્ધ અને કિમતી પાણીની બચત થઇ શકે. પીવાલાયક શુદ્ધ અને કિમતી પાણીની બચત થઇ શકે તે હેતુથી રાજકોટ મહાનગરપાલિકા વ્યાજબી દરે ટ્રીટેડ વેસ્ટ વોટર આપવા ઈચ્છુક છે. આ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઔદ્યોગિક એકમો/સંસ્થાઓ, સિંચાઈ સહકારી મંડળીઓ વિગેરે સાથે સમયાંતરે બેઠકો રાખવામાં આવેલ. જેમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશન, શાપર વેરાવળ ઇન્ડસ્ટ્રીઅલ એસોસીએશન, GIDC લોધિકા ઇન્ડસ્ટ્રીઅલ એસો., આજી GIDC ઇન્ડસ્ટ્રીઅલ એસા., રાજકોટ એન્જી. એસોસીએશન, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, વન વિભાગ, મીરા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટનો સમાવેશ થાય છે. સિંચાઈ સહકારી મંડળીઓમાં ઇશ્વરીયા મહાદેવ પિયત સહકારી મંડળી લિ. પાસેથી રૂા.૧,૦૯,૫૯૭ ની આવક મેળવીને પાણી આપવાનું મંજૂર કરાયેલ છે. તદુપરાંત, શ્રી જય દ્વારકાધીશ પિયત સહકારી મંડળી લિ.ને તથા આણંદપર(બાઘી) ગામના ખેડૂતોને આણંદપર ડેમમાં સિંચાઈ માટે પાણી આપવાની દરખાસ્ત મંજૂરી પ્રક્રિયા હેઠળ છે. આ ઉપરાંત, વાજડીગઢ ગામનાં ખેડૂતો, ન્યારા ગામનાં ખેડૂતો, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, પણ આ પાણી વાપરવા અંગે રસ દાખવાયેલ છે. હાલ, ફોરેસ્ટ વિભાગ દ્વારા રૈયાધાર STP નજીકમાં આવેલ રેસકોર્સ-૨ વિસ્તારમાં વૃક્ષારોપણ માટે આ પાણી ઉપયોગમાં લેવાઈ રહેલ છે. રાજકોટ શહેરમાં પાણીનો ઉપયોગ કરતા ઉદ્યોગો નહીવત હોવા છતાં આ પાણીનો વપરાશ કરવા પ્રોત્સાહિત કરવા ઔદ્યોગિક એકમો અને કન્સ્ટ્રકશન ઈન્ડસ્ટ્રી સાથે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંવાદ ચાલુ છે.

## - :: ડ્રેનેજ ::- વર્ષ ૨૦૧૯-૨૦માં થનાર કામો :

| ક્રમ | કામનું નામ | થનાર અંદાજીત ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧ | માધાપર ખાતે ૮૦ MLD ક્ષમતાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું કામ. | 948.00 |
| ૨ | વોર્ડ નં.૧માં રૈયાધાર ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનથી રૈયાધાર STP સુધી 300 મીમી ડાયા. રાઈઝીંગ મેઈન લાઈન નાખવાનુ કામ. | 16.12 |
| 3 | માધાપર ખાતેના ૮૦ MLD ક્ષમતાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી આજી-૨ ડેમ સુધી ૧૨૦૦ મીમી ડાયા.ની ટ્રીટેડ સુએજ ડીસ્પોઝલ પાઇપલાઈનનું કામ. | 325.00 |
| ૪ | વોર્ડ નં.૧૫માં નેશનલ હાઈવે બાય-પાસ પર દૂરદર્શન કેન્દ્ર નજીક આજી ચેક ડેમ પાસે ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન બનાવવાનુ, રાઈઝીંગ મેઈન પાઈપલાઈન નાખવાનું તથા પમ્પીંગ મશીનરી SITCનું કામ. | 200.00 |
| ૫ | વોર્ડ નં.૧૫માં આજી GIDC નજીક આજી તથા ખોખડદડીના જંકશન પાસે, ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન બનાવવાનુ, રાઈઝીંગ મેઈન પાઈપલાઈન નાખવાનું તથા પમ્પીંગ મશીનરી SITCનું કામ. | 150.00 |
| ૬ | વોર્ડ નં.૧૩માં પુનિતનગર ESR/GSR પાસે ટી.પી. સ્કીમ નં.-૧૪ વાવડી (ડ્રાફ્ટ) ના F.P. નં.-૩૧ (સી)માં ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન બનાવવાનુ, રાઈઝીંગ મેઈન પાઈપલાઈન નાખવાનું તથા પમ્પીંગ મશીનરી SITCનું કામ. | 160.00 |
| ૭ | વોર્ડ નં.૧૨માં વાવડી ગામ પાસે ટી.પી. સ્કીમ નં.-૧૪ વાવડી (ડ્રાફ્ટ) ના એફ.પી. નં.-૨(બી)માં ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન બનાવવાનુ, રાઈઝીંગ મેઈન પાઈપલાઈન નાખવાનું તથા પમ્પીંગ મશીનરી SITCનું કામ. | 275.00 |
| ૮ | વોર્ડ નં.૧૮માં કોઠારીયા ગામ નજીક હનુમાન મંદિર પાસે ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન બનાવવાનુ, રાઈઝીંગ મેઈન પાઈપલાઈન નાખવાનું તથા પમ્પીંગ મશીનરી SITC નું કામ. | 600.00 |
| ૯ | વોર્ડ નં.૧૫માં નેશનલ હાઈવે બાય-પાસ પર ટી.પી. સ્કીમ નં.-૬ રાજકોટ ના એફ.પી. નં.-૨૦૦માં (એનિમલ હોસ્ટેલ વાળા પ્લોટમાં) ટર્મિનલ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન તથા ૧૫ એમ.એલ.ડી. ક્ષમતાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનુ કામ તથા તેના ૫ વર્ષના O&M કરવાનું કામ. | 1500.00 |
| ૧૦ | વોર્ડ નં.૪માં ભગવતીપરા પાસે ટી.પી. સ્કીમ નં.-૩૧ રાજકોટ(ડ્રાફ્ટ)ના એફ.પી. નં.-30(બી)માં ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન બનાવવાનુ, રાઈઝીંગ મેઈન પાઈપલાઈન નાખવાનું તથા પમ્પીંગ મશીનરી SITCનું કામ. | 200.00 |
| ૧૧ | વોર્ડ નં.3માં પોપટપરા મેઈન ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન અપગ્રેડેશન માટે સિવિલ કામ, પમ્પીંગ મશીનરી SITC તથા માધાપર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધીની રાઈઝીંગ મેઈન લાઈન નાખવાનું કામ. | 1800.00 |
| ૧૨ | વેસ્ટ ઝોનમાં હાઉસિંગ બોર્ડ તથા કાલાવડ રોડ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનની પમ્પીંગ મશીનરી અપગ્રેડેશનનું કામ. | 413.92 |
| ૧3 | સેન્ટ્રલ ઝોનમાં ગીતગુર્જરી તથા બેડી નાકા ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનની પમ્પીંગ મશીનરી અપગ્રેડેશનનું કામ. | 265.18 |
| ૧૪ | ઈસ્ટ ઝોનમાં પેડક રોડ તથા બેડીપરા ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનની પમ્પીંગ મશીનરી અપગ્રેડેશનનું કામ. | 217.33 |

## ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ નવા પ્રોજેક્ટ

| ક્રમ | પ્રોજેક્ટની વિગત | પ્રોજેક્ટ કોસ્ટ | ૧૯-૨૦ અંદાજ |
|---|---|---|---|
| ૧ | સત્યસાઈ હાર્ટ હોસ્પિટલ રોડ ખાતે પ્લોટ FG NO, 91, TPS, NO-3 માં પેવિંગ બ્લોક લગાડીને પાર્કિંગ પ્લોટ ડેવલોપ કરવાનું કામ | 40.00 | 40.00 |
| ૨ | પુરુષાર્થ સોસાયટી પાસેનો પાર્કિંગ પ્લોટ પેવિંગ બ્લોક લગાડીને પાર્કિંગ પ્લોટ ડેવલોપ કરવાનું કામ | 50.00 | 50.00 |
| 3 | વોર્ડ નં. ૧૫ માં ભાવનગર રોડ પર આજી ડેમ પાસેના પાર્કિંગ પ્લોટમાં પેવિંગ બ્લોગ નાખવાનું કામ | 25.00 | 25.00 |
| ૪ | વોર્ડ નં. ૧૬ માં મારૂતિ ૮૦ ફૂટ રોડ પરના પાર્કિંગ પ્લોટમાં પેવિંગ બ્લોક નાખવાનું કામ | 20.00 | 20.00 |
| ૫ | મલ્ટીલેવલ પાર્કિંગ તથા ઓપન પાર્કિંગ કન્સલ્ટન્ટ વિગેરે | 100.00 | 100.00 |
| ૬ | માધવ પાર્કિંગ, કોઠારીયા રોડ | 90.00 | 90.00 |
| ૭ | ગ્રીનલેન્ડ ચોકડી પાસેનું | 37.00 | 37.00 |
| ૮ | ઢેબરભાઈ રોડ 'એ' ડીવીઝન પોલીસ ચોકી પર પાર્કિંગ પ્લોટ માટે ઈન્ટર લોકીંગ પેવિંગ બ્લોક નાખવાનું કામ | 7.00 | 7.00 |



# વોર્ડ નં.૩ સાધુ વાસવાણી કુંજ રોડ તથા રાજકોટ મહાનગરપાલિકાના જુદા જુદા ૧૪ રસ્તાઓ પર રૂા.૬.૨૭ કરોડના ખર્ચે પેવર કામનો શુભારંભ

## શહેર ભાજપ મહિલા મોરચાના માન.પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણીના વરદ્ હસ્તે

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'જ્યાં માનવી, ત્યાં સુવિધા' અને 'સૌનો સાથ, સૌનો વિકાસ' સાથે શહેરીજનો માટે જુદા જુદા વિકાસના કાર્યો કરવામાં આવે છે. તેના જ એક ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૩–૧૧–૨૦૧૮ના રોજ વોર્ડ નં.૩ સાધુ વાસવાણી કુંજ રોડ તથા રાજકોટ મહાનગરપાલિકાની ટાઉનશિપને જોડતા જુદા જુદા ૧૪ રસ્તાઓ પર રૂા.૬.૨૭ કરોડના ખર્ચે પેવરકામનો શુભારંભ શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, મેયરશ્રી બિનાબેન આચાર્ય તથા રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઈ ભારદ્વાજના વરદ્ હસ્તે કરવામાં આવેલ.

આ પ્રસંગે ડેપ્યુટી મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મનિષભાઈ રાડીયા, વોર્ડ નં.૩ના પ્રમુખશ્રી હેમુભાઈ પરમાર, મહામંત્રીશ્રી જગદીશભાઈ ભોજાણી, શ્રી રાજુભાઈ દરિયાનાણી, પૂર્વ કોર્પોરેટરશ્રી મનહરસિંહ ગોહિલ, ભાજપ અગ્રણીશ્રી વિલાસબા સોઢા, શ્રી નીતાબેન, શ્રી હિતેશભાઈ રાવલ, શ્રી અશોકભાઈ દવે, શ્રી બાબુભાઈ પરેસા, શ્રી નીતિનભાઈ ભટ્ટ, શ્રી રવિભાઈ નેલાણી, શ્રી રમણલાલ રતિલાલ દવે આ ઉપરાંત, સુભાષચંદ્ર બોઝ ટાઉનશિપ, વીર સાવરકર ટાઉનશિપ, લોકમાન્ય ટિલક ટાઉનશિપ, છત્રપતિ શિવાજી ટાઉનશિપ, શ્યામાપ્રસાદ મુખરજી ટાઉનશિપમાંથી ભાજપ અગ્રણીશ્રી જ્યોતિ––બેન, શ્રી ભાવનાબેન, શ્રી સોનલબેન, શ્રી શારદાબેન, શ્રી સુજીતાબેન, શ્રી બાદવીબેન, શ્રી મંજુબેન, શ્રી વિજ્યાબેન, શ્રી કુસુમબેન, શ્રી રાધિકાબેન, શ્રી કોમલબેન, શ્રી પારૂલબેન, શ્રી રેખાબેન, શ્રી જીતુભાઈ, શ્રી મયુરભાઈ, શ્રી કિશોરભાઈ, શ્રી દિપકભાઈ, શ્રી હસમુખભાઈ ગોહિલ, શ્રી દિલીપભાઈ કુંગશીયા, શ્રી નિલેષભાઈ ચિત્રોડા, શ્રી પરેશભાઈ, શ્રી વિજયભાઈ, શ્રી વિનોદભાઈ રાઠોડ, શ્રી કાળુભાઈ, શ્રી હરીશભાઈ પુરોહિત, શ્રી કલ્પેશભાઈ કોટેચા, શ્રી ગીતાબેન હરસોડા, શ્રી યોગીતાબેન રાઠોડ, શ્રી નિર્મલાબેન સોની, શ્રી કિરીટભાઈ, શ્રી રાજુભાઈ ગલતર, શ્રી પ્રકાશભાઈ સોની, શ્રી પરેશભાઈ માંડવા, પાંડેભાઈ, શ્રી જીતુભાઈ સુદા તેમજ બહોળી સંખ્યામાં લતાવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ વિસ્તારમાં ૫ ડિસેમ્બરથી સ્વામિનારાયણ મંદિર દ્વારા પૂ. પ્રમુખસ્વામિ મહારાજની જન્મ જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી થનાર હોઈ, ઉપરાંત, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જુદી–જુદી ટાઉન––શિપ બનાવવામાં આવેલ હોઈ તેમજ આ વિસ્તારમાં ખુબ જ રહેણાંક મકાનો તેમજ ફ્લેટ ડેવલપ થઈ રહ્યા હોઈ. જે ધ્યાનમાં રાખી, પેવરના રસ્તાઓની સુવિધા પ્રાપ્ત થાય તે હેતુથી ૧૪ જેટલા રસ્તાઓ પર પેવર કામનો શુભારંભ કરાયો. તમામ વિસ્તારો મળી, કુલ ૬,૮૦૦ ચો.મી. પર પેવર કામ થશે. આ પેવર કામનો શુભારંભ કરાતા રાજકોટ મહાનગરપાલિકાની ટાઉનશિપમાં રહેતા લોકોએ ઉત્સાહભેર આવકારી, આંનદની લાગણી વ્યક્ત કરેલ.









# જિલ્લા વહિવટી તંત્ર, રાજકોટ મહાનગરપાલિકા તથા જિલ્લા પંચાયતના સંયુક્ત ઉપક્રમે

# અભયમ્ મહિલા સંમેલન

જિલ્લા વહિવટી તંત્ર, રાજકોટ મહાનગરપાલિકા તથા જિલ્લા પંચાયતના સંયુક્ત ઉપક્રમે તા.૨૪-૦૮-૨૦૧૮ના રોજ મેયરશ્રી બિનાબેન આચાર્યના અધ્યક્ષસ્થાને અભયમ્ મહિલા સંમેલન યોજાયું. આ પ્રસંગે રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રીશ્રી વિભાવરીબેન દવે, ગુજરાત પ્રદેશ ભાજપ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડ્યા, સાંસદશ્રી મોહનભાઇ કુંડારીયા, ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી લાખાભાઇ સાગઠીયા, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઇ ભારદ્વાજ, પૂર્વ ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ શ્રી નીલાંબરીબેન દવે, જિલ્લા કલેક્ટર ડૉ. રાહુલ ગુપ્તા, રાજકોટ શહેર પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનિલ રાણાવસિયા, જોઇન્ટ ડી.સી.પી.શ્રી સિધ્ધાર્થ ખાત્રી, પૂર્વ મેયરશ્રી રક્ષાબેન બોળિયા, મહિલા મોરચાના પ્રમુખશ્રી નયનાબેન પેઢડિયા, મહામંત્રીશ્રી પુનિતાબેન પારેખ, શ્રી કિરણબેન માંકડિયા, પૂર્વ ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, વિવિધ સ્કૂલના ટ્રસ્ટીઓ તેમજ બહોળી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રીશ્રી વિભાવરીબેન દવે એ જણાવેલ કે, અભયમ્ ગુજરાત સરકારે બહેનોને અભય બનાવેલ છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ મહિલા--ઓના રક્ષણ માટે મહિલા અને બાળ કલ્યાણ વિભાગને અલગ કરેલ. ગુજરાત સરકારે ગૌરવ નીતિ જાહેર કરી, શિક્ષણમાં પણ કન્યા કેળવણી વિદ્યાલક્ષી બોન્ડ, પ્રાયમરીથી મેડિકલ સુધીનો અભ્યાસ નિઃશુલ્ક, 'મહિલા સશક્તિકરણ' જેવા અનેક કાર્યો કરી રહી છે.

જુદા જુદા ક્ષેત્રોમાં મહિલાઓ માટે અનામત દાખલ કરેલ છે. આ ઉપરાંત ૧૦૮ના માધ્યમથી ૧૦ વર્ષમાં અનેક પ્રસુતા બહેનોને બચાવવામાં આવેલ. બહેનોને કાયદા માટે નારી અદાલત ચલાવવામાં આવેલ, મહિલાઓ માટે આઇ.ટી.આઇ.,



**'મહિલાઓના રક્ષણ માટે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ મહિલા અને બાળ કલ્યાણ વિભાગને અલગ કરેલ.'**

**- શ્રી વિભાવરીબેન દવે**
**માન. મંત્રીશ્રી, ગુજરાત**



**‘માન. મુખ્યમંત્રીશ્રીએ રક્ષાબંધનનું પર્વ ધ્યાનમાં રાખી બહેનોને રક્ષા કવચ પુરુ પાડતી ‘૧૮૧ મોબાઇલ એપ’ની મોટી ભેટ આપેલ છે.’**

- શ્રી બિનાબેન આચાર્ય
માન. મેયરશ્રી, રાજકોટ










તેમજ રોજગારી માટે ભરતીમાં અનામત રાખવામાં આવેલ છે. અભયમ્ મહિલા એપ અદ્યતન ટેકનોલોજીથી બનાવવામાં આવેલ છે. પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીશ્રીએ બહેનોને અભય બનાવેલ છે ત્યારે બહેનોને પણ અભય બનવા અંગે અભય વચન આપવા તેમણે બહેનોને જણાવેલ.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડયાએ જણાવેલ કે, રાજકોટ શહેરે શ્રી ઢેબરભાઇ, શ્રી કેશુભાઇ પટેલ, શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી વિજયભાઇ રૂપાણીને મુખ્યમંત્રી તરીકે આપેલ છે તે બદલ રાજકોટના શહેરીજનોનો આભાર માનું છું. સંવેદનશીલ અને લાગણીશીલ મુખ્યમંત્રીએ બહેનોની રક્ષા માટે અદ્યતન મોબાઇલ એપ આપેલ છે. આ મોબાઇલ એપમાં એક જ બટન દબાવવાથી બહેનોને સુરક્ષા પ્રાપ્ત થશે અને ગણતરીની મિનિટોમાં જ પોલીસ બહેનો સુધી પહોંચી શકશે. વિશેષમાં જણાવેલ કે, કંસ કરતા પણ આપણે મહારાક્ષસ છીએ દીકરીને કુખમાં જ મારી નાખવામાં આવે છે. ગુજરાતના મુખ્યમંત્રી ખૂબ જ સજ્જન અને સરળ છે. ઓરિસ્સાનો કિસ્સો ધ્યાને લઇ, મુખ્યમંત્રીએ શબવાહિની અને અગ્નિસંસ્કારનો ખર્ચ સરકાર ચૂકવશે તેવો સંવેદનશીલ નિર્ણય પણ મુખ્યમંત્રીએ કરેલ છે.

ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરીએ જણાવેલ કે, ૨૬મી ઓગષ્ટે રક્ષાબંધન છે ત્યારે મુખ્યમંત્રીએ ‘અભયમ્ એપ’ શુભેચ્છા ભેટ આપેલ છે. આ ઉપરાંત મહિલા સશક્તિકરણ માટે ‘ચિરંજીવી યોજના’, ‘માતૃ અને બાળ કલ્યાણ’, ‘બેટી બચાઓ, બેટી પઢાઓ’, ‘માં વાત્સલ્ય અમૃતમ્ યોજના’ વિગેરે જેવી અનેકવિધ યોજનાઓ મહિલાઓ માટે આપવામાં આવેલ છે. ગુજરાત રાજય પ્રથમ એવું રાજય છે કે, જે મહિલાઓના નામે દસ્તાવેજ હોય તો સ્ટેમ્પ ડયુટી માફ કરવામાં આવે છે. કેન્દ્રની સરકારે પણ તીન તલાકનો કાયદો બનાવી, મુસ્લિમ બહેનો માટે મહત્વનું કાર્ય કર્યું છે. અંતમાં, રક્ષાબંધન પર્વ નિમિત્તે સૌ બહેનોને શુભેચ્છા પાઠવેલ હતી.

આ પ્રસંગે માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ ઉપસ્થિત સૌ મહાનુભાવોના સ્વાગત સાથે જણાવેલ કે, માન. મુખ્યમંત્રીશ્રીએ રક્ષાબંધનનું પર્વ ધ્યાનમાં રાખી બહેનોને રક્ષા કવચ પુરુ પાડતી ‘૧૮૧ મોબાઇલ એપ’ની મોટી ભેટ આપેલ છે. બહેનો જયારે આફતમાં હોય ત્યારે આ એપ ખૂબ જ મદદરૂપ પૂરવાર થશે.

આ કાર્યક્રમમાં ૧૮૧માં કાઉન્સેલર તરીકે શ્રેષ્ઠ કામગીરી કરનારા શ્રી કાજલબેન, શ્રી બિનાબેન પરમાર, શ્રી કોમલબેન સોલંકી, શ્રી સીમાબેન ત્રિવેદી, શ્રી નિધિ અધ્વર્યુ, શ્રી રાજશ્રીબેન રવૈયા, શ્રી ગીતાબેન ચાવડા વિગેરેનું સન્માન કરવામાં આવેલ.

આ સંમેલનમાં ૧૮૧ની કામગીરીનો પરિચય, નિદર્શન, મોબાઇલ એપનો પરિચય, ૧૮૧નો લાભ મેળવેલ મહિલાઓનો પ્રતિભાવ તેમજ ૧૮૧ની સફળતાનો ઓડિયો તથા વિડીયો નિદર્શન કરવામાં આવેલ. આ ઉપરાંત મોબાઇલ એપનું પુરતું માર્ગદર્શન આપવામાં આવેલ.

કાર્યક્રમના અંતે જિલ્લા વિકાસ અધિકારીએ આભારવિધિ કરેલ.






**‘ગુજરાત પ્રથમ એવું રાજય છે જેમાં મહિલાઓના નામે દસ્તાવેજ હોય તો સ્ટેમ્પ ડયુટી માફ કરવામાં આવે છે.’**

- શ્રી ધનસુખભાઇ ભંડેરી
માન. ચેરમેનશ્રી મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ, ગુજરાત




**રાષ્ટ્રની અખંડિતતાના શિલ્પી સરદાર પટેલના સ્ટેચ્યુ ઓફ યુનિટીના અનુસંધાને ગુજરાત પ્રદેશ ભાજપના માન.પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીની ઉપસ્થિતિમાં**

# વોર્ડ નં.૦૯-૧૦માં ભવ્ય એકતા રથયાત્રા

રાષ્ટ્રની અખંડિતતાના શિલ્પી સરદાર પટેલના સ્ટેચ્યુ ઓફ યુનિટીના અનુસંધાને પ્રદેશ ભાજપ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં શહેરના વોર્ડ નં.૯-૧૦માં તા.૨૬-૧૦-૨૦૧૮ના રોજ ભવ્ય એકતા રથયાત્રા યોજાઈ. આ એકતા યાત્રાનું દીપ પ્રાગટ્ય ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી, મેયરશ્રી બિનાબેન આચાર્યના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ અંજલીબેન રૂપાણી, પૂર્વ ભાજપ પ્રમુખશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, શ્રી ભીખાભાઈ વસોયા, પૂર્વ ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, સમાજ અગ્રણીઓ શ્રી કાશ્મીરાબેન નથવાણી, શ્રી નરેન્દ્રભાઈ સોલંકી, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી ગૌતમભાઈ ધમસાણિયા, ઇન્ડિયન મેડિકલ એસોસિએશન શ્રી હિરેનભાઈ કોઠારી, પ્રેસ જગતના શ્રી કાન્તીભાઈ કતીરા, શ્રી રામભાઈ બરછા, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, રાજકોટ જિલ્લા કલેકટર ડૉ. રાહુલ ગુપ્તા, મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, પોલિસ કમિશનર શ્રી મનોજ અગ્રવાલ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર, વોર્ડ નં.૯ના કોર્પોરેટરશ્રી પુષ્કરભાઈ પટેલ, શ્રી રૂપાબેન શીલુ, શ્રી શિલ્પાબેન જાવિયા, વોર્ડ નં.૧૦ના કોર્પોરેટરશ્રી અશ્વિનભાઈ ભોરણીયા, શ્રી જ્યોત્સનાબેન ટીલાળા, મહામંત્રી શ્રી દેવાંગભાઈ માંકડ, શ્રી કિશોરભાઈ રાઠોડ, શ્રી જીતુભાઈ કોઠારી, શહેર ભાજપ ઉપપ્રમુખશ્રી સંગીતાબેન છાયા, મંત્રીશ્રી વિક્રમભાઈ પુજારા, વોર્ડ નં.૯ તથા ૧૦ના પ્રભારીશ્રી ગીરીશભાઈ ભીમાણી, શ્રી માધવભાઈ દવે, પ્રમુખશ્રી જયસુખભાઈ કાથરોટીયા, શ્રી રજનીભાઈ ગોલ, મહામંત્રી શ્રી કમલેશભાઈ શર્મા, શ્રી હરેશભાઈ કાનાણી, શ્રી પરેશભાઈ તન્ના તથા શહેરની વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો, સભ્યો, શહેરીજનો અને યુવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ભારતના લોખંડી મહામાનવ સરદાર વલ્લભભાઈ પટેલએ ભારત દેશ માટે ભગીરથ કાર્ય કરેલ છે અને વિશ્વ કક્ષાએ જેમની ગણના થઇ રહી છે તેવા મહામાનવનું સન્માન જળવાય તે માટે ભારતના માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નમ્ર પ્રયાસ રૂપે વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાનું નિર્માણ કાર્ય પૂર્ણતાને આરે છે. દેશ માટે જેમનું મહામુલુ યોગદાન છે તેવા સરદાર સાહેબ પ્રત્યેનું આ ઋણ અદા કરેલ છે. આગામી તા.૩૧-૧૦-૨૦૧૮ના રોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે લોકાર્પણ થવા જઈ રહ્યું છે ત્યારે ગુજરાતમાં હાલ યોજાઈ રહેલી ‘એકતા રથ યાત્રા’ના માધ્યમથી સરદાર પટેલ આઝાદ હિન્દુસ્તાનને એકતાના લોખંડી તાંતણે બાંધવાનું જે મહાકાર્ય કર્યું હતું તેની સૌને યાદ અપાવવા, દેશને આઝાદી અપાવવામાં ગુજરાતના આ મહામાનવે આપેલા અપ્રતિમ યોગદાનની શૌર્યગાથાનું ગાન થાય તેવા ઉમદા આશયથી આ આયોજન હાથ ધરાયેલું છે. રાજકોટમાં વોર્ડ નં.૯ અને ૧૦માં સંયુક્ત રીતે યોજાયેલ એકતા રથ યાત્રા ખરા અર્થમાં ભવ્ય બની રહેલ. ‘એકતા રથ યાત્રા’ પ્રસંગે મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, દેશની એકતા અને અખંડિતતા માટે જેમણે મહામૂલુ યોગદાન આપેલ છે તે સરદાર પટેલનો એકતાનો સંદેશ રાજ્યભરમાં પહોંચે તેના પ્રયાસરૂપે એકતા રથ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે.

સ્વામી પરમાત્માનંદજીએ ગુજરાતની શ્રી વિજયભાઈ રૂપાણીની સરકાર તેમજ કેન્દ્રની શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા દેશમાં અખંડિતતા જળવાઈ રહે તે માટેના આ પ્રયત્નોને આશીર્વાદ પાઠવેલ.

આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણીએ પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીને પાઘડી પહેરાવી, સન્માન કરેલ. આ ઉપરાંત સાંસદ, ધારાસભ્યો તથા કોર્પોરેશનના પદાધિકા--રીઓ દ્વારા તેમજ શહેર સંગઠનના હોદ્દેદારો દ્વારા પ્રદેશ પ્રમુખશ્રીનું સન્માન કરાયેલ. મ્યુનિ. કમિશનર બંછાનિધિ પાનીએ ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરતા જણાવેલ કે, દેશના ૫૬૨ રજવાડાઓને ભેગા કરી, દેશની એકતા અને અખંડિતતાનો જેમણે સંદેશો આપેલ છે એવા સરદાર પટેલની આ ‘એકતા યાત્રા’માં આપ સૌને હું આવકારૂ છું.

પુષ્કરધામ ચોક ખાતે, માસુમ સ્કૂલ ચોક




ખાતે, પેટ્રોલ પમ્પ (એચ.પી) પાસે, ગંગોત્રી ડેરી ખાતે, રાજ પેલેસ ખાતે, ગોપાલ ચોક ખાતે, તુલસી બાગ ખાતે, ઈન્દીરા સર્કલ ખાતે, નીલકંઠ મહાદેવ મંદિર(આફ્રિકા કોલોની) ખાતે, બ્રહ્મસમાજ ચોક ખાતે, કનૈયા ચોક ખાતે તમામ સોસાયટીના પ્રમુખો તેમજ શહેરીજનો તથા જુદી જુદી સંસ્થાઓ દ્વારા, શાળાઓ દ્વારા આ 'એકતા યાત્રા'નું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ તેમજ હનુમાન મઢી ચોક ખાતે સમાપન કરવામાં આવેલ.

વિશેષમાં, એ પણ ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે, સરદાર વલ્લભભાઈ પટેલે દેશની આઝાદીની લડત દરમ્યાન તથા ત્યારબાદના આઝાદ ભારતમાં વિવિધ ભૂમિકાઓ નિભાવી હતી. સરદાર પટેલને ગૃહમંત્રી, બેરિસ્ટર, ખેડૂત તેમજ અન્ય ભૂમિકાઓમાં રજુ કરવા બાળકો સરદાર પટેલના વિવિધ વેશપરિધાન સાથે એકતા રથ યાત્રામાં જોડાયેલ.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ૧૮૨ મીટરની ઊંચાઈ ધરાવતી વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા છે. આ સરદાર પટેલ સ્મારક પ્રોજેક્ટનું અંદાજીત રૂા.૨૩૩૨ કરોડના ખર્ચે નિર્માણ થયેલ છે. આ પ્રતિમાને નિહાળવા પ્રતિદિન ૧૫,૦૦૦ લોકો મુલાકાત લઈ શકશે. આ પ્રતિમાથી દેશના પ્રવાસન ઉદ્યોગને અદ્‌ભુત વેગ મળશે સાથોસાથ વિશ્વભરમાં એક જોવાલાયક સ્થળ બની રહેશે. આ પ્રતિમાના ઉપરના સ્થળે મુલાકાતીઓની વ્યુઈંગ ગેલેરીમાં એક સાથે ૨૦૦ સહેલાણીઓ ઉભા રહી શકશે. પ્રતિદિન ૩૦૦૦ સહેલાણીઓ વ્યુઈંગ ગેલેરી સુધી લિફ્ટ દ્વારા પહોચી શકશે. ૨૫૦ જેટલા ઈજનેરો તેમજ ૩૭૦૦ જેટલા કુશળ કારીગરો દ્વારા આ અદ્‌ભુત પ્રતિમાનું નિર્માણ કરવામાં આવ્યું.



- **હાથી-અશ્વ, બાઈક રેલી, સાફા પહેરેલા સેંકડો ભાઈ-બહેનો, ઢોલ નગારા સાથે રાસ-ગરબાની રમઝટ જબરૂ આકર્પણ બની**
- **ઈન્દિરા સર્કલ ખાતે સ્વાગત પોઈન્ટ પર આદિવાસી નૃત્યની જમાવટ**
- **સંતો મહંતો, સમાજ શ્રેષ્ઠીઓની ખાસ ઉપસ્થિતિ**
- **કુગ્ગાઓ તેમજ ફલેગ માર્ચ દ્વારા પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી તેમજ ઉપસ્થિત મહાનુભાવોએ એકતા રથ યાત્રાનું કરાવેલ પ્રસ્થાન**
- **એકતા યાત્રાની યાદગાર સફળતા માટે મેયરશ્રી બિનાબેન આચાર્ય તેમજ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણીએ સૌનો આભાર વ્યકત કર્યો**



# ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશન અંતર્ગત ઓરિએન્ટેશન વર્કશોપ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨-૧૧-૨૦૧૮ના રોજ ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશન અંતર્ગત શહેરી સમૃદ્ધિ ઉત્સવ એન.યુ.એલ.એમ. યોજનાના અનુસંધાને એક દિવસના ઓરિએન્ટેશન વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. જેનું દીપ પ્રાગટ્ય ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરીના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયરશ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, પૂર્વ પ્રમુખશ્રી ભીખાભાઈ વસોયા, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર, શીશુ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી રૂપાબેન શીલુ, ડે. કમિશનરશ્રી સી. કે નંદાણી, આસિ. કમિશનરશ્રી હર્ષદભાઈ પટેલ વિગેરે ઉપસ્થિત રહેલ હતા.

આ પ્રસંગે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરીએ જણાવેલ કે, ભારત સરકારની જુદી જુદી યોજનાઓ કાર્યરત છે. આ યોજનાનો લાભ લાભાર્થી સુધી પહોંચે તે માટે તમામ તાલિમાર્થીઓને વાહક બનવા જણાવેલ. ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રથમ વખત ઉજ્જવલા યોજના લાવી, દેશની કરોડો બહેનોને ગેસ આપવામાં આવેલ છે અને બહેનોને ચૂલે રાંધવાથી મુક્ત કરેલ છે.

આ પ્રસંગે માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, સમાજના જરૂરિયાતમંદો માટે ભારત સરકારની જુદી જુદી યોજનાઓ જેવી કે 'જન ધન યોજના', 'મુખ્યમંત્રી જીવન જયોતિ યોજના', 'પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના', 'પ્રધાનમંત્રી આવાસ યોજના', 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના', 'રાષ્ટ્રીય પોષણ અભિયાન', 'અટલ પેન્શન યોજના' આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પણ ઘણી યોજનાઓ અમલમાં છે. આ વર્કશોપમાં ભાગ લેનાર તમામ તાલિમાર્થીઓ સરકારની તમામ યોજનાઓનો લાભ લાભાર્થી સુધી પહોંચે તેવા પ્રયત્ન કરવા તેમણે અપીલ કરેલ.



# પર્યાવરણ બચાવવાના સંદેશ સાથે પુનાથી રાજકોટનો સાઈકલ પ્રવાસ કરનાર GO GREEN સંસ્થાના સભ્યોનું મેયરશ્રી બિનાબેન આચાર્ય તથા પદાધિકારીઓ દ્વારા સન્માન.

GO GREEN !




Go Green સંસ્થાના સભ્યો દ્વારા પર્યાવરણ અને ઈંધણ બચાવના સંદેશા સાથે પુનાથી રાજકોટ સુધીનો સાયકલ પ્રવાસ કરેલ તા.30-૧૨-૨૦૧૮ના રોજ રાજકોટ ખાતે યાત્રા પૂર્ણ કરતા મેયર બંગલા ખાતે તમામ સાયકલવીરોનું મેયરશ્રી બિનાબેન આચાર્ય, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, રાજકોટ શહેર ભાજપ મંત્રીશ્રી વિક્રમભાઈ પુજારા, પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી અમીનેશભાઈ રૂપાણી, શ્રી જયેન્દ્રભાઈ આચાર્ય દ્વારા શિલ્ડ એનાયત કરી સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે રોટરી મીડટાઉનનાશ્રી દિવ્યેશભાઈ અઘેરા તેમજ રાજકોટ સાયકલ કલબ સંસ્થાના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગો ગ્રીન – રાઈડ વીથ પ્રાઈડની શરૂઆત ૨૦૧૫માં શ્રી પરાગભાઈ ભાયાણી અને શ્રી ધર્મીતભાઈ ભાયાણીએ પુના થી મુંબઈના સાઈકલ પ્રવાસ સાથે કરી હતી.

રાજકોટ સાયકલ કલબના ૨૫ રાઈડરો મોર્નિંગ રાઈડ કરી અને સરધાર ગામે આ રાઈડરોને શુભકામનાઓ આપવા પહોંચી ગયા હતા. આ ચારે રાઈડરો એ સરધાર થી રાજકોટની યાત્રા રાજકોટ સાયકલ કલબના રાઈડરો સાથે માણી હતી. આ પ્રવાસનું આકર્ષણ આસ્થાબેન હતા જેમની ઉંમર માત્ર ૧૪ વર્ષ હતી છતાં પણ MTB સાયકલ પર ૯૪૨ કિમીનું અંતર ઉત્સાહભેર કાપ્યું હતું પુના થી રાજકોટ સુધીના સાયકલ પ્રવાસ કરનાર પરાગભાઈએ પ્રવાસ દરમ્યાનમાં અનુભવો તેમજ તેની સંસ્થાની વિગત આપેલ. રાજકોટ શહેરમાં મહાનગરપાલિકાના મેયરશ્રી બિનાબેન આચાર્ય સહિતના પદાધિકારીઓ દ્વારા સન્માન કરાતા ખુબ જ આનંદની લાગણી સાથે ભાવવિભોર બનેલ.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સુકો-ભીનો કચરો અલગ-અલગ સ્વીકારવાનો પ્રારંભ...

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાંથી ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન કરવામાં આવે છે. ડોર ટુ ડોર કલેક્શનમાં બે ભાગમાં કચરો મળે તે માટે ડોર ટુ ડોર જાગૃતિ માટે મહાનગરપાલિકાના કર્મચારીઓને કામગીરી સોંપવામાં આવેલ અને આ કામગીરીનો પ્રારંભ કરી આપવામાં આવેલ. જેના અનુસંધાને તા.૨૨-૧૧-૨૦૧૮ના રોજ વોર્ડ નં.૨માં મેયર બંગલા ખાતે ટીપરવાનમાં બે ભાગમાં કચરો એટલે કે, સુકો કચરો અને ભીનો કચરો અલગ અલગ આપી મેયરશ્રી બિનાબેન આચાર્યના વરદ્ હસ્તે પ્રારંભ કરાયો. આ અભિયાનમાં બાંધકામ સમિતિ ચેરમેન અને વોર્ડ નં.૨ના કોર્પોરેટરશ્રી મનિષભાઈ રાડીયા, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર, પૂર્વ ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ તથા સંબધક સ્ટાફ નજરે પડે છે.





## રાજકોટ મહાનગરપાલિકાના ૪૬માં સ્થાપના દિન નિમિત્તે

# સુપ્રસિધ્ધ પ્લેબેક સિંગર ઐશ્વર્યા મજમુદાર નાઈટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્થાપના દિનની ઉજવણી અંતર્ગત બોલિવુડની સુપ્રસિધ્ધ ગાયિકા ઐશ્વર્યા મજમુદારના યાદગાર ગીતોનો કાર્યક્રમ રેસકોર્ષ સ્થિત કવિશ્રી રમેશ પારેખ રંગદર્શનમાં યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન અને દીપ પ્રાગટ્ય સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયરશ્રી બિનાબેન આચાર્ય હતા. જયારે શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી લાખાભાઈ સાગઠીયા, પૂર્વ મેયરશ્રી જનકભાઈ કોટક, શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી ભીખાભાઈ વસોયા, ડે. મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગ માંકડ, સમાજ કલ્યાણ કમિટી ચેરમેનશ્રી આશિષભાઈ વાગડિયા, રાજકોટ કોમોડીટી એક્ષ્ચેન્જના ચેરમેનશ્રી રાજુભાઈ પોબારૂ, શ્રી કૌશિકભાઈ શુક્લ, શ્રી દીપકભાઈ મેઘાણી, શ્રી ધીરેનભાઈ પારેખ, તથા વર્ષ ૧૯૭૫ થી ૧૯૮૦માં ચૂંટાયેલા કોર્પોરેટરશ્રીઓના પરિવારજનો તથા મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, જિલ્લા કલેકટર ડૉ. રાહુલ ગુપ્તા, પોલીસ કમિશનર શ્રી મનોજ અગ્રવાલ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર, અધિક કલેકટરશ્રી પરિમલ પંડ્યા, નાયબ કમિશનરશ્રી શ્રી ચેતન ગણાત્રા, શ્રી ચેતન નંદાણી ઉપસ્થિત રહેલ હતા.



# સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા

# ‘કલીનેથોન’ પરીક્ષા યોજી ઈતિહાસ રચાયો

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સરકારશ્રી દ્વારા સ્વચ્છતા અને જનજાગૃત્તિ અર્થે વિવિધ પગલા અને અભિયાન હાથ ધરવામાં આવે છે. રાજકોટ શહેર પણ તેને અનુસરી રહ્યું છે. એ સર્વ વિદિત છે કે, નાગરિકો અને વહીવટી તંત્ર સાથે મળીને તેમાં જોડાય તો અપેક્ષિત પરિણામ ચોકકસપણે મળી શકે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્વચ્છતા અંગેનો સંદેશ ઘર-ઘર અને જન-જન સુધી પહોંચાડવાના હેતુસર સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત શહેરની શાળાઓના આશરે ૬૮,૦૦૦થી વધુ વિદ્યાર્થી ભાઇ-બહેનો માટે સ્વચ્છતા અંગેની પરિક્ષા ‘કલીનેથોન’ યોજી ઈતિહાસ રચવામાં આવ્યો હતો. જાહેર હેતુ માટેના કોઈપણ એક અભિયાન માટે આટલી વિશાળ સંખ્યામાં વિદ્યાર્થી ભાઇ-બહેનોએ એક જ સમયે પરિક્ષા આપવાનો રાષ્ટ્રીય રેકોર્ડ સ્થાપ્યો છે. તા.૧૦-૧૨-૨૦૧૮ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે (૧) પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ, રૈયા રોડ, (વેસ્ટ ઝોન), (૨) હેમુ ગઢવી હોલ, ટાગોર માર્ગ (સેન્ટ્રલ ઝોન), (૩) અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ, પેડક રોડ (ઈસ્ટ ઝોન), (૪) ડૉ. ઝાકીર હુશેન પ્રા. શાળા નં.૯૧, રૈયાધાર સ્લમ કવાર્ટર (વેસ્ટ ઝોન), (૫) શ્રી સર્વપલ્લી રાધાક્રિષ્નન પ્રા. શાળા નં.૬૩, નિલકંઠ સિનેમા સામે, દેવપરા (સેન્ટ્રલ ઝોન) અને (૬) શ્રી હોમી જહાંગીર ભાભા પ્રા. શાળા નં.૭૮, એચ.જે. સ્ટીલ સામે, દૂધસાગર માર્ગ (ઈસ્ટ ઝોન) તથા શાળા બોર્ડની તમામ શાળાઓ ખાતે કુલ મળીને ૬૮,૦૦૦ પરિવારના આશરે અઢી લાખ જેટલા લોકો સુધી સ્વચ્છતાનો સંદેશ પહોચાડી શકાયો છે. તેમજ શિક્ષક ભાઇ-બહેનો અને વહિવટી સ્ટાફ તથા પ્રસાર માધ્યમોના સાથ સહકાર સાથે આ સંદેશ ઘેર ઘેર પહોચાડવાનો ઉમદા પ્રયાસ રાજકોટ મહાનગરપાલિકાએ કર્યો છે.

પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ (વેસ્ટ ઝોન) ખાતે માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઇ ભારદ્વાજ, શ્રી ભીખાભાઇ વસોયા, પૂર્વ ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, સેનિટેશન કમિટી ચેરમેનશ્રી અશ્વિન--ભાઇ ભોરણીયા, સ્ટે. કમિટી પૂર્વ ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, શ્રી કાશ્મિરાબેન નથવાણી વિગેરે ઉપસ્થિત રહયા હતા. જયારે ઈસ્ટ ઝોન ખાતે અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમમાં ડે. મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા, ધારાસભ્યશ્રી અરવિંદભાઇ રૈયાણી, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઇ જાગાણી, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી શ્રી કિશોરભાઇ રાઠોડ ઉપસ્થિત રહયા હતા અને સેન્ટ્રલ ઝોનમાં હેમુ ગઢવી ઓડિટોરિયમ ખાતે સ્ટે. કમિટી ચેરમેન શ્રી ઉદયભાઇ કાનગડ, ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ પટેલ, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઇ પરમાર, મહામંત્રીશ્રી જીતુભાઇ કોઠારી, પૂર્વ મેયરશ્રી રક્ષાબેન બોળિયા, વિગેરે આ ઉપરાંત, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની શાળા-બોર્ડની સ્કૂલ ડૉ. ઝાકીર હુસેન પ્રા. શાળા નં.૯૧, (વેસ્ટ ઝોન) ખાતે ધારાસભ્યશ્રી લાખાભાઇ સાગઠીયા, શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઇ માંકડ, વોર્ડ નં.૦૧ના કોર્પોરેટરશ્રી બાબુભાઇ આહિર, શ્રી આશિષભાઇ

વાગડિયા, શ્રી અંજનાબેન મોરજરીયા, વોર્ડ અગ્રણીશ્રી ચારુબેન ચૌધરી, શ્રી સર્વપલ્લી રાધાક્રિષ્નન પ્રા.શાળા નં.૬૩, (સેન્ટ્રલ ઝોન) ખાતે નગર પ્રા. શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, પૂર્વ મેયરશ્રી જનકભાઇ કોટક, વોર્ડ નં.૧૬ પ્રભારી શ્રી ભુપતભાઇ બોદર, વોર્ડ પ્રમુખ શ્રી સુરેશભાઇ વસોયા, મહામંત્રી શ્રી હિરેનભાઇ ગોસ્વામી, શ્રી હોમી જહાંગીર ભાભા પ્રા. શાળા નં.૭૮, (ઇસ્ટ ઝોન) ખાતે કોર્પોરેટરશ્રી દેવુબેન જાદવ, શ્રી સજુબેન કળોતરા, શિક્ષણ સમિતિ સભ્યશ્રી ભાવેશભાઇ દેથરીયા વિગેરે ઉપસ્થિત રહયા હતા.

ભારત સરકારશ્રીના મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેયર્સ ડિપાર્ટમેન્ટ તરફથી શરૂ થયેલ ‘સ્વચ્છ સર્વેક્ષણ’નો પાયાનો સિધ્ધાંત છે કે, સ્વચ્છતા અને તેના સિદ્ધાંતો અંગેની તાલીમ પાયાથી જ મળે અને સ્વચ્છતાનો સંદેશ ઘર-ઘર તેમજ જન-જન સુધી પહોંચે તેવા હેતુથી ઘન કચરા વ્યવસ્થા પણ અને ‘સ્વચ્છ ભારત મિશન’ અંગેનો વિદ્યાર્થીઓ સમજી શકે તે માટેનો અભ્યાસક્રમ જાહેર કરવામાં આવેલ છે. આ અભ્યાસક્રમ ટ્રેનર શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને પહોંચાડવામાં આવેલ. જેના અનુસંધાને ૧૦ ડિસેમ્બર, ૨૦૧૮ હ્યુમન રાઇટ્સ ડેના દિવસે વિદ્યાર્થીઓ માટે પરિક્ષા યોજવાનું નકકી કરેલ. આ અનુસંધાને રાજકોટ શહેરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની ૭૭ શાળાના તથા લગભગ ૩૨૫ જેટલા સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલના ૬૮,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ એક જ શહેરમાં એક જ સમયે પરિક્ષા આપી હતી.

તાજેતરમાં દેશના માન. પ્રધાનમંત્રી-શ્રીએ રાજકોટ શહેરને સ્વચ્છતામાં નંબર વન બનાવવા આહવાન કરવામાં આવી રહી છે. રાજકોટ શહેર સ્વચ્છતામાં નંબર વન શહેર બનવા આગળ ધપે અને એ માટે ‘સ્વચ્છતા હી શિક્ષા’ સૂત્રને સાર્થક કરી, શહેરની શાળા-કોલેજોના છાત્રોને તેમાં આવરી લેવા ‘કલીનેથોન’નું આયોજન કરવામાં આવેલ જેમાં મુખ્ય ત્રણ બાબતો વિશે છાત્રોને માહિતગાર કરવામાં આવ્યા હતા. જેમાં (૧) રિડયુસ, (૨) રિયુઝ અને (૩) રિસાઇકલ જેવી બાબતોનો સમાવેશ થાય છે. છાત્રોને એ વિષે પણ માહિતગાર કરાયા હતા કે, કચરાની બાબતમાં સૌ કોઇ એવી રીતે પોતાની લાઇફ સ્ટાઇલ બદલે કે ન્યુનત્તમ કચરો જનરેટ થાય અને અને જે કાંઇ કચરો ઉત્પન્ન થાય તેનું વર્ગીકરણ (સુકા અને ભીના કચરા તરીકે) થાય.

આ પરિક્ષામાં વિદ્યાર્થીઓને સ્વચ્છતાનું પ્રેકટીકલ જ્ઞાન મળી રહે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરેલ. આ પરિક્ષામાં ૬૮,૦૦૦થી વધુ ધોરણ ૫ થી ઉપરના વિદ્યાર્થીઓ એકી સાથે ૩૦ મિનિટની પરિક્ષા આપી હતી. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ આ પરિક્ષામાં રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલો દ્વારા ખૂબ સારો સહયોગ મળ્યો હતો. આ પરિક્ષાની અમદાવાદ સ્થિત સંસ્થા વર્લ્ડ રેકોર્ડ ઓફ ઇન્ડિયા દ્વારા રેકર્ડ રજીસ્ટર કરવામાં આવેલ હતો અને સ્વચ્છતાનો સંદેશ ઘર-ઘર અને જન-જન સુધી પહોચાડવાના આ શાનદાર પ્રયાસ બદલ રાજકોટ મહાનગરપાલિકા ને આ નવા રેકોર્ડ અંગેનું પ્રમાણપત્ર અને શિલ્ડ પણ સુપ્રત કરવામાં આવ્યું હતું. આ શિલ્ડ અને પ્રમાણપત્ર માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય અને મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની દ્વારા સ્વીકારવામાં આવેલ. આ પરિક્ષામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને મહાનગરપાલિકા દ્વારા સર્ટીફિકેટ આપવામાં આવશે. આ પરિક્ષા અભિયાનને સફળ બનાવવા માટે માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, ડે. મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઇ કાનગડ, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઇ જાગાણી, શાસક પક્ષ દંડક શ્રી અજયભાઇ પરમાર, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર અને સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ પ્રમુખશ્રી અજયભાઇ પટેલની આગેવાની હેઠળ મહાનગરપાલિકાના તમામ પદાધિકારીઓ, અધિકારીઓ તથા શાળા બોર્ડના સભ્યો અને અધિકારીઓ તથા સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલ મંડળના મહા-મંત્રીશ્રી અવધેશભાઇ કાનગડ, કારો-બારી સભ્યશ્રી મેહુલભાઇ પરવડા, શ્રી પરિમલભાઇ પરવડા, શ્રી જયદીપભાઇ જલુ, શ્રી પુષ્કરભાઇ રાવલ, શ્રી રાણા-ભાઇ ગોજીયા, શ્રી જતીનભાઇ ભરાડ, શ્રી ભરતભાઇ ગાજીપરા તેમજ જુદી જુદી શાળાઓના સંચાલકો શાળા મંડળના હોદ્દેદારશ્રીઓએ જહેમત ઉઠાવી હતી.

**જાહેર હેતુ માટેના કોઇપણ એક અભિયાન માટે ૬૮,૦૦૦થી વધુની વિશાળ સંખ્યામાં એક સમયે પરિક્ષા આપવાનો રાષ્ટ્રીય રેકોર્ડ સ્થાપતું રાજકોટ.**

**સ્વચ્છતા અંગેનો સંદેશો ઘર-ઘર અને જન-જન સુધી પહોંચાડવાના પ્રયાસ અંતર્ગત વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા-અમદાવાદ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાને પ્રમાણપત્ર એનાયત કરાયું.**



## ગુજરાતમાં સૌપ્રથમવાર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા





# આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (આયુષ્યમાન ભારત PM-JAY) અને મુખ્યમંત્રી અમૃતમ્/વાત્સલ્ય યોજનાનો મેગા કેમ્પ યોજાયો

**માન. મુખ્યમંત્રીશ્રી**
**વિજયભાઈ રૂપાણીની**
**ઉપસ્થિતિ**






રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૦–૨–૨૦૧૯ના રોજ રાજકોટ શહેરના લોક લાડીલા તથા ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં રાજકોટ શહેરના વધુમાં વધુ શહેરીજનોને આરોગ્યની સેવાઓનો લાભ મળી રહે તેવા ઉમદા હેતુથી ધર્મેન્દ્રસિંહજી લૉ (ડી.એચ.)કોલેજ, યાજ્ઞિક રોડના ગ્રાઉન્ડ ખાતે 'આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના' (આયુષ્માન ભારત PM-JAY) અને મુખ્યમંત્રી અમૃતમ/વાત્સલ્ય યોજનાના કાર્ડ માટેનો મેગા કેમ્પ યોજાયો, આ મેગા કેમ્પના અધ્યક્ષ સ્થાને માન. મેયર શ્રી બિનાબેન આચાર્ય હતા.

આ પ્રસંગે સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મિરાણી, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી લાખાભાઈ સાગઠીયા, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચો પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, શ્રી ભીખાભાઈ વસોયા, પૂર્વ મેયર ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાય, ડે.મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઈ રાઠોડ, શ્રી જીતુભાઈ કોઠારી, શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, આઈ.એમ.એ. રાષ્ટ્રીય ઉપપ્રમુખ ડૉ. અતુલભાઈ પંડ્યા, આઈ.એમ.એ. વાઈસ પ્રેસી. ગુજરાત ડૉ. અમિતભાઈ હપાણી, આઈ.એમ.એ. પ્રમુખ રાજકોટ ડૉ. હિરેનભાઈ કોઠારી, ન્યુરો સર્જન ગોકુલ હોસ્પિટલ ડૉ. પ્રકાશ મોઢા, મેનેજીંગ ટ્રસ્ટી બી.ટી. સવાણી કીડની હોસ્પિટલ શ્રી જેન્તીભાઈ ફળદુ, શાસક પક્ષ નેતા શ્રી દલસુખભાઈ જાગાણી, મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાની, જિલ્લા કલેક્ટર ડૉ. રાહુલ ગુપ્તા, પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, આરોગ્ય કમિટી ચેરમેન શ્રી જયમીનભાઈ ઠાકર, બાંધકામ કમિટી ચેરમેનશ્રી મનીષભાઈ રાડીયા, સેનિટેશન કમિટી ચેરમેનશ્રી અશ્વિનભાઈ ભોરણીયા, ડ્રેનેજ કમિટી ચેરમેનશ્રી જ્યોત્સનાબેન ટીલાળા, કોર્પોરેટરશ્રી જાગૃતિબેન ઘાડીયા, પ્રીતિબેન પનારા, શ્રી વિજયાબેન વાછાણી, શ્રી મીનાબેન પારેખ, ડૉ. દર્શિતાબેન શાહ, વર્ષાબેન રાણપરા તથા રાજકોટ મહાનગર––પાલિકાના ડે.કમિશનર શ્રી ડી. જે. જાડેજા, શ્રી ચેતન ગણાત્રા, શ્રી સી. કે. નંદાણી, આરોગ્ય અધિકારી ડૉ. પી. પી. રાઠોડ વિગેરે ઉપસ્થિત રહેલ હતા.

આ પ્રસંગે માન. મુખ્યમંત્રીશ્રીનું પુષ્પ હારથી સ્વાગત રાજકોટ મહાનગરપાલિકા વતી મેયરશ્રી બિનાબેન આચાર્ય, ડે.મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી દ્વારા કરવામાં આવેલ.

રાજકોટ શહેર ભાજપ દ્વારા માન. મુખ્યમંત્રીશ્રીનું પુષ્પહારથી સ્વાગત રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મિરાણી, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, શ્રી ભીખાભાઈ વસોયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઈ રાઠોડ, શ્રી જીતુભાઈ કોઠારીએ કરેલ. આ પ્રસંગે ડાયસ પરના મહેમાનોનું પુસ્તકથી સ્વાગત આરોગ્ય કમિટી ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકરે કરેલ.

આ પ્રસંગે માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, આજે વસંતપંચમીનો શુભ દિવસ છે. અને આમ નાગરિકો માટે સ્વાસ્થ્ય ક્ષેત્રે નવો સૂર્યોદય થયો છે. આજના મેગા કેમ્પ માટે રાજકોટ મહાનગરપાલિકાને અભિનંદન પાઠવું છું. પ્રયાગરાજના કુંભ સમરસ સમાજની એકતાના દર્શન કરાવે છે તેવી જ રીતે આ સ્વાસ્થ્ય કુંભ મેળો જોઈ રહ્યા છીએ. ૧૨૦૦૦ પરિવારો આરોગ્યના આ મેળામાં ગંગા સ્નાન કરવામાં આવેલ છે. વિશ્વ કક્ષાનો આ મોટામાં મોટો આરોગ્ય મેળો છે. માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો શરૂઆત થી જ અભિગમ છે કે, ગરીબ, પીડિત, વંચિત, શોષિતોને દરેક પ્રકારની સુવિધા મળે કોઈ પણ જાતની દવા ઓપરેશન વિગેરે સારવાર માટે લોકોને હાથ લાંબો ન કરવો પડે. ગરીબોનો આધાર ભાજપ સરકાર બનશે. યુવાનો જેમ પોતાના મા–બાપની સારવાર કરાવે છે તેમ સરકાર યુવાનોની જેમ મા–બાપની સારવાર કરશે. કિડની, હાર્ટ પેશન્ટ, બ્રેઈન, વિગેરે જેવા મોટા ઓપરેશનો સામાન્ય લોકો ખાનગી હોસ્પિટલોમાં કરાવી શકશે. તેમજ સરકારશ્રી દ્વારા સારવાર ખર્ચના પૈસા સીધા ખાનગી હોસ્પિટલોમાં જમા કરાવવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા એક હજાર કરોડ તેમજ કેન્દ્ર સરકાર દ્વારા હજારો કરોડનું બજેટ આરોગ્ય માટે ફાળવવામાં આવ્યું છે. સામાન્ય લોકોના આરોગ્યની જવાબદારી રાજ્ય અને કેન્દ્રની સરકારે સ્વીકારી છે. તેમજ વડીલોની પણ ચિંતા કરી, ઘુંટણના ઓપરેશન માટે રૂા.૪૦૦૦૦ અને બે ઘુંટણના ઓપરેશન માટે રૂા.૮૦૦૦૦ની સહાય રાજ્ય સરકાર આપે છે. માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાડા ચાર વર્ષમાં અનેકવિધ ગરીબોલક્ષી કાર્યો કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા દવાઈ, પઢાઈ, સિંચાઈ અને કમાઈની વ્યવસ્થા ઉભી કરવામાં આવે છે. આજના આ મેગા કેમ્પ માટે રાજકોટ મહાનગરપાલિકા તંત્ર તથા આરોગ્ય કમિટી ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકરને અભિનંદન આપુ છું અને રાજકોટની જનતાને આ કેમ્પનો વધુ ને વધુ લાભ લેવા અનુરોધ કરું છું. આયુષ્યમાન ભારત, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, મુખ્યમંત્રી મા અમૃતમ અને મા વાત્સલ્ય યોજનાના લાભાર્થીઓને પ્રતિકરૂપ કાર્ડ અર્પણ કરેલ.

આ પ્રસંગે માન. મેયરશ્રી બિનાબેન આચાર્યે જણાવ્યું હતું કે, માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર અને ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની સંવેદનશીલ, નિર્ણાયક, પારદર્શક સરકાર દ્વારા દેશમાં તથા રાજ્યમાં ગરીબો, ખેડૂતો તેમજ સામાન્ય નાગરિકના ઉત્થાન માટે અનેકવિધ કાર્યો કરવામાં આવી રહ્યા છે. ગરીબો સુધી તમામ સરકારી યોજનાઓનો લાભ તેમજ અન્ય સહાય લાભાર્થી સુધી પહોંચે તેવા આયોજન સાથે સરકાર કાર્યરત છે. આજના સમયમાં આરોગ્યની સેવા ખૂબ જ મોંઘી બનેલ છે. ત્યારે ગરીબ વર્ગના લોકોને પડતી મુશ્કેલી ધ્યાને લઈ, પ્રધાનમંત્રીએ તા.૨૩–૯–૨૦૧૮ના રોજ આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય જેવી આશીર્વાદરૂપ યોજનાનો શુભારંભ કરેલ. આ યોજનામાં દેશના ૧૦.૭૪ કરોડ પરિવારો ને લાભ મળશે. આમા કુટુંબ દીઠ રૂા. પાંચ લાખ સુધીની મેડિકલ સારવારનો લાભ મળશે.

આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા ગરીબી રેખા હેઠળના અને મધ્યમ વર્ગના કુટુંબોને ગંભીર પ્રકારની બીમારીઓમાં કેશલેશ સારવારની સુરક્ષા મળે તે માટે રાજ્યભરમાં મુખ્યમંત્રી અમૃતમ કાર્ડની યોજના અમલમાં મુકેલ છે. માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ મધ્યમ વર્ગના અને સિનિયર સિટીઝનોને લાભ મળે તે માટે મધ્યમ વર્ગના માટે વાર્ષિક રૂા.૩ લાખ અને સિનિયર સિટીઝનો માટે વાર્ષિક રૂા.૬ લાખની આવક મર્યાદા નક્કી કરવામાં આવેલ છે. આવા અનેક નિર્ણયો થકી ગુજરાતમાં સંવેદનશીલ સરકાર કામ કરી રહી હોવાની લોકોને અનુભૂતિ થઈ રહી છે.

આ યોજના હેઠળ રાજકોટ મહાનગરપા– –લિકાએ અત્યાર સુધીમાં ૪૨૮૪૭ માં 'અમૃતમ્ યોજના'ના લાભાર્થી અને ૯૬૪૬૯ 'માં વાત્સલ્ય યોજના'માં લાભાર્થી મળી, કુલ ૧,૩૯,૩૧૬ લાભાર્થીઓને કાર્ડ કાઢી આપેલ છે. અને આજે બાકી રહેતા લાભાર્થીઓને આ મેગા કેમ્પ મારફત આયુષ્માન ભારત યોજના અને મુખ્યમંત્રી અમૃતમ યોજનાના કાર્ડ મળી જશે. 'આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના'ના લાભાર્થી સારવારનો લાભ લઈ શકે તે માટે ગુજરાતમાં મેગા કેમ્પ કરવામાં રાજકોટ સૌ પ્રથમ છે.

આ કાર્યક્રમમાં મહેમાનોનું શાબ્દિક સ્વાગત સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડએ કરેલ તેઓશ્રીએ જણાવેલ કે, ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સામાન્ય ગરીબ માણસની વેદના અને પીડાને સમજનારા મુખ્યમંત્રી છે. ભાજપ ની સંવેદનશીલ સરકાર માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના સફળ નેતૃત્વમાં સામાન્ય ગરીબ માણસની વેદનાને સમજનારી સંવેદનશીલ સરકાર છે. સાચા અર્થમાં ગરીબ માણસ સામાન્ય જિંદગી જીવતા હોય ગંભીર બીમારી આવી જાય આકસ્મિક ખર્ચ આવી જાય ત્યારે અગાઉ કોંગ્રેસ સરકારે પાંચ દાયકાના કાર્યકાળ દરમ્યાન ગરીબોની ચિંતા કરી નથી ત્યારે ભાજપ સરકારે ગરીબોની પીડા પોતાની પીડા સમજીને ચિંતા કરી છે. ગરીબોને પણ સારી સારવાર સારી હોસ્પિટલમાં મળે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. એટલે જ તો, 'તુલસી હાય ગરીબ કી, કભૂ ન ખાલી જાય; મૂએ ઢોર કે ચામ સે, લોહા ભસ્મ હો જાય!'.

આ પ્રસંગે મહાનુભાવોનું સ્વાગત કરતા મ્યુનિસિપલ કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં આ પ્રથમ મેગા કેમ્પ છે. માન. વડાપ્રધાનની વિશ્વમાં આ મોટામાં મોટી આરોગ્યલક્ષી યોજના છે. તેમજ આ યોજના સંપૂર્ણ પેપરલેશ અને કેશલેશ છે. ૯૬૦૦૦ લોકોનું લિસ્ટ છે. તેમજ ૧૩૯૦૦૦ લાભાર્થીઓને લાભ મળેલ છે. તેમજ ૧૧ હોસ્પિટલો આ યોજના સાથે સંકળાયેલ છે. આ મેગા કેમ્પમાં આભાર દર્શન આરોગ્ય કમિટી ચેરમેન શ્રી જયમીનભાઈ ઠાકર દ્વારા કરવામાં આવેલ.











### માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે

### શહેરને પીવાનું પાણી પૂરું પાડતા ન્યારી–૦૧ ડેમમાં સૌની યોજના હેઠળ

# નર્મદા મૈયાના અવતરણના ઓનલાઈન વધામણા

રાજકોટ શહેરને સ્થાનિક જળાશયો આજી, ન્યારી, ભાદર અને નર્મદા કેનાલ મારફત પાણી મેળવી, દૈનિક ૨૦ મિનિટ પાણી વિતરણ કરવા આવે છે. અગાઉ શહેરનો પાણીનો પ્રશ્ન ખુબ જ વિકટ હતો. પરંતુ, ભારતના દીર્ઘદ્રષ્ટા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સૌની યોજના' હેઠળ શહેરની તથા સૌરાષ્ટ્રની પાણીની સમસ્યાને કાયમને માટે ભૂતકાળ બનાવવા માટે સૌરાષ્ટ્રના ડેમોને જોડવાની યોજના બનાવેલ. તા. ૪–૩–૧૯ ના રોજ ન્યારી–૧ ડેમ ખાતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે નર્મદા નીરના અવતરણના ઓનલાઈન વધામણા કરવામાં આવેલ.

આ પ્રસંગે માં નર્મદાનું જામનગર ખાતેથી ઓનલાઈન અવતરણ કરતા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શિવરાત્રિ ના પાવનપર્વની શુભકામના આપતા જણાવ્યું હતું કે, સોમનાથ અને નાગેશ્વરની પવિત્ર ધરતી પર આવવાનો મોકો મળ્યો છે. જયારે હું મુખ્યમંત્રી હતો ત્યારે દેશના મુખ્યમંત્રીની મીટીંગમાં જતો ત્યારે કહેતો હતો કે તમને બધાને શું તકલીફ છે ? અમારા રાજ્ય પાસે ખાણ ખનીજના ભંડાર નથી અને વધારામાં પાણીની મુશ્કેલી છે. અમારી સરકારની ઘણી શક્તિ દુષ્કાળ જેવી કુદરતી આપત્તિ સામે લડવામાં વેડફાઈ છે. જો ૪૦ વર્ષમાં રાજ્યને પાણીની સુવિધા આપવામાં આવેલ હોત તો રાજ્યનો વિકાસ ખુબ તાકાતવાન હોત. કેન્દ્રના જે તે વખતના શાસકોને આ બધી વાતનો અફસોસ રહે તે મુજબ સર્વત્ર પાણી પહોંચાડી, રાજ્યને પાણીદાર બનાવવાનો અમે દ્રઢ સંકલ્પ કર્યો, સરદાર સરોવર યોજનામાં ઘણી બધી રૂકાવટો ૪૦ વર્ષમાં કેન્દ્ર સરકારે કરી. રાજકોટમાં મે 'સૌની યોજના' જાહેર કરી ત્યારે બધા તેને તુક્કો ગણાવતા હતા. પાણીની લાઈનો નાખી, પાણી ઘણી ઉંચાઈ સુધી લઈ જવું એ બધું સંભવ નહોતું લાગતું. ટેન્કર સિવાય પાણી મળી શકે નહિ તેવું જે તે વખતની સરકાર વિચરતિ. આજે 'સૌની યોજના' થકી સર્વત્ર પાણી પહોંચે છે. કચ્છ સરહદે BSFના જવાનો નર્મદાનું પાણી પી શકે છે. ગુજરાત છોડ્યા પછી પણ અમારી ટીમ પુરા જોશથી કામ કરી રહી છે. અને યોજના પૂર્ણ કરી રહી છે. નર્મદાનું પાણી એ પાણી નથી પરંતુ પારસ છે. તેના સ્પર્શથી ધરતીમાં સોનું પાકે છે. ગરીબ ખેડૂતનો પસીનો ઉગી નીકળે છે. અમોને નાની નાની યોજના ફાવતી જ નથી ૫૦૦ થી ૧૦૦૦ કિ.મી. સુધી પાઈપ લાઈનો નાખવી તેમજ હજારો કરોડ રૂપિયાના ખર્ચે લાખોની સંખ્યામાં જન સમુદાયના હિત માટે જ અમે કામગીરી કરી રહ્યા છીએ.

આ કાર્યક્રમમાં માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવેલ છે કે, મહાશિવરાત્રિના તહેવારમાં ભગવાન શંકર પર જળાભિષેક થાય છે ત્યારે આજરોજ શિવરાત્રિના દિવસે સૌરાષ્ટ્રના ડેમોમાં માં નર્મદા મૈયાના પવિત્ર નીરનો જળાભિષેક થઈ રહ્યો છે. જેનાથી ગુજરાતને પાણીદાર બનાવ્યું છે. દુષ્કાળ હવે કાયમને માટે ભુતકાળ બની ગયો છે.

આ પ્રસંગે માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવ્યું હતું કે, આજે મહાશિવરાત્રિના દિવસે ન્યારીમાં નર્મદા નીરનું અવતરણ થયું છે. શહેર માટે સોનાનો સુરજ ઉગ્યો છે. ઈતિહાસ કહે છે કે, ગંગા મૈયાનું અવતરણ થયુ ત્યારે શિવજીએ તેની જટામાં તેને ઝીલી હતી. મુખ્યમંત્રીશ્રીએ રાજકોટની જળ સમસ્યા દુર કરવા રાજકોટ માટે ખાસ રૂ.૫૦૦ કરોડનો પ્રોજેક્ટ અમલમાં મુક્યો છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ' સુત્ર ચરિતાર્થ થયું છે. સમાજના છેવાડાના માનવી સુધી સતત કામ કરતી સરકાર બની છે. રાજકોટ મહાનગરપાલિકાએ સમાજના તમામ વર્ગને આવરી લઈ રાજ્ય સરકારની સહાયથી અનેક વિકાસ કામો કર્યા છે. દેશનો આર્થિક વૃધ્ધિ દર હાલ વિશ્વના અનેક રાષ્ટ્રની સરખામણીમાં ખુબ ઝડપે વધી રહ્યો છે. થોડા દિવસો પહેલાં રાજકીય કૂનેહથી વિશ્વને અચંબામાં નાંખી, આર્મીને છૂટ આપી તાત્કાલિક આક્રમક પગલા ભર્યા છે.

વર્તમાન સમયમાં આપણા વડાપ્રધાન અને મુખ્યમંત્રીએ નર્મદા જળ આપ્યું છે. સર્વાંગી વિકાસ કર્યો છે. પાણીની કટોકટી દુર કરી છે. રાજકોટના વિકાસ માટે ખુબ કામો કર્યા છે. અટલ સરોવર ખાતે ત્રણ તળાવ, રાંદરડા તળાવ નવિનીકરણ યોજનાની રાજકોટને ભેટ આપી છે. રાજકોટ શહેરમાં માધ્યમિક શિક્ષણ માટે ૩–સ્કૂલો, નવા બ્રિજ આપવા બદલ મુખ્યમંત્રીશ્રીનો આભાર માનુ છું.

આ પ્રસંગે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરીએ જણાવ્યું હતું કે, રાજકોટના આંગણે ન્યારી ડેમ ખાતે નર્મદા નીરના વધામણા થયા





છે. માન. મુખ્યમંત્રીએ રાજકોટને મહા ભેટ આપી છે. આ યોજનાનું ખાતમુહૂર્ત હેમુ ગઢવી હોલમાં થયું હતું. રૂા.૧૨,૫૦૦ કરોડના ખર્ચે 'સૌની યોજના'માં ૧૩૫ ડેમ ભરાશે કે કેમ તે બાબતે શંકા હતી. પણ ધીરેધીરે રાજ્યના તમામ શહેર–ગામડાને પાણી મળી રહ્યું છે.

આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન કરતા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડએ જણાવેલ કે, 'સૌની યોજના' અંતર્ગત ન્યારી ડેમ ખાતે નર્મદા નીરના અવતરણને વધાવવા એકત્ર થયા છીએ ત્યારે આપણે 'જળ એ જ જીવન' સુત્રને સાર્થક કરીએ.

આ પ્રસંગે મેયરશ્રી બિનાબેન આચાર્ય, ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મિરાણી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, શ્રી ભીખાભાઈ વસોયા, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, પૂર્વ ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરીયા, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, શહેર પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, એડી. કલેક્ટરશ્રી પરિમલ પંડ્યા, ડે. કમિશનરશ્રી જાડેજા, નંદાણી, પાણી પુરવઠા બોર્ડ તથા સિંચાઇ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી જીતુભાઈ કોઠારી, શ્રી કિશોરભાઈ રાઠોડ, શ્રી દેવાંગભાઈ માંકડ, જુદા જુદા જ્ઞાતિ સમાજના અગ્રણીઓ, શ્રેષ્ઠીઓ, શ્રી વિક્રમભાઈ પુજારા, શહેર ભાજપના તમામ વોર્ડના પ્રમુખ, પ્રભારી, મંત્રી સહિતના આગેવાનો તેમજ બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગુજરાત રાજ્ય સંગિત નાટક અકાદમી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પુલવામા શહીદોને શ્રધ્ધાંજલિ રૂપે દેશભક્તિના ગિતોનું ગાન કરવામાં આવ્યું હતું તથા પરંપરાગત રાસ ગરબાનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે નર્મદા નીરનું વિધિવત પૂજન કરવામાં આવેલ.

**‘'સૌની યોજના' એટલે સૌની સહિયારી યોજના છે. એક તારીખ જેણે બદલાવી નાંખી સૌરાષ્ટ્રની તવારીખ.’**

**- શ્રી વિજયભાઇ રૂપાણી**
**માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત**




**‘રાજકોટ શહેર માટે આજે સોનાનો સુરજ ઉગ્યો છે.’**

**- શ્રી બિનાબેન આચાર્ય**
**માન. મેયરશ્રી, રાજકોટ**



## રાજકોટ મહાનગરપાલિકા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા








ગુજરાત સરકારશ્રીના વાંચે
ગુજરાત અભિયાન અંતર્ગત

# સૌરાષ્ટ્ર બૂકફેર અને લિટરેચર ફેસ્ટિવલનું શાનદાર આયોજન

## માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન

રાજકોટ મહાનગરપાલિકા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે ‘વાંચે ગુજરાત’ અભિયાન અંતર્ગત તા.૦૯ થી ૧૩ ફેબ્રુઆરી–૨૦૧૯ દરમ્યાન રેસકોર્સ મેદાન ખાતે યોજાયેલ ‘સૌરાષ્ટ્ર બુકફેર અને લિટરેચર ફેસ્ટીવલ’ રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર શ્રી બિનાબેન આચાર્ય હતા.

તા.૯–૨–૨૦૧૯ ના રોજ સાંજે ૬.૦૦ કલાકે રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે બૂક ફેરનું ઉદ્‌ઘાટન માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયરશ્રી બિનાબેન આચાર્યના ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમનું મંત્રોચ્ચાર કરી, દીપ પ્રાગટ્ય માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ મુખ્યમંત્રીશ્રી દ્વારા હવામાં ત્રિરંગા બલુન છોડવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, જીલ્લા કલેકટર ડૉ. રાહુલ ગુપ્તા, પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, તેમજ વિશેષ આમંત્રિત તરીકે સૌરાષ્ટ્ર યુનિ.ના વાઈસ ચાન્સેલરશ્રી ડૉ. નીતિનભાઈ પેથાણી, પ્રો. વાઈસ ચાન્સેલરશ્રી ડૉ. વિજય દેશાણી, અગ્ર સચિવશ્રી અંજુ શર્મા, સૌરાષ્ટ્ર યુનિ.ના સિન્ડિકેટ સભ્યો ડૉ. નેહલભાઈ શુક્લ, ડૉ. ભાવિનભાઈ કોઠારી, ડૉ. ગીરીશભાઈ ભીમાણી, ડૉ. વિજયભાઈ પટેલ, ડૉ. ધરમભાઈ કાંબલીયા, ડૉ. હરદેવસિંહ જાડેજા, ડૉ. અનિરૂદ્ધસિંહ પઢિયાર, ડૉ. વિમલભાઈ પરમાર, શ્રીમતી પ્રફુલ્લાબેન રાવલ, ડૉ. પ્રવિણસિંહ ચૌહાણ, ડૉ. ભરતભાઈ વેકરીયા, ડૉ. ભરતભાઈ રામાનુજ, મેનેજમેન્ટ ડીન ડૉ. પ્રતાપસિંહ ચૌહાણ, શિક્ષણ વિદ્યા શાખાના ડીન ડૉ. નિદતભાઈ બારોટ તેમજ ડૉ. મહેશભાઈ ચૌહાણ ખાસ ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે માન.મુખ્યમંત્રીશ્રીનું પુષ્પ હારથી સ્વાગત રાજકોટ મહાનગરપાલિકા વતી મેયરશ્રી બિનાબેન આચાર્ય, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર તથા સૌરાષ્ટ્ર યુનિ.ના સિન્ડીકેટ સભ્યો દ્વારા કરવામાં આવેલ.

રાજકોટ શહેર ભાજપ દ્વારા માન. મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી ભીખાભાઈ વસોયા, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર દ્વારા કરવામાં આવેલ. રાજકોટ મહાનગરપાલિકા વતી ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોનું પુસ્તકથી સ્વાગત શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી અને શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમારએ કરેલ.

આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ કરેલ, તેઓશ્રીએ જણાવેલ કે, સૌપ્રથમ વખત સૌરાષ્ટ્રમાં માન. મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી રાજકોટમાં બુક ફેરનું આયોજન 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત પ્રેરણા સ્ત્રોતરૂપે કરવામાં આવેલ છે. પુસ્તક જ્ઞાનનું સ્ત્રોત છે. અને જ્ઞાન એ પ્રકાશનું સ્ત્રોત છે. પુસ્તક એક સારા મિત્ર છે. બુક ફેરમાં ૧૫૦થી વધારે બુક સ્ટોલ રાખવામાં આવેલ છે. તેમજ ફૂડ કોર્ટ અને અને કિડ્સ માટે પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. કાર્યક્રમની રૂપરેખા પ્રો. વાઇસ ચાન્સેલર ડૉ. વિજયભાઈ દેસાણી દ્વારા આપવામાં આવેલ.

માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી એ કાર્યક્રમને ઉદ્‌બોધન કરતા જણાવેલ કે, રંગીલું રાજકોટ આનંદ પ્રમોદનાનગર તરીકે ઓળખ ધરાવે છે. તેમજ કલા સંસ્કૃતિના સંગમ ધરાવતું શહેર છે. દુનિયામાં રાજકોટ સાહિત્યનગર તરીકે પ્રસ્થાપિત થઇ રહ્યું છે. તેમજ આવા બુક ફેરના આયોજન માટે રાજકોટ મહાનગરપાલિકા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને હું ધન્યવાદ પાઠવું છું.

ગુજરાતમાં કલા અને સંસ્કૃતિ ક્ષેત્રે કલાકારોએ દુનિયામાં ડંકો વગાડેલ છે. મહાત્મા ગાંધીજી, દયાનંદ સરસ્વતી, ગુણવંતરાય આચાર્ય, મનુભાઈ પંચોલી, રમેશભાઈ પારેખ, અમૃત ઘાયલ, મકરંદ દવે, ઈન્દુલાલ ગાંધી જેવા અનેક સાહિત્ય સર્જકોથી ગુજરાતની ધરતી પાવન થયેલ છે. આજે સમય બદલાતા લોકો ગુગલ અને ઈન્ટરનેટનો સહારો લે છે. ઈ–બુકનું ચલણ પણ વધ્યું છે. તેમજ ગુજરાતીઓ માં સરસ્વતીની આરાધના કરનારી પ્રજા બની છે. આ પુસ્તક મેળો ક્રાંતિકારી પગલું છે. જે લોકોના વ્યક્તિત્વનું નિર્માણ કરે છે, સંસ્કારો આપે છે. એક પુસ્તક ૧૦૦ મિત્રોની ગરજ સારે છે.

માન. વડાપ્રધાનશ્રીના 'વાંચે ગુજરાત' અભિયાનથી વાંચનને નવી ઉર્જા તકો આપી. ગુજરાત સરકાર દ્વારા ૩૩ તાલુકામાં લાઈબ્રેરી ઉભી કરવામાં આવી છે. તેમજ ઉત્તમ અને સંસ્કારી નગરી બનાવવાના પ્રયત્નો કર્યા. અંગ્રેજી શિક્ષણે આપણી વિચારશક્તિને સીમિત કરેલ છે. આ સંજોગોમાં ગુજરાત સરકાર દ્વારા ગુજરાતી ભાષાનો વ્યાપ વધે તે માટે સરકાર કટ્ટીબદ્ધ છે તેમ અંતમાં તેમણે જણાવેલ.

આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, આ બૂક ફેર અને લિટરેચર ફેસ્ટીવલ એ માત્ર પુસ્તક પ્રદર્શન નથી પણ મારી દ્રષ્ટિએ જ્ઞાનકુંભ છે. સ્કુલોમાં ગુજરાતી ભાષા શિક્ષણ ફરજીયાત બનાવેલ છે આમ ગુજરાતી ભાષાને પ્રોત્સાહન આપેલ છે. આવા બુક ફેરથી ગુજરાતી ભાષાને વેગ મળશે. તેમજ રાજકોટ મહાનગરપાલિકા પણ લોકોને લાઈટ, ગટર, રસ્તા, પાણી સાથે સાથે આવા બુક ફેરનું આયોજન કરતી રહે તેમજ રાજકોટ શહેર સાહિત્ય નગરી જેમાં પાવન ડૂબકી લગાવવાની આપણને સૌને તક મળી છે. આ માટે હું મારી જાતને ભાગ્યશાળી સમજુ છું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એટલે કે જ્ઞાનપીઠ સાથે મળીને આ આયોજનમાં સહભાગી થવાનું રાજકોટ મહાનગરપાલિકાને સદ્‌ભાગ્ય સાંપડ્યું છે.

શિક્ષણ ક્ષેત્રને વધુ ને વધુ સમૃધ બનાવવાના રાજ્ય સરકારશ્રીના અભિગમના ફળ સ્વરૂપે આજે ગુજરાત રાજ્ય દેશ વિદેશમાં ખ્યાતિ ધરાવે છે. રાજકોટ શહેર પણ તેમાં જરાય પાછળ નથી અને આજે સૌરાષ્ટ્રનું એજ્યુકેશન હબ બની ચૂક્યું છે. રાજકોટ મહાનગરપાલિકા માત્ર શિક્ષણ જ નહિ પરંતુ સહિત્ય અને કલાને પ્રોત્સાહન આપવામાં પણ રચનાત્મક ભૂમિકા નિભાવે છે. હાલમાં, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૩(ત્રણ) લાઈબ્રેરી કાર્યરત છે. આ ઉપરાંત મહિલાઓ અને બાળકો માટે ૨(બે) ફરતા પુસ્તકાલયો તેમજ ૨ એજ્યુકેશન લાઈબ્રેરીનું પણ સંચાલન કરે છે. આગામી ટૂંક સમયમાં જ વોર્ડ નં.૧૪માં જિલ્લા ગાર્ડનમાં તેમજ વોર્ડ નં.૦૯માં બની રહેલ અદ્યતન લાઈબ્રેરીઓનું લોકાર્પણ થશે. જયારે અગામી સમયમાં વોર્ડ નં.૪માં નવી લાઈબ્રેરી બનાવવામાં આવનાર છે. લેખન કાર્ય અને લોકસાહિત્ય આપણા સામાજિક જીવનનું પ્રતિબિંબ રજુ કરે છે. લોકોને ભૂતકાળ અને વર્તમાનથી વાકેફ કરે છે અને નવા પરિવર્તનલક્ષી અને ક્રાંતિકારી વિચારોના બીજ પણ રોપે છે.

વિચારોને જ્યારે શબ્દદેહ મળે છે ત્યારે અવનવી કૃતિઓનું સર્જન થાય છે. આજે આપણે આવા જ વિચારોના વૃંદાવનમાં એકત્ર થયા છીએ ત્યારે મને એવી આશા છે અને એવી અપેક્ષા પણ રાખું છું કે, આ મહાજ્ઞાન કુંભ નવી પેઢીને માત્ર નવું નવું વાંચન કરવા માટે જ નહિ પરંતુ કાંઈક નવું સર્જન કરવી પ્રેરણા પણ આપશે. કલાત્મક અને રચનાત્મક વિચારો આપ સૌને સ્ફૂરે તથા આપણા સૌરાષ્ટ્રનું સાહિત્ય જગત આપ સૌ થકી વધુ ને વધુ સમૃદ્ધ બને તેવી અપેક્ષા સહ શુભકામના પાઠવેલ. ત્યારબાદ સ્વચ્છતા રાસોત્સવ અંતર્ગત માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા પ્રાચીન ગરબી અંબિકા રાસોત્સવ, બજરંગ સેવા સમિતિ વિગેરે તથા અર્વાચીન ગરબી ખોડલધામ, વેસ્ટ ઝોન, ઈસ્ટ ઝોન, સહિયર રાસોત્સવને ઇનામ વિતરણ કરવામાં આવેલ. તેમજ સ્વચ્છતા શિલ્ડ ઉત્સવ અંતર્ગત કેવલમ્ સોસાયટી તથા એજ્યુકેશન ઈન્સ્ટીટયુટમાં ન્યુ એરા સ્કૂલ તથા ક્લીન માર્કેટ પ્લેસ તરીકે સાંગણવા ચોકને મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે ઇનામ વિતરણ કરવામાં આવેલ. થીમ સોંગ સ્વચ્છતા માટે ગેલેક્સી એજ્યુકેશન સિસ્ટમ ને માન. મુખ્યમંત્રીના વરદ્ હસ્તે આભારપત્ર આપવામાં આવેલ. તેમજ માન. મુખ્યમંત્રી શ્રીના વરદ્ હસ્તે રાજકોટ મહાનગરપાલિકાની શાળાના બાળકોને ૧૫૧ પુસ્તકો આપવામાં આવેલ. જે શાળાના વિદ્યાર્થીઓને આપવામાં આવેલ તેમજ આ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સોવેનિયર મેઘધનુષ્યનું વિમોચન પણ કરવામાં આવેલ તથા મહાત્મા ગાંધી મ્યુઝીયમની વેબસાઈટનું લોન્ચિંગ તથા દતોપંતજી ઠેંગડી લાઈબ્રેરી, શ્રોફ રોડ ખાતે બ્રેઈલ કોર્નરનો શુભારંભ માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કરવામાં આવેલ. આભારવિધિ ડૉ. ભાવિન કોઠારીએ કરેલ.



## રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ, રાજકોટ શહેર પોલીસ અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય હોસ્પિટલ(સિવિલ) વિગેરે વિભાગના




# રૂા.૫૦૪ કરોડના જુદા-જુદા વિકાસ કામોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત

## રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે

રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ, રાજકોટ શહેર પોલીસ અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય હોસ્પિટલ(સિવિલ) વિગેરે વિભાગોના રૂા.૫૦૪ કરોડ ખર્ચના જુદા-જુદા વિકાસ કામોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવ્યા. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયરશ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે પ્રેરણાદાયી ઉપસ્થિતિ તરીકે ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, કામધેનુ બોર્ડ ચેરમેન ડૉ. વલ્લભભાઈ કથીરીયા, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચો પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, શ્રી ભીખાભાઈ વસોયા, ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમના વા. ચેરમેનશ્રી રાજુભાઈ ધ્રુવ, અનુસૂચિત જાતિ મોરચો રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, પૂર્વ મેયર ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાય, ડેપ્યુટી મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, પૂર્વ સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, રાજકોટ જિલ્લા કલેકટર ડૉ. રાહુલ ગુપ્તા, પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, શ્રી જીતુભાઈ કોઠારી, શ્રી કિશોરભાઈ રાઠોડ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. નવીન શેઠ, ડાયરેક્ટરશ્રી મકરંદ કરકર, પી.ડી.યુ. મેડિકલ કોલેજ ડીન ડૉ. ગૌરવીબેન ધ્રુવ, તબીબી અધિક્ષક પી.ડી.યુ. હોસ્પિટલ ડૉ. મનીષભાઈ મહેતા, બાગ બગીચા અને ઝૂ કમિટી ચેરમેનશ્રી વિજયાબેન વાછાણી, ડ્રેનેજ કમિટી ચેરમેનશ્રી જ્યોત્સનાબેન ટીલાળા, બાંધકામ કમિટી ચેરમેનશ્રી મનીષભાઈ રાડીયા, વોટર વર્કસ કમિટી ચેરમેનશ્રી દેવરાજભાઈ મકવાણા, સેનિટેશન કમિટી ચેરમેનશ્રી અશ્વિનભાઈ ભોરણીયા, પૂર્વ કોર્પોરેટરશ્રી ધર્મેન્દ્રભાઈ મીરાણી તેમજ કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા મંચસ્થ મહાનુભાવોના વરદ્ હસ્તે આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે રાજકોટ મહાનગરપાલિકા કચેરીના જુદા જુદા કામો જેવા કે, રૂા.૩૫.૨૨ કરોડના ખર્ચે ૧૫૦ ફૂટ રીંગ રોડ રૈયા જંક્શન પર ઓવરબ્રિજનું લોકાર્પણ, રૂા.૪૧.૫૦ કરોડના ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વોર્ડ નં.૦૩ પોપટપરા અને વોર્ડ નં.૦૪ ડી-માર્ટ પાછળના ૬૧૬ આવાસોનું લોકાર્પણ, રૂા.૧૫૧ કરોડના ખર્ચે માસ્ટર સિસ્ટમ ઈન્ટીગ્રેશનનો શુભારંભ, રૂા.૫.૮૧ કરોડના ખર્ચે સ્માર્ટ સિટી નોન-મોટરાઈઝ્ડ ટ્રાન્સપોર્ટનો શુભારંભ, રૂા.૬ કરોડના ખર્ચે સ્માર્ટ સિટી લેઈક-૨ અને ૩નું ખાતમુહૂર્ત, રૂા.૨.૮૫ કરોડના ખર્ચે સિવિલ હોસ્પિટલ ચોક ખાતે નવનિર્મિત રેનબસેરાનું લોકાર્પણ, રૂા.૨૯.૫૦ કરોડના ખર્ચે અમૃત યોજના હેઠળના ડ્રેનેજ, ડી.આઈ. પાઈપલાઈન,



ગાર્ડન ડેવલપમેન્ટ કામોનું ખાતમુહૂર્ત, રૂા.૧૫.૨૦ કરોડના ખર્ચે આજી રિવર રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત સીવરેજ લાઈનનું તથા ઈસ્ટ ઝોન લાઈબ્રેરીનું ખાતમુહૂર્ત, રૂા.૧.૭૧ કરોડના ખર્ચે રૈયા ધાર મોડર્ન ટ્રાન્સફર સ્ટેશનનું એક્સટેન્શનનું ખાતમુહૂર્ત, રૂા.૨.૮૨ કરોડના ખર્ચે ૧૪ ક્યુબિક મીટર કેપેસીટીના ૧૦ નંગ ડમ્પરનું લોકાર્પણ, તેમજ પ્રતીકાત્મક રીતે ICDSના નાના બાળકોને લાભાર્થીઓને રમકડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ કચેરીના જુદા જુદા કામો જેવા કે, રૂા.૫.૨૯ કરોડના ખર્ચે કાલાવડ રોડ ૬ લેન વાઈડનીંગ એન્ડ સ્ટ્રેન્ધનિંગ કામનું લોકાર્પણ, રૂા.૨.૧૮ કરોડના ખર્ચે ખરેડી મગરવાડા અને ખરેડી–ગુંદા ગામોને જોડતા રસ્તાઓના ડામર કામનું લોકાર્પણ, રૂા.૨.૦૭ કરોડના ખર્ચે રૂડા વિસ્તારના વેસ્ટ ઝોનના વિવિધ રોડ પર ડામર અને નવિનીકરણના કામનું લોકાર્પણ, રૂા.૨૫.૯૧ કરોડના ખર્ચે રીંગ રોડ–૨ ફેઝ–૩(ગોંડલ હાઈવે પારડી ગામથી કાળીપાટ ગામ ૯.૨૫ મીટર પહોળાઈમાં ૧૦.૬ કિ.મી.ના રસ્તાનું ખાતમુહૂર્ત), રૂા.૪.૬૧ કરોડના ખર્ચે આણંદપર ગામે જુદા–જુદા ૩.૭ કિ.મી. લંબાઈના રસ્તાઓ ડેવલપમેન્ટ કરવાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે રાજકોટ શહેર પોલીસ કચેરીના જુદા જુદા કામો જેવા કે, રૂા.૭૫ કરોડના ખર્ચે પોલીસ આવાસનું ભૂમિપૂજન, રૂા.૫ કરોડના ખર્ચે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનું ભૂમિપૂજન, કરવામાં આવ્યું. આ બન્ને પ્રોજેક્ટસના સ્થળનું લાઈવ નિદર્શન એલ.ઈ.ડી. સ્ક્રીન પર કરવામાં આવ્યું તેમજ ટ્રાફિક બ્રિગેડને ફ્લેગ ઑફ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે પંડિત દીનદયાળ ઉપાધ્યાય હોસ્પિટલ (સિવિલ) કચેરી માટે રૂા.૯૨.૫૧ કરોડના ખર્ચે સિવિલ હોસ્પિટલ ખાતે MCH સેન્ટરનું રિમોટ કંટ્રોલ વડે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.









આ પ્રસંગે ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ઉદ્‌બોધન કરતા જણાવેલ કે, રાજકોટમાં વિકાસની આંધી આવેલ છે. આવાસોના લાભાર્થીઓ ખૂબ આગળ વધે અને પરિવાર સાથે શાંતિમય અને સુખરૂપ જીવન વિતાવે તેવી શુભેચ્છા આપતા માન. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો સંકલ્પ છે કે, સૌને પોતાની માલિકીનું ઘર હોય. જે અનુસાર વર્ષ ૨૦૨૨ સુધીમાં દેશનો કોઈપણ પરિવાર છત વગરનો ન રહે તે દિશામાં સરકાર આગળ વધી રહી છે. રાજ્ય સરકારના સહયોગ દ્વારા રાજયભરમાં મહાનગરપાલિકા, હાઉસીંગ બોર્ડ, શહેરી વિકાસ સત્તા મંડળ વિગેરે વિભાગો દ્વારા આવાસો નિર્માણ કરવામાં આવી રહ્યા છે. સામાન્ય માણસની સુખાકારીનું સરનામું એ તેનું આવાસ છે. સરકાર આમ જનતાના ઓટલા અને રોટલાની ચિંતા કરતી સરકાર છે. ગુજરાતના શહેરોને અદ્યતન બનાવવાનું કામ રાજ્ય સરકાર કરી રહી છે. ગુજરાત રાજ્યમાં ગુનાખોરીનું પ્રમાણ ઘટે તેમજ આપણું રાજ્ય એક નમૂનેદાર રાજ્ય તરીકે દેશભરમાં ઉભરી આવે તે માટે પોલીસદળનો ઉત્સાહ વધારવો જરૂરી છે. જે માટે રાજ્યના ચાર મુખ્ય શહેરો અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતમાં ઈન્ટરનેટ, વેબસાઈટ તેમજ અદ્યતન ટેકનોલોજીના સાધનોથી સુસજ્જ સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

આગામી ૧૦ વર્ષમાં દુનિયાના વિકસતા ૧૦ શહેરોમાં સુરત અને રાજકોટનો સમાવેશ થાય એ દિશામાં રાજ્ય સરકાર આગળ વધી રહેલ છે. રાજકોટ શહેર દરેક સુવિધા યુક્ત બને તે માટે રાજય સરકાર દ્વારા રાજકોટ શહેરને નવું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, બસપોર્ટ, જી.આઈ.ડી.સી. કન્ટેનર ડીપો, અદ્યતન ઝનાના હોસ્પિટલ, નવી ટી.પી. સ્કીમોને મંજૂરી, રાજકોટ અમદાવાદ હાઈવે સિક્સલેન, રાજકોટ મોરબી હાઈવે ફોરલેન, એઈમ્સ, આજી–૦૧ ડેમનું નર્મદાના નીર સાથે જોડાણ અને અગામી દિવસોમાં ન્યારી ડેમને માં નર્મદા સાથે જોડવા સહિતની યોજનાઓ ભેટ આપવામાં આવેલ છે.

આ પ્રસંગે માન. મુખ્યમંત્રીશ્રીએ રૈયા જંકશન ઓવરબ્રિજને 'શહીદ ઓવરબ્રિજ', આવાસ યોજનાને 'લોકમાન્ય ટીળક', 'ભગિની નિવેદિતા' નામકરણ જાહેર કરેલ. જેને ઉપસ્થિત સૌએ તાલીઓના ગડગડાટ થી વધાવી લીધેલ.

આ પ્રસંગે માન. મુખ્યમંત્રીશ્રીએ વોર્ડ નં.૦૪ના શિવધારા વિસ્તારના આવાસોના લાભાર્થી બહેનો સાથે આવાસ યોજના અંગે વાર્તાલાપ કરેલ. અને તમામ લાભાર્થીઓ તથા તેમના પરિવારજનોને શુભેચ્છા પાઠવેલ.

આ પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી ઉદ્‌બોધન કરતા માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલ સ્માર્ટ સિટીની યાદીમાં રાજકોટ શહેર પસંદગી પામ્યું છે. રાજકોટ શહેરને કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર તરફથી હંમેશા સહાય મળતી રહી છે. જેના પરિણામ સ્વરૂપ આ શહેરમાં ૦૮ ઓવરબ્રિજ/અન્ડરબ્રિજના નિર્માણ માટે બજેટ જોગવાઈ, ગરીબ તથા મધ્યમ વર્ગ માટેના આવાસો, પીવાનું પાણી પૂરતું મળી રહે તે માટે 'સૌની યોજના' હેઠળ નર્મદા નીરનું અવતરણ, શહેરમાં ૩ નવી માધ્યમિક સ્કૂલોનું નિર્માણ સહિતના વિકાસ કામો કાર્યરત થનાર છે. દરેક માનવીને સમાન તક મળી રહે તે દિશામાં રાજકોટ શહેર પ્રગતિ કરી રહ્યું છે. શહેરમાં અત્યાર સુધીમાં ૨૨,૦૦૦થી વધુ આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે. હજુ નવા આવાસો નિર્માણની કામગીરી ચાલુ છે. રૈયાધાર ખાતે નિર્માણ પામેલા આવાસોના લાભાર્થીઓને ફક્ત રૂ.૯૨,૦૦૦માં આવાસોની સુવિધા આપવામાં આવેલ. આ લાભાર્થીઓ વિમુક્ત અને વિચરતી જાતિના હોઈ, તેને સહાયરૂપ થવા માટે રાજ્ય સરકાર દ્વારા આ ૧૫૧ લાભાર્થીઓને ભરવાની થતી રકમ રૂ.૧.૩૮ કરોડ ગ્રાન્ટ તરીકે ફાળવેલ છે જેથી આ તમામ લાભાર્થીઓને નિઃશુલ્ક મકાનની સુવિધા મળેલ છે. તે માટે તેઓશ્રીએ રાજકોટ શહેર વતી માન. મુખ્યમંત્રીશ્રીનો આભાર માનેલ.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે લોકાર્પણ/ખાતમુહૂર્ત થનાર, રાજકોટ મહાનગરપાલિકાના જુદા જુદા પ્રોજેક્ટ્સની ટૂંકી વિગતો મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ રજુ કરી હતી.

આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, શહેર સંગઠનના હોદ્દેદારો તેમજ અધિકારીઓ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું ફૂલહાર તથા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. તેમજ ડેપ્યુટી મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. તથા જુદી–જુદી કમિટીના ચેરમેનશ્રી મનીષભાઈ રાડીયા, શ્રી દેવરાજભાઈ મકવાણા, શ્રી વિજયાબેન વાછાણી, શ્રી જ્યોત્સનાબેન ટીલાળા, શ્રી અશ્વિનભાઈ ભોરણીયા વિગેરેએ પુસ્તક અર્પણ કરી, સ્વાગત કરેલ. કાર્યક્રમના અંતે બાંધકામ સમિતિના ચેરમેન શ્રી મનીષભાઈ રાડીયાએ આભારવિધિ કરેલ.





# રાજકોટ આઇ-વે પ્રોજેકટને ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ઇન્ફોર્મેશન અને ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા



# ડિજીટલ ઇન્ડિયા ૨૦૧૮ એવોર્ડ, ઇમર્જીંગ ટેકનોલોજી કેટેગરીમાં પ્લેટિનમ (પ્રથમ સ્થાન) એવોર્ડ

રાજકોટ મહાનગરપાલિકાના સ્માર્ટ સિટી અંતર્ગત કરવામાં આવેલ રાજકોટ આઇ વે પ્રોજેકટને ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ઇન્ફોર્મેશન અને ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા અપાતો  નો ખૂબ જ પ્રતિષ્ઠિત એવો ડીઝીટલ ઈન્ડિયા ૨૦૧૮ એવોર્ડ, ઇમર્જીંગ ટેકનોલોજી કેટેગરીમાં પ્લેટિનમ (પ્રથમ સ્થાન) એવોર્ડ મળેલ છે. આ કેટેગરીમાં ગોલ્ડ એવોર્ડ ક્રોપ એરીયા એસ્ટીમેશન અને લોસ એસેસમેન્ટ ફોર સ્ટેટ ઓફ ગુજરાતને મળેલ છે.

આ એવોર્ડ માટે જુદી જુદી છ કેટેગરી––માંથી આખા દેશમાંથી ૬૦૦થી વધારે જેટલાં નોમિનેશન આવેલ તેમાંથી રાજકોટ મહાનગરપાલિકાના રાજકોટ આઇ–વે પ્રોજેકટને ઇમર્જીંગ ટેકનોલોજી કેટેગરીમાં પ્રથમ સ્થાન મળેલ છે.

આ પ્રોજેકટ અંતર્ગત મહાનગરપાલિકા ના અદ્યતન ઇન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર(ICCC), સિટી સર્વેલન્સ સિસ્ટમ, વિડીયો એનાલિટીક્સ બેઇઝ્ડ એન્ટી હોકિંગ એન્ડ એન્ક્રોચમેન્ટ સિસ્ટમ, ટ્રાફિક મેનેજમેન્ટ માટે ANPR/RLVD સિસ્ટમ તેમજ શહેરમાં જુદી જુદી જ્ગ્યાએ લગાવવામાં આવેલ આઇ.ઓ.ટી. (એન્વાયરમેન્ટ સેંસર) વગેરે સુવિધાઓ માટે રાજકોટ આઇ–વે પ્રોજેકટને ઉપરોક્ત એવોર્ડ આપવામાં આવેલ છે.

ઉપરોક્ત એવોર્ડ રાજકોટ મહાનગર––પાલિકાને ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ઇંફોર્મેશન અને ટેકનોલોજીના મંત્રીશ્રી રવિશંકર પ્રસાદના વરદ્ હસ્તે તા. ૨૨–૨–૨૦૧૯ના રોજ દિલ્હી ખાતે મેયર વતી ડે. મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા તેમજ આઇ.ટી. ડાયરેકટર શ્રી સંજયભાઇ ગોહિલ દ્વારા સ્વીકારવામાં આવેલ.



# 'સ્વચ્છ ભારત મિશન' અભિયાન હેઠળ સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૯માં દેશના ૪૦૪૧ શહેરોમાંથી રાજકોટ શહેરે દેશમાં ૯મું સ્થાન પ્રાપ્ત કર્યું

ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશમાં સ્વચ્છતા અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. જેના અનુસંધાને તમામ શહેરો અને નગરો સ્વચ્છ બને તે કામગીરીમાં ગતિ આવેલ. તાજેતરમાં ભારત દેશ દ્વારા દેશના તમામ શહેરો નગરોમાં 'સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૯' અંતર્ગત હરિફાઇ યોજવામાં આવેલ.

આ હરિફાઇમાં કુલ ૫૦૦૦ માર્કસ સાથે જુદા જુદા વિષયો જેવા કે, ગાર્બેજનો નિકાલ, શૌચક્રિયા મુક્ત શહેર, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન, સિટી ફીડબેક વિગેરે જુદા જુદા વિષય પર જુદા જુદા માર્કસ આપવામાં આવેલ.

જેમાં રાજકોટ શહેરે કુલ ૫૦૦૦ માર્કસમાંથી ૪૦૦૦ માર્કસ સાથે સમગ્ર દેશમાં ૯મું સ્થાન અને ગુજરાત રાજયમાં બીજું સ્થાન પ્રાપ્ત કરેલ છે.

ભારત સરકાર દ્વારા તા.૬-૩-૨૦૧૯ના રોજ વિજ્ઞાન ભવન, દિલ્હી ખાતે સ્વચ્છતા સર્વેક્ષણનું પરિણામ અને એવોર્ડ સમારોહ યોજવામાં આવેલ. આ સમારોહમાં માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાની, સેનિટેશન કમિટી ચેરમેનશ્રી અશ્વિનભાઇ ભોરણીયા તેમજ ડે. કમિશનરશ્રી ચેતન ગણાત્રા ભાગ લેવા દિલ્હી ખાતે આ સમારોહમાં ઉપસ્થિત રહેલ.

આ સમારોહ અંતર્ગત માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, દેશના ૪૦૪૧ શહેરો અને નગરોને સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૯માં ભાગ લીધેલ. જેમાં દેશના ટોપ ૧૦ શહેરોની યાદીમાં રાજકોટ શહેરએ ૯મું સ્થાન પ્રાપ્ત કરેલ છે જયારે અમદાવાદ છઠ્ઠા ક્રમે છે. વિશેષમાં, ગુજરાત રાજયમાં રાજકોટે બીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. જે રાજકોટના શહેરીજનો માટે ગૌરવની બાબત છે.

અહિં એ બાબત પણ ઉલ્લેખનીય બની રહેશે કે, સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૯ અંતર્ગત દેશમાં ટોપ-૧૦ શહેરોમાં પસંદગી પામેલ રાજકોટ અને અમદાવાદને થ્રી સ્ટાર અને ઓ.ડી.એફ.++ (પ્લસ પ્લસ) સ્ટેટસ પણ એનાયત કરવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંબંધિત જનસમુદાય માટે તેમના રહેઠાણની સાવ નજીકમાં જ જાહેર શૌચાલયોની પર્યાપ્ત સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવી છે જેની કેન્દ્ર સરકારશ્રીએ નોંધ લીધી છે.

'સ્વચ્છતા સર્વેક્ષણ' અંતર્ગત તંત્રની સાથે સાથે શહેરીજનોનો પણ ખૂબ જ સહકાર મળેલ છે.

ભવિષ્યમાં રાજકોટ પ્રથમ ક્રમે આવે તેવી આશા પદાધિકારીઓએ વ્યક્ત કરેલ.

**ભારત સરકાર દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૯ અંતર્ગત નવી દિલ્હી ખાતે યોજાયેલ એવોર્ડ સમારોહમાં મેયરશ્રી બિનાબેન આચાર્ય, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, સેનિટેશન કમિટી ચેરમેનશ્રી અશ્વિનભાઇ ભોરણીયા તેમજ ડે. કમિશનરશ્રી ચેતન ગણાત્રાએ એવોર્ડ સ્વીકાર્યો.**

માત્ર આંતરિક વિતરણ માટે